અમેરેતાત.

લખનાર

બી. એમ. બાહાદુરજી. બી. એ.

નામદાર સર જમશેદજી જીજીભાઇ જંદ પેહેલવી

મદ્રેસાના વિદ્યાર્થી.



હાઉદી મોઇ અફરા અમેરેતાતાઉ

મુંબઈ.

૧૨૬૭ યજદેજરદી. ૧૮૯૮ ઇસવી.

ધી "કૈસર" પ્રીંટીંગ પ્રેસ.

અમશાસ્પંદો કે જેઓ સઘલા અમર્ગ છે અને તેઓમાં અમરગી ઉપર પ્રમુખ જે અમરદાદ પોતે છે કે જેની રાહનુમાઇથી મજદયસ્ની દીનને લગતું જ્ઞાન, મીનોઈ જહાનને લગતો હેવાલ, તથા અમેરેતાતને લગતી બુધ્ધિથી મેરેતાત સમજવાને શકતિવાન થયો છું તેને પુર માન તથા તાબેદારી સહીત પોતીકા એક શિષ્ય તરફથી આ હાદમંદ જહાનને લગતી એક નજીવી જેવી મેહેનત અર્પણ કરવામાં આવી છે.


અમેરેતાત.

લખનાર

બી. એમ. બાહાદુરજી

નામદાર સર જમશેદજી જીજીભાઇ જંદ પેહેલવી

મદ્રેસાના વિદ્યાર્થી.



દાઈદી મોઇ અહૂરા અમેરૈતાતાઉ

મુંબઈ.

૧૨૬૭ યજદેજરદી. ૧૮૯૮ ઇસવી

ધી "કમર" પ્રીંટીંગ પ્રેસ.

અમેરેતાતના મથાલાં હેઠલ એક ઈનામનો રસાલો નામદાર સર જમશેદજી જીજીભાઈની જંદ પેહેલવી મદ્રેસાના સઘલા વિધ્યાર્થીઓની હરીફાઈને માટે તારીખ ૨૪ મી માર્ચ ૧૮૯૭ ને દીવસે ખુલ્લો મુકવામાં આવ્યો હતો

ઉપલી મદ્રેસાની કારોબાર મંડલીએ નેમેલા પરીક્ષકોથી આ રસાલો તારીખ ૧૧ મી જાનેવારી ૧૮૯૮ ને દીવસે ફતેમંદ થેડવવામાં આવ્યાથી મ્હાધર્મી સર જમશેદજી જીજીભાઇ "ત્રાંન્સલેશનફંડ" ની કમિટીના કાબેલ સભાસદોની ઈચ્છા અને પરવાનગીથી એને છપાવી પ્રગટ કીધો છે અને એ કામમાં એ દીનપરવર સાહેબોએ ઉપલાં ફંડમાંથી જે બોહલો આસરો આપ્યો છે તેથી તેઓનો હું મોટો આભાર માનું છું.

દીબાચો.

આ રસાલો વાંચનારને સેહેજ રોશન કરવા માટે જણાવા માગું છું કે અમેરેતાતની બાબદ ઉપરથી નીકલતા અર્થો પ્રમાણે આ લખાણને આત્માસ્વરૂપે, (spiritually) વિધ્યા નિરૂપણે, (scientifically) અને નીતિજ્ઞાન પ્રમાણે (morally) ત્રણ ભાગોમાં વેંહેચી નાખવામાં આવ્યું છે. એ માહેથી ભાગ ત્રીજો ઘણો અગત્યનો છે, અને વાંચનારે એ ઉપર લક્ષ રાખવું કારણ કે બીજા ભાગો કરતાં તે વધારે અમલ કરવાને લગતો (practical) છે.

કલપિત અને નકામાં પુસ્તકો વાંચવાના કરતાં આપણા પેગમબર જેવા મ્હાજ્ઞાનીઓનાં લખાણો કે જેમાં ઇશ્વરી ફીલસુફી સમાએલી છે તે વાંચવાથી આ સંસારમાં અચલ બુદ્ધિ અને મનનું આનંદ મલી શકે છે.

દેખઇતું છે જે પ્રાણીઓમાં માણસનો જન્મ મલવો ઘણું ભાગ્યશાળી છે; તેમાંથી પણ પુરૂષપણું વધારે નશીબવંતું છે; અને તેમાંથી ઇશ્વરના માર્ગપર તત્પર રેહેવું એ સર્વોત્તમ ભાગ્ય છે. એટલા માટે વિદ્વાન ફીલસુફોએ કહયું છે કે આવતી દુન્યામા એક પુરૂષ ઉપર સૌથી મોટી એલાહી બક્ષેશ જે છે તે તેના ગુનાહની માંફી છે અને આ દુન્યામાં જે સૌથી ઉત્તમ ભેટ તેને આપવામા આવે છે તે ઇશ્વર સંબંધી ફીલસુફી છે. અને એ વીશેનું જ્ઞાન બીજી સઘલા વિધ્યાઓ કરતાં સર્વોત્કૃષ્ટ છે; કારણ કે તે જ્ઞાન પેદાકરનારની કૃપાથીજ મલી શકે છે, જ્યારે બીજી પ્રકારના એલમો જે મનની કોશેશથી હાંસેલ કરવામાં આવે છે તે અધુરાં અને ભુલભર્યાં નીવડે છે.

હવે ઉપલી બક્ષેશ ઇશ્વર તરફથી મેલવવાને માટે જે મુખ્ય સાંધણો જે છે તે ફકટ યથાર્થ રીતે મન ઉપર કાબુ મેલવા

તેને નીગ્ર કરવાથી અને એમાં સમાએલી બુરી વાસનાઓનો ક્ષય કરવાથી છે. કારણ કે જ્યાંસુધી મનમાં શુધ્ધ ઈચ્છા ઉતપણ થતી નથી, ત્યાંસુધી શુધ્ધ કાંમો થતાં નથી, ત્યાંસુધી દુષ્ટ કર્મો કપાતાં નથી, ત્યાંસુધી અશોઈ પ્રાપ્ત થતી નથી, ત્યાંસુધી દીન અભ્યાસ દ્રઢ રીતે થતો નથી, ત્યાં સુધી દીન યજદનુ પ્રેરન થવું બનતું નથી, ત્યાંસુધી ઇશ્વર સંબંધી જ્ઞાનની બક્ષેશ થતી નથી. એટલા માટે મનની દ્રઢ શુધ્ધતા વગર અમેરેતાત અને હોરમજદી જ્ઞાન મેલવવાની સઘલી કોશેશ વ્યર્થ છે. જે પ્રમાણે દવાનુ નામ વારણવાર જબાનપર લીધાથી, અથવા બીજા કોઇને દવા પાઈને, એક બીમાર આદમી પોતાનો રોગ તાલી શકતો નથી, તે પ્રમાણે ભલે કોઈ મજદયસ્ન દીનના લખાણ ઉપર ચર્ચા કરે, હજારો 'યથા' અને 'અશેમ' ભણે, ઈજદોની આરાધણા કરે, તત્વોની ભક્તિ કરે, હરરોજ પોતાના પૈસાથી યજશ્ને અને વંદીદાદ બેસાડે, તોપણ જ્યાંસુધી પોતાની જાતી કોશેશ કરીને મનને કાબુમા રાખી શકતો નથી ત્યાંસુધી મનનો રોગ પણ દફે થતો નથી.

વલી આ પુસ્તકમાં જણાવેલી બાબદો ફ્કટ શીખામણરૂપે નથી લખી પણ એમાં જે કંઈ દરસાવ્યું છે તે **અનુભવ** ઉપરથી જાહેર કીધેલું છે.

માટે જ્યાંસુધી વાંચનાર એ વિધ્યાના લક્ષણ પોતામાં દાખલ કરી શકતો નથી ત્યાંસુધી તેનો અનુભવ પણ તેને થતો નથી. એ સબબથી ચોક્કસ ગુપ્ત બાબદો જાહેર નથી કીધા; અને જે કંઈ જણાવ્યું છે તે માંહેથી કોઇ વાત દરૂસ્ત ન લગતાં વાંચનારની અકલ કબુલ નહી રાખે તો તેમાં ખાંમી કંઈએ નથી; કારણકે લખનારની મતલબ અને વાંચનારની સમજ જ્યાંસુધી એકમત થાએ નહી ત્યાંસુધી લખાણનો અર્થ તથા તેનો ફાયદો વાંચનારને હાંસલ થતો નથી.

મુંબઈ, તા૦ ૧-૯-૫૮ **બા. મે. બા.**

સાં ક ળિ યુ

ભાગ ૧ લો

ભાગ ૨ જો

ભાગ ૩ જો

અમેરેતાત.

ભાગ ૧ લો.

પ્રકરણ ૧ લું.

અમેરેતાત શબ્દ ઉપરથી નીકલતા અર્થો.

અમેરેતાત શબ્દ અવસ્તા ભાષાનો છે—એ શબ્દ ઉપરથી નીકલતા બે પ્રકારના અર્થો—અમેરેતાતના પાઝંદ, પેહેલવી, સંસ્કૃત, તથા ગાથા લાગતો—અમરદાદ અમશાસ્પંદ—એ અમશાસ્પંદની ખાસ પેદાએશ—એનો મુખ્ય ગુણ—આ રસાલાના ભાગો.

"અમેરેતાત" એ શબ્દ અવસ્તા ભાષાને લગતો છે કે જે શબ્દને છુટો પાડીએ તો "અ" નો અર્થ "નહીં" કરીને થાએ છે; "મેરે" નો અર્થ "મરી જવું" તરીકે થાએછે, તથા "તાત" એ ભાવ વાચક નામનો (abstract noun) ઉપસર્ગ (suffix) છે. એટલા માટે એ શબ્દનો આખો અર્થ અમરગી અથવા અમરપણું થાએછે. હવે અમરપણું એ કોઇ પણ ખાકી ચીજની ખાસ્યત નથી, પણ આપણા ખાકી શરીરમાં જે આત્મા છે તે અમર્ગ છે. એટલા માતે અમેરેતાતનો અર્થ આત્માની અમરગી (immortality of the soul) તરીકે થઇ શકે. વલી એજ શબ્દનો દેહાત્મ અર્થ (materialistic meaning) પણ આ પ્રમાણે ઉઠાવી શકાએ કે "નહી મરનારી હાલત" એટલે કે લાંબો વખત જીવનારી હાલત, અથવા લાંબી જીંદગી. હવે એ અર્થો વાજબી છે એ વીશેની સાબેતી આપણે આગલ જોઈશું.

વળી અમેરેતાત, જે શબ્દ અવસ્તા ભાષાનો છે, તેને લગતો પાઝંદ શબ્દ "અમરદાદ" છે કે જે આપણા મહીનાના ૭) મા રોજનું તથા ૫) મા મહીનાનું નામ છે. વળી અમરદાદ અમશાસ્પંદને માતે પેહેલવી લોગત "અમેરોદાદ" છે; તથા નર્યોસંઘ ધેવલ એ શબ્દને માતે સંસ્કીત ભાષામાં "અવીરદાદા" તરીક વાપડે છે. વળી એજ શબ્દ ઇરાની ભાષામાં "અમરદાદ" તરીકે લખાએ છે, અને ગાથાવાણીમાં થોડીએક ઠેકાણે "અમેરેતાતાત" તરીક લખો જણાવેલો છે.

વળી એટલું પણ જાણવું જોઇએ, કે જે પ્રમાણે આપણા રોજોના તથા મહીનાના નામો, હોરમજદના તથા અમશાસ્પંદોના તથા ઇજદોના નામો છે, કે જે દરેક અમશાસ્પંદ તથા ઇજદ હોરમજદની પેદા કીધેલી ચોકસ ચીજો ઉપર મુવકેલ છે, જેમ કે બહમન તે ગાસ્પંદ ઉપર, અરદીબેહેશ્ત તે આતશ ઉપર, શેહેરેવર તે ધાતુ ઉપર, અસફનદારમદ તે જમીન ઉપર, ખોરદાદ તે પાણી ઉપર, તેજ પ્રમાણે અમરદાદ ઓરવર (ઝાડપાણ) ઉપર મુવકેલ છે.

વળી જે પ્રમાણે દરેક અમશાસ્પંદ ચોકસ ચીજ ઉપર મુખ્ય અધિકારી છે, તેજ પ્રમાણે તેઓ દરેક એક મુખ્ય ગુણ (presiding quality) પણ ધરાવેછે. જેમ કે બહમન તે આદમીને માતે ભલું મન આપેછે, અરદીબેહેશ્ત તે ઉત્તમ અશોઇ આપેછે, શેહેરેવર તે આપઅખ્તયાર પાદશાહી, અસફનદારમદ તે વૃધ્ધિ કરનારી તાબેદારી, ખોરદાદ તે પુરતાપણું, તેજ પ્રમાણે અમરદાદ આત્માની અમરગી તથા શરીરની લાંબી જીંદગી બક્ષનાર છે.

એ ઉપરથી "અમેરેતાત" શબ્દના અર્થો નીચે પ્રમાણે થઈ શકે :—

(૧) આત્માની અમરગી તથા શરીરની લાંબી જીંદગી.

(૨) અમરગી તથા લાંબો જીંદગી બક્ષનાર અમશાસ્પંદ.

(૩) ઓરવર તથા તેમાંથી ઉતપણ થતી ખોરાકી ઉપર પ્રમુખ અમશાસ્પંદ.

ઉપલા અર્થોના તરીકા મુજબ આ રસાલામાં ત્રણ બાબદો સમાઈ ગઈ છે (૧) અમરદાદ અમશાસ્પંદને લગતી. (૨) ઓરવર તથા ખોરાકી કે જેની ઉપર તે મુવકેલછે તેને લગતો. (૩) અમરગીતથા લાંબી જીંદગીકે જે બક્ષવાને એનો મુખ્ય ગુણ છે તેનેલગતી. એટલા માતે અવસ્તા તથા પેહેલવીકેતાબોના આધારે એ ત્રણો બાબદ જુદા જુદા ભાગો તથા પ્રકરણોમાં લખી જણાવીછે. વલી એ બાબદોમાં **સૌથી અગત્યની બાબદ ત્રીજા ભાગને લગતો છે,** કે જે આગલ વાંચતાં માલમ પડશે.

પ્રકરણ ૨ જું.

અમરદાદ અમશાસ્પંદ ઓરવર ઉપર મુવકેલ છે તેને લગતી સાબેતીઓ.

જુદા જુદા અમશાસ્પદોની જુદી જુદી પેદાએશો—ઓરવર એ અમરદાદની પેદાએશ છે—તે વાશેની પેહેલી સાબેતી—બીજી સાબેતી—ત્રીજી સાબેતી—ચોઠી સાબેતી.

દરેક અમશાસ્પંદ હોરમજદની પેદા કીધેલી જુદી જુદી ચીજો ઉપર મુવકેલ છે એમ અવસ્તાના તથા પેહેલવી કેતાબોના

સખાણ ઉપરથી આપણને માનવાનું કારણ મલે છે. જેમ કે બહુમન અમશાસ્પંદ ગાએગોસ્પંદ ઉપર, અરદીબેહેશ્ત તે આતશ ઉપર, શેહેરેવર ધાતુ ઉપર, અસફનદારમદ ધર્તિ ઉપર, અને ખોરદાદ પાણી ઉપર મુવકેલ છે, તેજ પ્રમાણે અમરદાદ ઓરવર ઉપર ઉપરી છે, એ વીશેની સાબેતીઓ નીચે મુજબ આપણને મલી આવે છે.

૧ લી સાબેતી:—શીરોઝા યસ્ત કે જેમાં સઘલા અમશાસ્પંદો તથા ઇજદોની આરાધણા કરવામાં આવી છે, તેમાં અમરદાદને માતે આ પ્રમાણે કહયું છે:

અમરેતતાતો રથ્વો ફ્શોનીબ્ય વાંથ્વાબ્ય અરપીનીબ્ય યોનીબ્ય ગઓ કેરેનહે સુ હે મઝદધાતહે.

અર્થ:—તોલાંની વૃદ્ધિને માતે, ઘોડાના અનાજને માતે, અમરદાદ સરદારની અને હોરમજદના પેદા કીધેલા, મજબુત "ગોકરેન" નામના રોપાની (હું ઇજશ્ને કરૂછું.)

એ ઊપરથી આપણને માલમ પડે છે કે અમરદાદ ખોરાકી ઊપર તથા ઝાડપાણ ઊપર મુખ્ય અધિકારી છે.

૨ જી સાબેતી: પતેત પશેમાંની તથા પતેત ઇરાનીમાં ભણનાર દરેક પ્રકારના ગુનાહ જે તેને કીધા હોય તે ગુનાહો માતે માફી ચાહતો આ પ્રમાણે બોલે છે:—

અઝ હર ગુને ગુનાહી કે અઝ મૈનુયાન અમરદાદ અમશાસ્ફંદ વ અઝ ગીતયાન ઓરવર રા વ ઓરવર ગુનેહ ગુન અઝ મન બે વજુદ આમદે બાશદ......તા કે અઝ ઓન અમરદાદ અમશાસ્ફંદ ઓઝરદે વ નાખશનુદ શુદે બાશદ અઝ મનશની વ ગવશની વ કુનશની પશીમાન મા શવમ.

અર્થ:—દરેક પ્રકારના પાપ કે જે અમરદાદ અમશાસ્પંદની સાંમે કીધાં હોય, અને આ દુન્યાને લગતાં

ઝાડપાણો તરફ તથા જુદી જુદી પ્રકારના ઓરવરો તરફ મારેથી જે ગુનાહો હસ્તીમાં આવ્યા હોય........કે જેથી અમરદાદ અમશાસ્પંદ મારાથી નાખુશ તથા આઝુરદે થયા હોય તો મનશની ગવશની અને કુનશનીથી હું પશેમાન થાઊછું

પતેત ઇરાની.

વલી એવાજ પ્રકારનો ફકરો પતેત પશેમાંનીમાંથી પણ મલે છે.

૩ જી સાબેતીઃ—વલી ઓરવર, એ અમરદાદ અમશાસ્પંદની ખાસ પેદાએશ છે એ વીશે આપણને પેહેલવી કેતાબ બુનદેહેશમાંથી પણ મલી આવે છે. તેમાં આ પ્રમાણે લખ્યું છેઃ—

અમરદાદ અમહુરપંદ ચેગુન્ય ઓરવર નપશમન, ઝક ઓરવર ખુરત લેવતમન મયા ગોમીખ્ત.

અર્થઃ—અમરદાદ અમશાસ્પંદ કે જેના પોતાના ઓરવર છે, તેને ઓરવરને છુંદીને પાણી સાથે ભેલ્યાં.

બુનદેહેશ ૯ મું પ્રકરણ.

૪ થી સાબેતીઃ—જરથુસ્ત નામાંમાં તથા માલકમ (Malcolm) સાહેબની ઇરાનની તવારીખમાં એવી રીતે જણાવ્યું છે, કે જ્યારે જરથુસ્ત પેગમબરે આ જહાનને માતે હોરમજદ તરફથી મજદયસ્નની દીન મેલવ્યો હતો ત્યારે દરેક અમશાસ્પંદે પોતાની પેદાએશની રક્ષા કરવાને માતે માણસોને તાકીદ કરવા કહયું હતું તે મુજબ અમરદાદ અમસાસ્પંદે આ પ્રમાણે જરથુસ્તને કહયું હતું :—

" અશો જરથુસ્ત! કંઈ પણ કારણસર તેઓએ ઓરવરને કચરી નાખવાં તથા ઊખેડી નાખવાં નહી જોઇએ."

ઊપલી સઘલી બાબદો ઊપરથી સિધ્ધ થયું કે અમરદાદ અમશાસ્પંદની ખાસ પેદાએશ ઓરવરને લગતી છે, તથા તે પેદાએશ ઊપર તે મુવકેલ છે.

પ્રકરણ ૩ જું.

અમરદાદ અમશાસ્પંદને ખુશી કરવાને લગતાં, તથા અમેરેતાત મેલવવાને માતેના ખાસ કાંમો.

૧ લી રીત—ખાતી વખતે તેને યાદ કરવાની છે ૨ જી રીત—ઝાડ પાણ ઉગાદવાની તથા ખેતીવાડી કરવાની છે. ૩ જી રીત—પ્રમાણીકપણે મેહેનત કરી કુંટુંબનું પોષણ કરવાનીછે. ૪ થી રીત—પવીત્રાઇથી આરાધના કરવાની છે. ૫ મી રીત—હોરમજદની તાબેદારી કરવાની છે. ૬ થી રીત—માજદયશ્નની દીન પ્રમાણે ચાલવાથી છે.

(૧) અમરદાદ અમશાસ્પંદ ઓરવર તથા ખોરાકી ઊપર પ્રમુખ હોવાથી ખાતી વખતે તેને યાદ કરવો જોઈએ. એટલા માતે જયારે જરથુસ્તે હોરમજદને પુછયું કે કયો અશેમ વોહુ મોહોતાઈમાં, પવીત્રાઇમાં, તથા સરસઇમાં બીજા અશેમ કરતાં દસ ઘણો મોતો છે;" ત્યારે હોરમજદે જવાબ આપ્યો કે "જે અશેમ ખાતી વખતે ખોરદાદ અને અમરદાદને માતે ભણવામાં આવ્યો હોય તે."

જુવો સ્પીગલનો તરજુંમો. ૩૭ (૨૧) ફ્રેગમેન્ટ, ફકરા ૬, ૭

(૨) અમરદાદ અમશાસ્પંદનો હરીફ ભુખમરાનો દેવ છે, એટલા માતે જે કોઈ ઝાડપાણ ઊગાડી, જમીનની ખેતી

કરી, તથા અનાજની વૃદ્ધિ કરી શેહેરમાં ખોરાકીનો દુકાલ તથા એ દુકાલથી નીપજતાં મોતને અતકાવે, તો તેથી અમરદાદ ખુશી થાએ છે. એટલા માતે ઈજસ્નેમાં આ પ્રમાણે બંદગી કરનાર બોલે છે:–

ક્ષ્નીધ્ર આઝુત યજમઈદે તચત આપ ઉખ્શયત ઉરવર. આઓઇશ દએવોદાતહે હમોઇરાત્ર અવંધાઉ મુશ અવંધાઉ પઇરીકયાઉ પઈતીશત તયએચં......સાસત્રહેચ પોઉરૂમહરકહે

ઈજશ્ને ૧૬–૮; ૬૮–૮

તરજુમો:–દેવની રાહ પર ચાલનારા આઝી દેવના હરીફ તરીકે થવાને, આએ મૂશ, આએ પરીની (ખોરાક તથા પાણીની તંગી ઊતપણ કરનારા દેવો,) સાંમે થવાને, તથા પુર મરકીવાલા જુલમગારની (સાંમે થવાને,) વેહેતાં પાણીને અને ઉગતાં ઝાડને હમો વખાણીએ છિયે.

(૩) માણસોએ જનમ લીધા પછી અને પોતાની પુર સમજ તથા શકતિમાં આવ્યા પછી, આ જહાનની બધી રીતે આબાદી કરવાની ખાએશ તેને રાખવી જોઈએ, અને જે કોઇ પોતાના કબીલાની તથા ફરજંદની વૃધ્ધિ કરે છે, તથા તેઓના પોષણને માતે પ્રમાણીકપનાથી મેહેનત કરી, પોતાના કુતુંબમાં ફરાખી દાખલ કરે છે, તે માણસ હોરમજદનો વાહલો થાએ છે એટલુંજ નહી, પણ અમરદાદ અમશાસ્પંદને પણ ખુશી કરે છે. કારણ કે એવાં આબાદીભરેલાં કાંમોથી અમેઃતાતનો હરીફ જે ભુખે મરતો દેવ છે તેની સાંમે તે માણસ થાએ છે. એ મુજબ વંદીદાદમાં નીચે મુજબ જણાવ્યું છે:–

અએશો ઝી નરો.........અરોમઅઓઘેમ અનઅશવનેમ અંધુહરેસ્તાતેમ પેશનાઇતી.

અર્થ :—ખચીત એવો નર નાપાક જુખે મરતા આશમોગનો સાંમે થાએ છે. વંદીદાદ, ૪–૪૯.

(૪) અમરદાદ એક અમશાસ્પંદ હોવાથી અવસ્તાના લખાણ મુજબ તેને ખુશી કરવાને માતે પૂર્ણ પવીત્રાઈ તથા કીરયા કામો સાથે તેની ઇજસ્ને કરવી જોઇએ. કારણકે ઈજસ્ને મુખ્ય કરીને અમશાસ્પંદો તથા ઈજદોની આરાધણા કરવાને માતે લખાએલી છે.

(૫) વલી અમરદાદ અમશાસ્પંદને ખુશી કરી, અમેરેતાત મેલવવાની મુખ્ય રીત આ જહાનમાં અશોઈ અખત્યાર કરવાની છે, અને હોરમજદ તરફ તાબેદારી બતલાવાની છે. એ વીશે ગાથામાં આ પ્રમાણે જણાવામાં આવ્યું છે:—

યોઈ મોઈ અહમાઈ સર્યોશેમ દાંમ ચયસચા.
ઉપજીમેન અહુર્વતા અમેરેતાતા.

તરજુમો:—(હોરમજદ કહેછે.) જે કોઇ મને તાબે થાએછે, તથા તે તાબેદારી પેદાએશને શીખવે તેને સંપૂર્ણ સુખ તથા **અમેરેતાત** પ્રાપ્ત થાએછે.

ગાથા ઉસ્તવર્દતી ઇજસ્ને ૪૫—૫.

(૬) જે કોઈ સ્પીતમાન જરથુસ્તના જાહેર કીધેલા મઝબ પ્રમાણે ચાલસે તેને માતે અમેરેતાત સરજેલું છે. કારણકે આપણા પેગમબરે ખાત્રીપૂર્વક રીતે નીચે મુજબ જણાવ્યું છે.—

અત ફ્રવક્ષ્યા યોઇ મોઇ મરઓત સ્પેનતોતેમો વચે સરૂઇદયાઇ યત મેરેત એઇબ્યો વહીસ્તેમ.

અર્થ:—(જરથુસ્ત કહેછે) જે ખાકી મનુષ્યને માતે સૌથી ઉત્તમ શીખામણ મને જાહેર કરવા કહીછે, તે હું જાહેર કરૂંછું. જે કોઈ મને ધ્યાનથી સાંભલશે તેઓને માતે સંપૂર્ણ સુખ તથા અમેરેતાત પોંચશે. ગાથા ઉસ્તવઇતી ઇજસ્ને ૪૫— .

પ્રકરણ ૪ થું.

અમરદાદ અમશાસ્પંદને નાખુશ કરવાને લગતાં તથા અમેરેતાત ખોઇ દેવાને માટેના ખાસ કાંમો.

અમરદાદ અમશાસ્પંદ કયા કાંમોથી નાખુશ થાએછે—૧ લું કામ—બીજું,—ત્રીજું.—અમેરેતાત ખોવાનું મુખ્ય કામ, બીજું મુખ્ય કામ. ત્રીજું કામ.

પતેત ઈરાનીમાં દરેક અમશાસ્પંદને માતે જે જે ગુનાહો કરવામાં આવ્યા હોય, કે જેથી તેઓ નાખુશ થાએછે, તેમાં અમરદાદ અમ્શાસ્પંદ તરફ થતા ગુનાહો નીચે મુજબ જણાવ્યા છે:—

(૧) ભણનાર આ પ્રમાણે કહે છે.

અઝ દાર વ દરખ્તે જવાન વ નવએ કે ખોરીદમ વ બર વ મીવેએ નારસીદે કે ચીદમ.

એ ઉપરથી માલમ પડે છે કે અગરજો કોઇ માણસ જીવતાં ઝાડોને કાપી નાખે, અથવા કાચાં ફલ તોડે ત્યારે અમરદાદ તેનેથી નાખુશ થાએ છે. એનું કારણ એ કે એ અમશાસ્પંદ ઓરવર તથા ખોરાકી ઉપર મુવકેલ છે. એટલા માટે માણસોએ એઓની રક્ષા કરવી જોઈએ, તથા કાચાં ફલો તોડીને ખોરાકીમાં ઘતાડો ન કરવો જોઇએ.

(૨) વલી બીજું ભણનાર આ પ્રમાણે માફ માગે છે.

દવા વ દરમાન અઝ મુસ્તહકાન વ સઝાવરાન બાઝ ગીરફતમ એ નાસઝાયાન વ નામુસ્તહકાન દાદમ.

એ ઉપરથી માલમ પડે છે કે લાયક આદમીઓને જે દવા-દારૂ આપવી જોઇએ તે તેઓને નહી આપવાથી તથા નાલાયક

આદમીઓને દવા આપવાથી અમરદાદ આજુરદે થાએ છે. એનું કારણ એ કે અમરદાદ તંદરોરતી આપનારો અમ-શાસ્પંદ છે, અને જે માગરો ઝાડપાણમાં દુઃખ દફે કરનારી જે વનસપતીઓ છે તેને પીછાન્યા પછી, અશો માણસોના દુઃખો દફે કરવાને માટે તેઓને જો તે દવાઓ આપવામાં આવે, તો અમરદાદ ખુશી થાએ છે; પણ પાપીઓ કે જેઓ અમર-દાદની વીરૂદ્ધ પક્ષના હોય એ..ઓને આપવાથી તે આ-જુરદે થાએ છે.

(૩) વલી બીજું આ પ્રમાણે પણ જણાવ્યું છેઃ—

ખુરશ એ ખુર્દ ગુનાહગારાન દાદમ અઝ નીકાન વ પાકાન બાઝ ગેરફતમ.

એ ઉપરથી એવું જણાય છે કે અશો માણસોને ખોરાકી નહી આપવામાં આવે, તથા પાપીઓને આપવામાં આવે તો તેથી પણ અમરદાદ કફા થાએ છે. એનું કારણ એ છે જે અ-મરદાદ ખોરાકી ઉપર મુવકેલ છે, એટલા માતે એનો લાયક ઉપયોગ કરવો જોઇએ અને જો કોઈ અશો માણસ ખોરાકની તંગીમાં આવી પડે, ત્યારે તે આદમીને તે તંગીમાંથી છોડ-વવાથી અમરદાદ તે માણસ ઉપર ખુશી થાએ છે, અને એવાં પ્રકારનું પૂન ચઢતે પ્રકારનું કહેવાએ છે. પણ જે માણસો બુરાં હોય તથા હરામખોરોની માફક ખોરાકને માટે ભતકતા હોય, તેઓને ખોરાક આપવાથી તેઓની બુરી ખાસ્યતને ઉતેજન આપવા બરાબર છે, અને એમ કીધાથી પૂન મેલ-વવાને બદલે, અમરદાદની નાખુશી પોતા ઉપર ઉતારે છે.

(૪) જે માણસ પોતાની મોતાઇ ઉપર મગરૂર રહે છે, તથા હોરમજદની સત્તાને ધીકકારે છે, તે માણસ પાસેથી

અમરદાદ લાંબી જીંદગી છીનવી લે છે અને તેને મોતને લાયક કરે છે. એ વીશે આપણને અવસ્તામાં દાખલા મલી આવે છે. જેમકે જમશેદ પાદશાહ જ્યારે હારેમનના ફુસલાવાથી પોતાની મોતાઈ ઉપર મગરૂર થઈ હોરમજદ તરફ મગરૂરી કીધી, તથા અભીમાની ભરેલા શબ્દ બોલ્યો ત્યારે,

અઓશંધત હવ હીઝવ] અહમી દીમ પઈતી ફ્રંધહેરેઝત અહમી હો બવત અઓશંધાઉ.

"પોતાની જુબાને તેને જલદીથી મોતને લાયક કીધો. તેને આથી નીચે નાખ્યો, અને તે મોતને લાયક થયો"

વંદીદાદ ૨—૬

(૫) જે માણુસ માજદયસ્ની દીનમાં જનમ લીધા પછી તેના કાંનુનો મુજબ નથી ચાલતો, તથા એક દરવંદ જેવી જીંદગી ગુજારે છે, તથા સઘલી અશોઈનો નાશ કરી, એક આશમોગ માફક પોતાની જીંદગી ગુજારે છે, તેવા માણસપર અમરદાદ આજુરદે થઈને, પોતાની પક્ષમાંથી તેને કાધી નાખે છે. એટલા માટે તે પાપી માણુસ અમરદાદનો હરીફ જે ભુખમરાનો દેવ છે તેની પક્ષવાલો થાએ છે કે જે દેવ તેની ઉપર દરેક પ્રકારનો ભુખમરો પાડે છે, અને એવો માણુસ ખોરાકની તંગીથી મરાએલો,

નરેમ અશવનેમ અંઘેઉશ ખરેથહેચ વસત્રહેચ અપ બરઈતિ.

"અશો માણુસનો પુશ્કલ ખોરાક તથા ઘાસચારો લુતી લે છે."

વંદીદાદ ૫—૩૮; ૧૨—૨૪.

(૬) જે માણુસ હોરમજદના ફરમાનને નાફરમાન થાએછે

તથા તેની તાબેદારી નથી કરતો, તે પણ અમેરેતાત ખોઇ દે છે. એ રીતની સાબેતી આપણને પુરતી રીતે એમ માલમ પડી આવે છેકે જ્યારે મશ્ય અને મશ્યાનું જોડું કે જે અમેંગ જીંદગીનું હોરમજદે પેદા કીધું હતું તેનેહારેમનના ફુસલાવાથી જયારે હોરમજદ તરફ નાફરમાની કીધી ત્યારે તેને અમેંગ જીંદગી તથા હંમેશનુ બેહેસ્ત ખોઈ દેવું પડયું હતું, એ વીશે બુનદેહેશની કેતાબમાં ૧૫ માં પ્રકરણમાં લંબાનથી જણાવ્યું છે.

એ ઉપરથી સિદ્ધ થયું છે કે જયારે આપણે આ ખાકી શરીરમાં મોતમંદ પેદા થયા છિયે, તેઓ હોરમજદ તરફ ના ફરમાની અખત્યાર કરી અમેરેતાત મેલવવાની આશા કેવી રીતે કરી શકયે ? નાફરમાનીથી ખોઇ દીધેલું અમેરેતાત ફરમાનદારીથીજ પાછું મેલવી શકાએ એવું આપણને એલાહી ઇનસાફ (divine justice) શીખવે છે.

પ્રકરણ ૫ મું.

આ જહાનમાં અમરદાદને લગતાં કાંમો જે કોઇ કરે છે, તેથી તેને કેવી પ્રકારનો ખાસ મીનોઈ ફાયદો થાએ છે અને એથી ઉલતું કામ કરવાથી કેવી પ્રકારનો મીનોઇ ગેરફાએદો થાએછે તે વીશેની વીગતો.

અમરદાદ મીનોઇ જહાનમાં મીનોઇ ખોરાક આપે છે—એની મતલબ-અમરદાદને નાખુશ કરવાથી, તેનો હરીફ દોજખમાં નાખુશ ખોરાક આપે છે—એની મતલબ.

જે કોઈ અમરદાદ અમશાસ્પંદને ખુશી કરે છે, તથા તેને લગતાં કાંમો કરે છે, તેને આ જહાનમાં તંનની દરોશ્તી

તથા ખોરાકનું પુરતાંપણું મલવાનો સંભવ રહે છે, એવું વીચારવું ખોતું ન કહેવાએ કારણ કે એ બેઉ પ્રકારની બક્ષેશો ઉપર તે પ્રમુખ છે. વલી જે અશો માણસો મીનોઈ જહાનમાં જાએ છે ત્યારે હોરમજદના હોકમથી અમરદાદ તેને માતે મીનોઈ ખોરાક પુરો પાડે છે. એ વીશે અવસ્તામાં એક ફકરો લખ્યો છે, કે જેનો અર્થ નીચે મુજબ થાય છે:–

"ત્યારે હોરમજદ આ પ્રમાણે બોલે છે, કે જે જવાન સારૂં વીચારેચ, સારૂં બોલેચ, તથા સારૂં કરેચ તેને માટે જે ચરબદાર ખોરાક છે, તે પુરો પાડો"

જુવો સ્પીગલનો તરજુમો, ૩૮ (૨૨) ફ્રેગમેંટ, ૧૮

વલી "મીનોખેરદ" નામની પેહેલવી કેતાબમા પણ એજ પ્રમાણે લખી જણાવ્યું છે.

આખેર હોરમજદે ખુદા યમલુનેત અવશ ખુરશનાને બસીમતુમ ઝકે મઈધ્યોઝરેમ રોધન ઓબશ યદરૂનીત.

અર્થ:–ત્યારે હોરમજદ જે ખુદા છે તે આ પ્રમાણે બોલે છે "તેને માતે સૌથી પસંદ પરતો ખોરાક કે જે મઈધ્યોઝરેમ (ભર વસંત રૂતુ) ને લગતો ચરબીદાર છે તે તમો લાવો."

મીનો ખેરદ, બીજુ પ્રકરણ ૧૫૨.

ખુલાશો:–એ ઉપરથી એમ સમજવાંનુ છે કે જે પ્રમાણે ચરબદાર ખોરાક ખાધાથી આ જહાનમાં શરીરને કૌવત તથા સુખ મલે છે, તેજ પ્રમાણે મીનોઈ જહાનમાં પણ આત્માને અમરદાદ તરફથી ચરબીદાર ખોરાક મલે છે, એટલે તે માણસનું રવાન કૌવતમંદ તથા સંપૂર્ણ સુખમાં રહે છે.

વલી એથા ઉલતું જે માણસ અમરદાદને આજુરદે કરે છે, તેને મીનોઈ જહાનમાં અમરદાદનો હરીફ નાખુશ ખોરાક ખવ-ડાવેછે, એટલે કે તેના આત્માને તંગી તથા દુઃખ વેથવું પડે છે.

એ વીશે અવસ્તામાં આ પ્રમાણે જણાવ્યું છે:—

યે ખ્યત અશવનેમ હોઇ અપરેમ ક્ષયો
દરેઘેમ આયુ તેમંઘો દુશખરેથેમ અવએતાસ વચો

અર્થ:—"જે કોઈ પવીત્રને થગવાની કોશેસ કરે છે, તેના મરણ પછી અંધારા રેહેથાનમાં લાંબો વખત રેહેવું પડે છે, અને નાખુશ ખોરાક તથા અપમાણભરેલા સખુન સાંભલવા પડે છે."

ઈજરને ૩૧-૨૦ ગાથા અહુન વઇતિ.

વલી મીનો ખેરદના બીજાં પ્રકરણમાં પણ એજ પ્રમાણે કહયું છે.

યાઈતીનનડ વેશ વ ઝેહર વશાર વ ગઝદુમ વ અવાનીકચ ખરફ-સ્તરે પવન દુસખાન.

અર્થ:—તેઓ સાંપનુ તથા વીચ્છુનું તથા બીજાં ખરફસ્તર જાનવરો કે જેઓ દોજખમાં હોય છે તેઓનું વિષ તથા ઝેર લાવે છે. તુંકમાં કહીએ તો જે માણસ અમરદા-દને નાખુશ કરે છે તે માણસના મોત પછી,

અસ્તોવાત મીનોઇ ગાસ બન્દી દયન વલ જોરમન રમીતુનેત, વ પવન ઝકે હમ બન્દી વલ દુશખુન યઝલુન્યેન.

"અસ્તોવીધોત" (નામનો દેવ) છુપી રીતે તેની ગર-દનમાં ફાંસો નાખે છે, અને તે ફાંસાથી તેને દોજખમાં ઘસડી લઈ જાએ છે.

ગંજે શાયગાન ૧૪ ૧.

પ્રકરણ ૬ થું.

અમરદાદ અમશાસ્પંદમાં સમાએલા ગુણો તથા એ અમશાસ્પંદની આરાધણા કરવાની રીત.

સૃષ્ટિનો પેદા કરનાર તથા મુખી દાદાર હોરમજદ છે—સઘલા અમશાસ્પંદોની પંથ એકજ છે—દરેકમાં એક ખાસ ગુણ છે—તેઓના સામાન્ય ગુણો—અમેરેતાતની ઇજિસ્ને—બંદગી--આરાધણા—ખુશનીદી.

અવસ્તાના અભ્યાસ ઉપરથી આપણને માલમ પડે છે કે આખી સૃષ્ટિનો પેદા કરનાર તથા મુખી દાદાર હોરમજદ પોતે છે, અને એની સૌથી મુખ્ય તથા સૌથી પેહેલી પેદાએશ અમશાસ્પંદોની છે. એ અમશાસ્પંદોને જોકે જુદી જુદી ચીજો ઉપર મુવકેલ નેમવામાં આવ્યા છે, અને જોકે તેઓ દરેકમાં એક મુખ્ય ખાસ્યત (special attribute) હોવા છતાં, તેઓ પેદાએશની પંથમાં (in the rank of creation) એક બીજાથી ચઢતા ઉતરતા નથી, પણ સઘલાઓ એકજ પંથના છે, અને એક સરખું બલ તથા અગત્યાત ધરાવે છે. એટલા માટે તેઓ દરેકમાં એક જુદી પ્રકારની મુખ્ય ખાસ્યત હોવાં છતાં પણ, તેઓની બીજી ખાસ્યતો પણ છે કે જે સઘલાને માટે સામાન્યજ (common,) છે. એટલા માટે અ- મરદાદ અમશાસ્પંદની એક મુખ્ય ખાસ્યત જે શરીરને માટે તંદરોસ્તી તથા રવાનને માટે અમરગી બક્ષવાની છે, એ ઉપરાંત નીચલા ગુણો પણ એમાં સમાએલા છે. તે

" હુક્ષથ " છે, એટલે સારી પાદશાહી કરનાર છે.

" હુધા " છે, એટલે સારું જાણનાર છે.

" યવએજી " એટલે હંમેશા જીવનાર છે.

તે વલી,

" યવએસુ " એટલે હંમેશા ફાએદો કરનાર છે.
" ક્ષએત " એટલે નુરમંદ છે.
" વેરેઝીદોઈથ્ર " એટલે અસરકારક જોનારી શકતીવાલો છે.
" બેરેઝત " એટલે બુલંદ છે.
" અઈવ્યામ " એટલે મદદે પોંહચનાર છે.
" તખ્મ " એટલે જોરાવર છે.
" આહુર્યે " એટલે હોરમજદના કાએદા પ્રમાણે ચાલનાર છે.
" દાંહીસ્ત " એટલે સૌથી દાહયો છે.
" સઓસ્યંત " એટલે ફાયદો કરનાર છે.
" અર્શવચસ્તેમ " એટલે સૌથી સાચું બોલનાર છે.
" અશખ્પ્રાખનુતેમ " એટલે પુશ્કલ રીતે રોશન અક્કલવાલો છે.
" વહીસ્ત " એટલે સૌથી સારો છે.

વલી એ અમશાસ્પંદમાં ઉપલા ગુણો સમાએલા છે, એમ આપણને "ઈજસ્ને" તથા "વીસ્પરદ" માંથી મલી આવે છે એટલુંજ નહી. પણ તેની ઈજસ્ને તદન પવીત્ર અંતકરણના આદમીથી, દીનની સીખામણ પ્રમાણે હાવન ગેહમાં જોર (ઈજાએલાં પાણી) સાથે, બરશમ સાથે, અને મયઝદ (પવીત્ર ખોરાક) સાથે થવી જોઈએ, એમ આપણને જણાવામાં આવ્યું છે.

વલી હફ્તંઘ હાઇતિની બંદગીની મારફ્તે તેને ખસુસ કરીને યાદ કરવો જોઈએ.

વલી તેની આરાધણા કરવાને માટે, ખુસ્નુદ કરવાને માટે, તથા વખાણ કરવાને માટે પાંચો ગાથા ગાઇને પઢવા જોઈએ.

વલી જ્યારે એ અમશાસ્પંદને માટે આફ્રીનગાન કરવામાં આવે, ત્યારે ખસુસ કરીને " કમ્બા " (kamba) નામનું ફુલ વાપડવું જોઈએ એમ આપણને બુનદેહેશ નામની કેતાબના ૨૭ માં પ્રકરણમાં જણાવ્યું છે.

પ્રકરણ ૭ મું.

અમરદાદ અમશાસ્પંદના હમકારો અથવા સાથીઓ.

આખી સ્રષ્ટિનો મુખી દાદાર હોરમજદ છે—એની હેઠલ ૬ અમશાસ્પંદો છે—દરેક અમશાસ્પંદના મદદગાર ૩ અથવા ૪ તરીકે નેમેલા છે—તેજ પ્રમાણે અમરદાદના પણ ત્રણ હમકારો છે—તેઓ કોણ હોવા જોઈએ તેની વીગત.

મજદયસ્નીની દીન ખુદરત વીશેની રચનાને માટે આ પ્રમાણે આપણને શીખવે છે, કે આખી સ્રષ્ટિનો પેદા કરનાર એકજ છે, અને તે હોરમજદ પોતે છે; અને તે દાદાર પોતાની સંપૂર્ણ દાનાઈ, પુરતી તવાનાઈ, અને બેહદ હકુમતથી જેટલી ચીજો જોઈએ એટલી ચીજો બનાવાને માટે શકતિવાન છે, અને

લાચ ઝક અવરતર પવન દાનશને તોબાન, વલ ઝક અવરતુમ્ય પવન દાનશનાન તોબાન, વલ ઝક અવરતુમ્ય અયાવશને યેહવુનેત.

"તેના કરતાં દાનાઈમાં ચઢતે દરજેનો કોઈબી થઈ શકતો નથી, અને તેના જેવો સૌથી દાહાપણવાલો કોઇબી થઇ શકતો નથી, અને તેના જેવો સૌથી ઉત્તમ આયપત ધરાવનારો કોઈબી થઇ શકતો નથી."

દીન કર્દ ૧, લું વાલમ. બાબત ૪૦, ફકરો ૩.

વલી હોરમજદની હાથ નીચે ૬ અમશાસ્પંદો છે, અને તેઓના તબકકા હેઠલ ઘણાએક મીનો ઈજદો છે. હવે દરેક અમશાસ્પંદને મદદ કરવાને માટે ચોકસ ત્રણ અથવા ચાર ઈજદો ખાસ નેમવામાં આવ્યા છે કે જેઓ તેના સાથીઓ અથવા હમકારો તરીકે ગણાએલા છે. જેમકે બહમનના સાથીઓ મોહોર, ગોશ, અને રાંમ ઈજદ છે અર્દીબેહેસ્તના આદર

સરોશ, બેહેરામ ઈજદ છે, ઈત્યાદી ; તેજ પ્રમાણે અમરદાદ અમશાસ્પંદના હમકારો રશ્ને, આસ્તાદ અને જમયાદ ઈજદ છે. હવે ઉપલાજ ત્રણ ઈજદો અમરદાદના હમકારો તરીકે કેમ થઈ શકે, તે વીશેની સમજ નીચે મુજબ છે.

અમરદાદ અમશાસ્પંદનો મુખ્ય ગુણ અમરગી બક્ષવાનો છે અને માણસને મીનોઈ જહાનમાં અમરગી મલે, એવાં કાંમો દુન્યામાં કરવાને માટે સચ્ચઈજ (the truth) અગત્યની છે, કે જે શબ્દનો અર્થ ઘણો બોહલો છે; અને દરેક કામમાં, વીચારમાં, અને સખુનમાં જો એક માણસ સત્યતાનેજ વલગી રહે, તો તે આ જહાનમાં પોતામાંથી દરેક બુરાઈનો નાશ કરે છે અને અમેંગ જીંદગીને લાયકનો પોતાને બનાવે છે. દાખલા તરીકે

મેન ઝકે અવસ્તાક યમલુનેત અદ્દધ પવનચ ઝક ગોબસ્ને અરશુખ્ધે ગયોમર્ત ઓઈ ઝકે અમહુરફનદાન હુઅહુય મદમ મત.

" અવસ્તામાં કહેલું છે સાચું બોલવાએ કરીને ગયોમર્દ અમશાસ્પંદોની નેક દુન્યામાં તરત ગયો. "

દીનકર્દ વોલમ ૧. બાબદ ૨૩ ફકરો ૧.

વલી એક રાસ્ત આદમી,

હે પ્તા ગેઉશચા અશંધાચા અશઅઓનસચા અશાવર્ઇયાંઉસચા સ્તોઇશ

" અશોઈની પુઠે ચાલવાએ કરીને ખુદરતનો, તથા અશો (હોરમજદ) ની અશોઈની મરજી પ્રમાણે ચાલનારી પેદાએશનો પીતા તરીકે છે. "

ઇજિશ્ને ૫૮-૪.

હવે સચ્ચઈ ઉપરનો પ્રમુખ ઈજદ રશ્ને રાસ્ત છે. એટલા માટે અમરદાદ અને રશ્નેનો મજબુત સંબંધ છે. તુંકમા

કહીએ તો ગોયા રશ્ને (સચઈ) કારણ તરીક છે, (cause) અને અમરદાદ (અમરગી) તેનુ પરીણામ તરીક છે (effect)

વલી આસ્તાદ ઈજદ જે છે, તેના મુખ્ય અલકાબો "ફ્રરાદત ગએથ" અને "વરેદત ગએથ" તરીક છે, કે જે શબ્દોના અર્થ દુન્યાની વૃદ્ધિ કરનાર, તથા દુન્યાની આબાદી કરનાર તરીક થાએ છે. હવે દુન્યાની આબાદી તથા વૃદ્ધિ સચ્ચઈથીજ છે; કારણકે જે પ્રમાણે સુર્યના ઝલકાતથી સધલું આસમાન રોશન છે, તેજ પ્રમાણે સત્યતાના દીપકથી આખી સ્રષ્ટિ કાયમ છે. અને જયારે સચ્ચાઈ જુઠાઈ-ને મારે છે ત્યારે એનું પરીણામ આબાદી છે. એટલા માટે જરથુશ્ત આ પ્રમાણે માણસોને તાકીદથી કહે છે કે,

ઉશોહીશતત મશ્યાક સ્તઓાત અશેમ યત વહીસ્તેમ.

"અએ માણસો ! તમે ઉથો તથા સોથી સરસ સચ્ચાઈ-ની વખાણ કરો"

વંદીદાદ ૧૮–૧૬.

એ પ્રમાણે તપાસતાં સચ્ચાઈ તથા આબાદી પણ એક બીજાં સાથ કારણ અને પરીણામની માફક (cause and effect) જોડાએલાં છે. એટલા માટે રશ્ને ઈજદ તથા આ-સ્તાદ ઈજદ પણ એક બીજા સાથ મજબુત સંબંધ રાખે છે. અને અવસ્તામાં પણ રશ્ને અને આસ્તાદને ઘણીએક વાર સાથે યાદ કરવામાં આવે છે. દાખલા તરીક

ફ્રવરાને...રશનઓશ રઝીસ્તહે અરશતાતસચ ફ્રાદત ગએથયાઉ-વરેદત ગએથયાઉ ક્ષનોથ્ર યસ્નાઈચ વહમાઈચ ક્ષનોથ્રાઈચ ફ્રસસતયએચ-

"સાચા રશ્નેની તથા દુન્યાની આબાદી કરનાર અને દુન્યાની વૃદ્ધિ કરનાર **આસ્તાદ** (ઈજદ) ની ઈજશ્ને, ન્યાયશ, ખુશનુદી તથા વખાણ કરવાને માટે હું કબુલ થાઉછું"

ઉશહીન ગાહ.

વલી બીજા દાખલાઓને માટે જુવો ઈજશ્ને ૧-૬; ૨-૭; ૩-૯; ૪-૧૨ ઈ૦

હવે જમયાદ અને અમરદાદને આ કારણસર સંબંધ છે, કે અમરદાદની મુખ્ય પેદાએશ ઓરવરની છે અને ઓરવરને તેકાવી રાખનાર તથા પોષણ કરનાર માતા જમીન છે; અને જે પ્રમાણે એક મા અને તેનીના ફરજંદો વચ્ચે જેટલો નજદીકનો સંબંધ છે એટલોજ જમીન અને ઓરવર વચ્ચે છે. મા વગર બચ્ચાં હોયજ નહી તે પ્રમાણે જમીનવીના ઓરવર પણ ઉગી શકે નહી. વલી જમયાદ ઈજદ, અમરદાદને મદદ કરનાર આ કારણથી પણ છે, કે અમરદાદનો હરીફ જે ભુખમરાનો દેવ છે તેની સાંભે જેટલે દરજજે અમરદાદ હરીફાઈ કરે છે તેટલા પ્રમાણમાં તે દેવની શકતિ તોડવાને જમયાદ ઈજદ પણ તેને મદદ કરે છે કારણ કે

યત યવો દયાત આત દએવ ખીસેન. યત પીશ્ત્રો દયાત આત દએવ ઉરૂથેન૦ યત ગુનડો દયાત આત દએવ પેરેથેન.

"જયારે અનાજ (જમીનમાં) રોપવામાં આવેછે ત્યારે દેવો ફુંફારા મારે છેઃ જયારે છરેલો અનાજ થાએ છે ત્યારે તેઓ રડેછેઃ જયારે (અનાજનો) ગુંનડો થાય છે ત્યારે તેઓ લડાઈ કરી મરેછે"

વંદીદાદ ૩-૩૨

એટલા માટે જમયાદ ઈજદ પણ અમરદાદનો હમકાર છે એવું સાબીત દેખાઈ આવે છે.

ઉપલા વર્ણન ઉપરથી આપણે હવે સમજયા કે અમરદાદના સાથીઓ રશ્ને, આસ્તાદ અને જમેયાદ શું કરવા હોવા જોઈએ.

વલી "આફ્રીને હપ્ત અમશાસ્પંદ" માં એ ચાહરે ઈજદોને સાથે કામ કરનારા તરીક તથા હમકારો તરીકે જણાવ્યા છે; અને એ ફકરાનો તરજુમો નીચે મુજબ છેઃ

"પુષકલ દબદબાવાલો અમરદાદ ઘણોજ જોરેમંદ રહે! અને રશ્ને, આસ્તાદ અને જમયાદ કે જેઓ સાથે થઈ તેની સાથે કામ કરે છે, તેની સાથે થઈને મેહેનત કરે છે, તથા તેની સાથે થઈને અંગ્રમઈન્યુશને લગતી "તુસુસ" નામની બુરી શકતિને મારે છે, તેઓ સાથે તે (અમરદાદ) કૌવતમાં વધે."

[1] જુવો સ્પીલગનો તરજુમો આફ્રીને હપ્ત અમશાસ્પંદ ફકરો ૭ મો.

પ્રકરણ ૮ મું.

અમરદાદનો હરીફ કોણ છે, તથા તેની હરીફઈમાં હાર પામવા વીશેની વીગત.

સ્રષ્ટિની રક્ષાને માટે હોરમજદે અમશાસ્પંદોને પેદા કીધા—તેઓની સાંમે હારેમને બુરા દેવો તથા બુરી શકતિઓ ઉતપણ કીધી—અમરદાદના હરીફનું નામ—આખરીએ એ હરીફઈમાં હારશે—એને નાશ કરવાના માંથવાની કલામો.

બુનદેહેશ નામની પેહેલવી કેતાબમાં એવું જણાવ્યું છે જે હોરમજદે જયારે દુન્યાની પેદાએશને માટે સૌથી પેહેલાં

બહુમન અમશાસ્પંદ પેદા કીધો ત્યારે તેની સાંભે માણસોનું મન બુરૂં કરવાને માટે હારેમને "અકોમન" નામનો દેવ ઉતપણ કીધો. અને એ પ્રમાણે જયારે હોરમજદે પોતાની પેદાએશ વધારવાને માટે તથા તેઓની રક્ષા કરવાને માટે જુદા જુદા અમશાસ્પંદો પેદા કીધા ત્યારે તેઓની સાંભે અંધારી તાખમવાલા તથા કમબુદ્ધિવાલા અંગ્રમઈન્યુશે બુરા દેવો તથા બુરી શકતિઓ તેઓની પેદાએશને નાશ કરવાને માટે તથા એઓ સાથ હરીફાઈ કરવાને માટે ઉતપણ કીધી. જેમકે અર્દીબેહેશ્તની સાંભે "અંનદર" નામનો દેવ, શેહેરેવરની સાંમે "સોવર" અસફંનદારમદની સાંભે "નકહીદ" ખોરદાદની સાંમે "તઇર્વે" અને અમરદાદની સાંભે "ઝઈરીક" નામનો દેવ ઉતપણ કીધો, કે જે નામ પેહેલવી ભાષામાં ઝઈરીઝ તરીકે લખાએલો છે; કે જે શબ્દનો ધાતુ (root) "ઝર" ઉપરથી નીકલેલો છે અને એ ધાતુનો અર્થ "ખરી પડવું" અથવા "નબલું પડી જવું" એ પ્રમાણે થાએ છે. એટલા માટે એ દેવમાં એવો ગુણ છે કે આદમીમાં નાતવાની તથા મોહુત ઉતપણ કરે છે, અને જ્યારે અમરદાદ ઝાડપાણ તથા ખોરાકાનો વધારો કરે છે, ત્યારે એ દેવ ઓરવરને લગતું ઉજજડપણું, તથા ખોરાકીને લગતી તંગી દુન્યાના માણસો ઉપર ઉતપણ કરે છે. વલી બુનદેહેશના (૨૮ મું પ્રકરણ ૧૧ મો ફકરો) જણાવા મુજબ એ દેવ ઝેર ઉતપણ કરનાર છે. વલી આપણી અવસ્તાની ફુલસુફી પ્રમાણે સઘલા અમશાસ્પંદો તથા ઈજદો જે હોરમજદે પોતાની ભલી પેદાએશ વધારવાને માટે તથા તેઓની રક્ષા કરવાને માટે પેદા

કીધા છે, તેઓની સાંભે હારેમને જે બુરા દેવો ઉતપણ કીધા છે તેઓનો (દેવોનો) આખરીએ રસ્તાખીઝના વખતે સઘલાઓનો નાશ થશે.

એટલા માટે અમરદાદ અમશાસ્પંદ પણ પોતાનો હરીફ જે ઝઈરીશ છે તેને હરીફઈમાં હરાવશે તથા સપેના મીનોની પેદાએશમાંથી તેને નાશ કરશે. એ વીશે નીચે મુજબ અવસ્તામાં ફકરો લખ્યો છે

વનઈતિ અકેમચીત મનો વોહુમનો વનઈતિ મીથોખતો એરેઝુખધો૦ વનાત હઉર્વાસચ અમેરેતાઉસ્ચ વઅ શુધેમચ તરસ્નેમચ

બહુમન "અકોમન" ને મારશે, સચ્ચઈ જુઠાઈને મારશે, ખોરદાદ અને અમરદાદ તરસ અને ભુખને (ભુખમરાના દેવ, ઝઈરીશને) મારશે.

જમયાદ યસ્ત ૯૬.

વલી એજ ફકરો પેહેલવી ભાષામાં પણ બુનદેહેશમાં જણાવ્યોછે.

બુનદેહેશ પ્રકરણ ૩૦ ફકરો ૨૯.

વલી એ ખોરાકની તંગી ઉતપણ કરનાર દેવને નાશ કરવાને માટે ચોકસ માંથ્રવાની કલામો નીચે મુજબ વંદીદાદમાં જણાવ્યા છે:

(૧) યથા અહુ વઇર્યો અથા રતુશ અશાતચીત હચા૦
વંઘેઉશ દઝદા મનંઘો શ્કયોથનનાંમ અંઘેઉશ મઝદાઈ૦
ક્ષથ્રેમચા અહુરાઇઆ દ્રેગુબ્યો દદત વાસ્તારેમ૦

(૨) કેમના મઝદા મવઇતે પાયુમ દદાત૦
હયતમા દરેગવાઉ દીદરેશતા અએનંઘે અનયેમ થ્વાહમાત૦
આથ્રસ્ચા મનંઘસ્ચા યયાઉ શ્કયોથનનાઇશ અશેમ
થ્રઓશચા અહુરાતાંમ મોઈ દાંસત્વાંમ દએનયાઈ ફ્રાવઓચા૦

(૩) આ અઇર્યેમા ઇશ્યો રફેધ્રાઈ જનતુ નેરેબ્યસ્ચા નાઇરીબ્યસ્ચા૦
જરથુશ્ત્રહે વંઘેઉશ રફેધ્રાઈ મનંઘો૦
યા દએના વઇરીમ હનાત મીઝદેમ૦
અશયા યાસા અશીમ યાંમ ઈશયાંમ અહુરે મસ્તા મઝદાઉ૦

ઉપર જણાવેલા અવસ્તાના માંથ્રવાની કલામો પરીને નાશ કરશે, કે જે પરી (બુરી શક્તિ) આતશ, પાણી, જમીન, તથા **ઓરવરની** નજદીક જાએ છે

વંદીદાદ ૧૧-૧૧, ૧૨ ; ૧૭, ૧૮.

પ્રકરણ ૯ મું.

અમરદાદ અમશાસ્પંદનો હરીફ જે ભુખમરાને લગતો દેવ છે તે જુદ દીનની જાતોમાં કેવી રીતે જણાએલો છે તે વીશેની વીગત.

અવસ્તામાં " ઝઇરીશ " નામનો દેવ વેદ શાસ્ત્રમાં કેમ કેહેવાએ છે—આફ્રીકાની જંગલી જાતોનો વીચાર—દક્ષીણ દરીયાના તાપુઓમાં રેહેનાર લોકોનો દેવ—ગ્રીનલેન્ડ, ફીનલેન્ડ, લેપલેન્ડના લોકોનો દેવ—જાપાનીસ લોકોનો દેવ—હીંદુઓનો દેવી—ચેલદી અને બેબીલોનના લોકોમાં ઓલખાતો એ દેવ—જરમનીમાં કેમ ઓલખાએ છે—મેડેગેસકરમાં કેમ ઓલખાએ છે

જે પ્રમાણે આપણી અવસ્તામાં જણાવામો આવ્યું છે કે હોરમજદે જુદી જુદી ચીજો ઉપર અમશાસ્પંદો મુવકેલ કીધેલા છે, અને તેઓ દરેકની સાંમે જુદી જુદી પ્રકારના બુરા દેવો તથા બુરી શકતિઓ હારેમને ઉતપણ કીધી છે, તેજ પ્રમાણે " વેદ શાશ્ટ્ર " માં પણ એવું જણાવામાં આવ્યું છે કે બ્રાહમએ જુદા જુદા દેવતાઓને ઉતપણ કીધા છે. અને

તેઓની સાંમે બુરી શકતિઓ હરીફાઈ કરે છે; અને જે પ્રમાણે અમરદાદની સાંમે "ઝઈરીશ" નામનો દેવ હરીફાઈ કરે છે, તેજ પ્રમાણે વેદમાં લખવા મુજબ ઝાડપાણને લગતા દેવતાની સાંમે "ગરસ" નામની બુરી શકતિ છે કે જે શબ્દનો અર્થ "નાશ" તરીકે થાય છે. વલી વેદ શીવાએ બીજી જુદદીનને લગતી જાતોમાં એ ભુખમરાને લગતો દેવ જુદે જુદે નામે કેમ ઓલખાએ છે, તેની ટીપ નીચે મુજબ છે:

આફ્રીકામાં કેરન્સ (karens) નામની એક જંગલી પ્રજાછે કે જે એ દેવને કેફ્ન (kephn) નામથી કહે છે, અને એને વીશે એ પ્રજાનો એવો મત છે કે તે હવાની અંદર એક મોટાં હોજરાં (stomach) ના આકારમાં સેહેલ કરયા કરે છે, અને સઘલો ખોરાક ખેતરમાંથો તે ગેબી રીતે ચોરીને ખાઈ જાએ છે.

વલી દક્ષીણ મહાસાગરની બાજુએ આવેલાં તાપુના (Isianders of the South Sea) જંગલી લોકો એ દેવને "મીરૂ" (Miru) નામથી ઓલખેછે, અને એને વીશે એ લોકોનો એવો ખ્યાલ છે કે તે, અને તેની પુત્રીઓ, માણસોના કલેજામાં ભરઇને સઘલો ખોરાક ચુસી લે છે.

ગ્રીનલેન્ડના, ફીનલેન્ડના અને લેપલેન્ડના લોકો (The Greenlanders, the Finns and the Laps) એ દેવ વીશે એવું સમજેછે કે તે હવામાં ઉડતો ફરેછે અને માણસ જાતને હેરાન કરવાને માટે ગાએનું સઘલું દુધ તેના થાંનમાંથી ચુસીને પી જાએછે.

જેપાનીસ લોકો તેને "કાગુરા" (Kagura) ના નામથી ઓલખે છે, અને એ દેવને માટે એઓનો ખ્યાલ આ પ્રમાણે

છે કે, તેની ઉંચાઈ ૧૨ માઇલ જેટલી છે, અને એટલો પટલો છે કે તે દેખાઇ પણ નહી શકાએ. અને એનું મોહું એટલું તો નાના કદનું છે કે તેની ભયંકાર ભુખ મતાડવાને માટે તે તદન નાપુરતું છે.

હીંદુસ્તાનની કેટલીએક જંગલી પ્રજાઓ, અને મુખ્ય કરીને ત્રેવનકાર (Travancore) ની જંગલી જાત એ બુરી શકતિને "કાલી માતા" તરીકે કહેછે અને તેનો ચીતાર તેઓ એક બ્યાનક, ચાર હાતવાલી, મોટા આંખના ડોલાવાલી, ઉભા વાલવાલી, બહાર નીકલેલી જીભવાલી, કાલી ચાંમડીવાલી, તથા ગરામાં માણસોના ડોકાંની હાર પેહેલી દેવી તરીકે આપેછે, અને તેને ખુશી રાખવાને (to propitiate) ઘણીએક પ્રકારણા ભોગો (sacrifices) તેઓ આપેછે.

અસલના ચેલડીક તથા બેબીલોનના લોકો (The Chaldeans, the Babylonians) એ દેવને "અખખરૂ" (Akhkhru) નામથી જાનતા હતા, અને એમ સમજતા હતા કે તે માણસોનું લોહી જ્યારે તેઓ ભર ઉંઘમાં હોય ત્યારે ચુસી લેતો હતો.

જરમનીના લોકોમા એવો વેહેમ છે કે એ ભુખમરાને લગતો દેવ કે જેને તેઓ "નાચઝેરર" (Nachzehrer) ના નામથી બોલેછે તે ઘણું કરીને મુવેલાં માણસોના દતાએલાં મુરદાં ખાઈ જાએછે. અને હાલના વખતમાં પણ કેટલાએક જરમન લોકો પોતાના ગુજરેલાંઓને દાતે છે, ત્યારે તેની સાથે અનાજ પણ મુકેછે કે જેથી કરીને તે દેવ અનાજ ખાઇને મુરદાને ખાઈ ન જાએ.

મેડેગેસ્કરના તાપુના લોકો (The Madagascans) એ દેવને "ન્યંગ" (Nyang) ના નામથી પીછાને છે અને એઓને એવો વેહેમ છે કે તે પાકાં ફલોને ખાઇ જાયછે, અને ખીલતા અનાજને સુકવી નાખે છે.

એ પ્રમાણે બીજી ઘણીએક પ્રજાઓ જુદી જુદી રીતે એ દેવને નામ આપી ઓલખેછે અને જુદાં જુંદાં મત (beliefs) એને વીશે રાખે છે.

પ્રકરણ ૧૦ મું.

અમરદાદ અમશાસ્પંદમાં મુખ્ય ગુણ જે લાંબી જીંદગી તથા તનની મજબુતી આપવાનો છે, તે બીજા કયા અમશાસ્પંદો તથા ઇજદો આપી શકેછે તે વીશેની વીગત.

તનની મજબુતી બહમન, અર્દીબેહેસ્ત, અને શહરેવર આપી શકે છે—મેહેર ઇજદ પણ આપે છે—સરોશ—આદર—આંવાં—બેહેરામ—હોમ ઇજદ.

અમરદાદ અમશાસ્પંદની મુખ્ય ખાસ્યત (special attribute) શરીરની તંદરોસ્તી અથવા મજબુતી આપવાની અને રવાનની અમરગી બક્ષવાની છે, તોપણ એ બેહુમાહેથી પેહેલી ખાસ્યત બીજા ક્યા ઇજદો ધરાવે છે તેની વીગત અવસ્તા મુજબ નીચે પ્રમાણે છે:

(૧) જો કે બહમનની મુખ્ય ખાસ્યત મનની ભલાઈ, અર્દીબેહેસ્તની અશોઈ, અને શેહેરેવરની આપઅખત્યાર પાદશાહી આપવાની છે, તોપણ એ ત્રણો અમશાસ્પંદોમાં

શરીરની મજબુતી આપવાની પણ ઉતરતી ખાસ્યત (secondary attribute) હોય એમ આપણને જણાએ છે. કારણકે અવસ્તાના કલામ મુજબ, પઢનાર આ પ્રમાણે પોતાને માટે ઈચ્છે છે.

વોહુ ઉખશ્યા મનંઘા ક્ષથ્રા અશાચા ઉશ્તા તનુંમ

"બહમન, શેહેરેવર અને અર્દીબેહેશ્તની મારફતે મારાં **શરીરને વધારૂં તથા તંદરોસ્ત કરૂં**

ઈજશ્ને ૬૮–૨૩. ખુરશેદ ન્યાયશ—મેહેર ન્યાયશ.

(૨) જે માણસ મેહેર ઈજદની આરાધણા કરે છે તેને જે જુદી જુદી પ્રકારની બક્ષેશો કરવામાં આવે છે, તેમાં શરીરની મજબુતી પણ આપવામાં આવે છે. એટલા માટે મેહેર ઈજદ આ પ્રમાણે કહે છેઃ—

કહમાઇ રએશ્ચ ખરેનશ્ચ, કહમાઇ તન્વો દરવતાતેમ, અઝેમ બક્ષાની ક્ષયમ્નો.

"હું રાજકરનાર કોનને દોલત અને કીર્તિ, કોણને **તનની મજબુતી આપું.**"

મેહેર યશ્ત ૨૭ મો કરદો.

(૩) વલી જોકે સરોશ એક ઈજદ તરીકે જણાયલો છે, તો પણ તેની પદવી ઈજદોમાં ઊંચી છે, અને અવસ્તામાં એને કોઈ કોઈ ઠેકાણે અમશાસ્પંદોની પદવીનો પણ ગણ્યો છે; અને એનું મુખ્ય કામ એષ્મ દેવને મારવાનું છે તથા દુન્યાની રક્ષા કરવાનું છે તોપણ જે માણસ એની આરાધણા કરે છે તેને શરીરનું જોર તથા તનની દરૂસ્તી પણ બક્ષે છે. એટલા માટે ભણનાર એની પાસે આ પ્રમાણે દુવા ઈચ્છે છે.

અધનો તુમ સઓશ અરગો હુરઓધ, ઝાવરે દયાઉ હીતઅએ-ઈબ્યો દ્રવાતેમ તનુબ્યો

"અએ ખુબસુરત અશો સરોશ ! આ દુન્યામાં હમારા ઘોડાને માટે જોર આપ, તથા તનને માટે મજબુતી આપ."

ઇજિશ્ને ૫૭–૨૬.

(૪) વલી જે કોઈ આદર ઇજદને વખાણે છે, તથા એની ન્યાયેશ કરે છે તેને પણ સુખવાસી લાંબી જીંદગી મલેછે; અને અનેક પ્રકારની બક્ષેશો જે ભણનાર આતશ પાસે માગેછે તે માંહેલી નીચે મુજબ પણ માંગેછે.

દાયાઉ મે આતર્શ પુથ્ર અહુરહે મઝદાઉ આસુ ખાથ્રેમ, આસુ થ્રાઈતીમ, આસુ જીતીમ, પોઉરૂ ખાથ્રેમ, પોઉરૂ થ્રાઈતીમ, પોઉરૂ જીતીમ.

"જલદીથી સુખ, જલદીથી પોષણ, જલદીથી લાંબી જીંદગી, પુરતું સુખ, પુરતું પોષણ, અને પુરતી લાંબી જીંદગી, ઓ હોરમજદના છોકરા આતશ ! તું મને આપ."

ઇજિશ્ને ૬૨–૪. આતશ ન્યાયેશ.

(૫) વલી આવાં ઈજદ, જે એક નારી ફરેસ્તો છે તેનામાં પણ અનેક પ્રકારના ગુણો સમાએલા છે. જેમકે તે ખાલેસ, દેવથી જુદી, હોરમજદના તરીકા મુજબ ચાલનારી, લોકોને માટે ઈજવા લાયક, તોલાંને વધારનારી, દુન્યાંને આબાદ કરનારી, માલ મીલકત વધારનારી, અને બીજા ઘણાએક ગુણો ધરાવનારી છે. અને તે ગુણો મધે અર્દવીસુર (આવાં ઈજદ) ને "બએશઝ્ય" એટલે તંનદરોસ્તી આપનારી અને "આધુફ્રાધ" એટલે જીંદગીને વધારનારી તરીકે પણ કેહેવામાં આવી છે. અને આવાં ઈજદ પાસે ચોકસ, ઈરાંનીઓએ જે મુરાદો માંગી હતી તેમાં તનની દરોસ્તી તથા લાંબી જીંદગી પણ માગી હતી.

(૬) જે માણસ બેહેરાંમ ઈજદની આરાધણા કરે છે, તેને હોરમજદનો પેદા કીધેલો બેહેરાંમ આ પ્રમાણે કહે છે:—

અમ અહમી અમવસ્તેમો, વેરેથ્ર અહમી વેરેથ્રવસ્તેમો.

ખરેનંઘ અહમી ખરેનંઘસ્તેમો, યાન અહમી યાનવસ્તેમો.

સઓક અહમી સઓકવસ્તેમો, બએશઝ અહમી બએશઝયોતેમો.

"હિમ્મતમાં હું ઘણો હિમ્મતવાન છું, ફતેહમાં હું ઘણો ફતેહમંદ છું. નુરમાં હું ઘણોજ નુરવાલો છું, બક્ષેસમાં હું ઘણોજં બક્ષેશવાલો છું. ફાએદામાં હું ઘણોજ ફાએદાવાલો છું, તંદરોસ્તીના ઉપાયોમાં હું ઘણોજ તંદરોસ્તી આપનાર છું"

બેહેરાંમ યસ્ત

(૭) વલી જે પ્રમાણે અમરદાદ દરદને પછાત નાખી તનને દરોસ્તી બક્ષે છે તે પ્રમાણે હોમ ઈજદ પણ કરી શકે છે; અને એ વીશે ઈજસ્નેમાં ઘણા એક ફકરા આવે છે કે જ્યાં હોમનો મુખ્ય એલકાબ "દુરઓશો" છે, કે જેનો અર્થ દુ:ખને પછાત નાખનાર તરીકે થાએ છે. અને જરથુસ્તે એને "બએશઝયો" એટલે તંદરોસ્તી આપનાર તરીકે કહયો હતો. (જુવો ઈજશ્ને ૯–૧૯) અને સૌથી મુખ્ય બક્ષેશ જે હોમ પાસે માગવામાં આવે છે, તે આ મુજબ તેનો આરાધણા કરનાર માંગે છે.

ની તે ઝાઈરે મધેમ મ્રુયે. ની અમેમ ની વેરેથ્રેમ.

ની દસવરે ની બએશઝેમ. ની ફ્રદથેમ ની વરેદથેમ.

ની અઓજો વીસ્પો તનુમ.

અએ સોનેરી હોમ! તારૂં દાહપણ, તારી હિમ્મત, ફતેહ,

તંદરોસ્તી, તંદરોસ્તીના ઉપાય, આબાદી, વૃદ્ધિ તથા તમામ શરીરનુ કૌવત હું માંગુછું.

ઇજિસ્ને ૯-૧૭

ઈમેમ થ્વામ થ્રીતીમ યાનેમ હઓમો જઇધ્યેમી દુરઓશ દરેઘો જીતીમ ઉસ્તાનહે.

"અએ દરદને પછાત નાખનાર હોમ ! તારી પાસે ત્રીજી બક્ષેશ જીવની લાંબી જીંદગી હું માંગુછું.

ઇજિસ્ને ૯-૧૯.

એ ઉપરથી જણાએ છે કે અમરદાદ અમશાસ્પંદના જે બે મુખ્ય ગુણો તનની દરોસ્તી તથા રવાવની અમરગીને લગતા છે, તે હોમ ઈજદમાં પણ સમાએલા છે.

પ્રકરણ ૧૧ મું.

અમરદાદ અમશાસ્પંદ જે ઓરવર ઉપર મુખ્ય અધિકારી છે અને જેની મુખ્ય ખાસ્યત તનની મજબુતી તથા રવાનની અમરગી આપવાની છે એ બે બાબદ વીશેનો સંબંધ કેમ થઇ શકે તે વીશેનો ખુલાસો.

ઓરવર અને લાંબી તંદરોસ્ત જીંદગીનો કેમ સંબંધ થઈ શકે તે વીશેનો ૧ લો ખુલાસો—૨ જો ખુલાસો—૩ જો ખુલાસો—ઓરવર અને અમરગીનો સંબંધ કેમ થઈ શકે તે વીશેનો ૧ લો ખુલાસો—૨ જો ખુલાસો—૩ જો ખુલાસો—

આગલાં પ્રકરણ મુજબ આપણે જોઈ ગયા કે જુદા જુદા અમશાસ્પંદો જુદી જુદી ચીજો ઉપર પ્રમુખ છે અને તે ઉપરાંત દરેકમાં જુદો જુદો એક મુખ્ય ગુણ પણ હોય છે. હવે

અમરદાદ અમશાસ્પંદ ઝાડપાણ ઉપર મુખી છે, અને એનો મુખ્ય ગુણ માણસોને આ જહાનમાં તંદરોસ્તી તથા બીનોઈ જહાનમાં અમરગી બક્ષવાનો છે. હવે ઓરવર અને લાંબી જીંદગીનો સંબંધ (connection) કેવી રીતે થઈ શકે, તેના કારણો નીચે મુજબ લખી જણાવ્યાં છે.

કારણ ૧ લું—માણસોને ખુદરતી ખોરાક ઝાડપાણ તથા ધર્તિમાંથીજ મલી આવે છે; અને જે પ્રમાણમાં ઝાડપાણ વધારે ઉગાડવામાં આવે તથા ધર્તિ ખેડવામાં આવે, તે પ્રમાણમાં ફલનો તથા અનાજનો જથ્થો પુરતો મલવાથી માણસ તેનો ઉપયોગ કરીને તંદરોસ્ત રહે છે, અને એમ કીધાથી તેનામાં કૌવત તથા શરીરની મજબુતી આવે છે, અને લાંબો વખત સુધી જીવી શકે છે. એટલા માટે ઓરવર લાંબો વખત સુધી જીંદગી તેકાવી રાખવાને માટેનું મુખ્ય સાધન છે, અને એજ કારણસર જમશેદ પાદશાહ પણ પોતાના બનાવેલા ગુફામાં જે સઘલી અગત્યની ચીજો લઈ ગયો હતો તેમાં મુખ્ય કરીને,

અવશ પવન અકવીન મેન હરવસ્પીન ઓરવરાંન તોખ્મ મદમ યેદરૂંન્ત.

પેહેલવી વંદીદાદ ૨-૩૬.

ત્યાં તે સઘલી જાતના ઝાડોના બીયાં લઇ ગયો હતો.

કારણ બીજું.—ઓરવર ઘણીએક પ્રકારના આવે છે, અને ઘણાએક ઝાડો એવી ખાસ્યતના આવે છે કે તેઓમાંથી અરક કાઢીને પીવાથી તથા ચોપડવાથી ઘણાએક દરદો નાબુદ થાએ છે. એ બાબદ વીશે આપણને વાંધો કઇ નથી કારણકે યુનાની

લોકો (The Grecians) તંદરોસ્તીને માટે ઝાડપાણની દવા બનાવીને પીતા હતા, અને અસલી ઈરાંનીઓ પણ એમજ કરતા હતા. અને વલી આપણી પવીત્ર કેતાબમાંથી પણ આપણને જુદી જુદી પ્રકારના રોપાઓના નાંમ તથા તેઓમાં શું શું ગુણો છે તે પણ મલી આવે છે. વલી હાલના વખતમાં પણ ઘણી ખરી સઘલી દવાઓ ઝાડપાણમાંથીજ કાઢવામાં આવે છે. એટલા ઉપરથી સિદ્ધ થયું, કે જે અમશાસ્પંદ ઓરવર ઉપર મુવક્કેલ હોય, તેની સત્તામાં તંદરોસ્તી તથા લાંબી જીંદગી પણ બક્ષવાનું સાંધણ હોવું જોઈએ.

કારણ ત્રીજું.— વલી વિદ્યાશાસ્ત્રના નિયમ પ્રમાણે (scientifically) પણ આપણે જાણીયે છીયે કે ઝાડ-પાણથી માણસની તંદરોસ્તી જલવાઇ રહે છે; કારણ કે એઓમાં એવી ખુબી છે કે એઓ પોતાના શરીરમાંથી દીવસની વખતે પ્રાણવાયુ હવા (oxygen gas) કે જે માણસના જીવવાના સાંધણને માટેની છે તે બાહાર કાઢે છે, અને તે માણસના દમમાં જવાથી તેને તંદરોસ્તી મલે છે; તથા માણસ પોતાના શ્વાસ (breath) માંથી જે જેહરી હવા (carbonic acid gas) બાહાર કાઢે છે તે તેઓ ચુસીલે છે અને હવાને સ્વચ્છ રાખે છે. એટલા માટે હવામાં કોઇ પણ પ્રકારની ગલીચી નહી રેહેવાથી મરકી તથા બીમારીનો ઉપદ્રવ રેહેતો નથી. એટલા માટે દીનકર્દમાં પણ આપણને ફરમાવ્યું છે કે,

પાહરીઝે અનદરવા મેન વનસતક્રીય વ ખુતકય અઇઘ વલ વહાને વીમારીય વ વસ્તક્રીયએ અનશુતા અલ યામતુનાત.

"હવાને જે કંઈ નાશ કારક તથા કોહવા જોગ (વસ્તુ) હોએ તેથી દુર રાખવી કે જેથી કરીને આદમીઓમાં બીમારી તથા મરકીનો ભય રહે નહી"

દીનકર્દ ૧ લું વાલમાં.
બાબદ ૪૬—ફકરો ૨.

એ પ્રમાણે ઓરવર અને શરીરની તંદરોસ્તી વચેનો સંબંધ જણાવ્યા પછી, ઓરવર અને રવાનની અમરગી (અમેરેતાત) વચેનો સંબંધ નીચલાં કારણો સર લખી જણાવ્યો છે.

કારણ ૧) લું. ઓરવરમાંથી નીકલતો ખોરાક ખાધાથી તથા એમાંથી નીકલતી દવાનો ઉપયોગ કીધાથી માણસ મજબુત અને તંદરોસ્ત રહી શકે છે અને પોતાની સારી તંદરોસ્તી તથા કૌવતના જોરથી તે આ દુન્યામાં તેઓનો સારો ઉપયોગ કીધાથી ઘણાએક નેક કામો કરવાને શકતિવાન થાય છે, કે જે નેક કામો તેને મીનોઈ જહાનનું સુખ બક્ષે છે. કારણ કે,

નએચીશ અખરેનતાંમ તવ નોઇતિ ઉગ્રાંમ અશ્યાંમ, નોઇત ઉગ્રાંમ વાસ્તરયામ, નોઇત ઉગ્રાંમ પુથ્રોંઇસતીમ."

નહી ખાનારામાંનો કોઈબી શખ્સ સારી પેઠે નેકીનો કરનાર થવાને, ઘણો ઉદ્યોગનો કરનાર થવાને, ઘણાં બચ્ચાં (જનવાને) ઈચ્છનારો થઈ શકતો નથી.

વંદીદાદ ૩—૩૩.

અને વલી જ્યારે જરથુશ્તે હોરમજદને પુછ્યું હતું કે,

કત અસ્તી દએનયાઉ માઝદયસ્નોઈશ ઉરૂથવરે. આઅત ઓઓંત અહુરો મજદાઓ યત ઉધરેમ પર્ઇતિ યઓ ક્ષ્તી

"માજદયસ્નની દીનનો વધારો સાથી છે? ત્યારે હોરમજદે જવાબ આપ્યો હતો કે સારી રીતે કીધેલી અનાજનીખેતીથી"

વંદીદાદ ૩—૩૦.

એટલા માટે ખેતીનો ધંધો અસલી ઈરાનીઓ ઘણો ઉત્તમ ગણતા હતા કારણ કે તે ધંધો ગોયા માજદયસ્નની દીનના તેકા જેવો તેઓ સમજતા હતા.

કારણ ૨ જુ) વલી ઓરવર અને રવાનની અમરગી વચેનો આ પ્રમાણે સંબંધ થઈ શકે કે જે પ્રમાણે ઓરવરો હોરમજદના પેદા કીધેલા કાયદાઓની માફક (according to nature's laws) કંઈ પણ તેઓના ભંગ કીધાવીના ઉગે છે, તેવાજ તરીકાવાલા માણસો પણ થાએ, તો તેઓ મીનોઈ જહાનની અમરગી મેલવવાને શકતિવાન થાએ. અને ઓરવરના તરીકા પ્રમાણે ચાલનાર જરથુસ્ત પોતે, તથા કયાની ગુસ્તાસ્પ, તથા જામાસ્પ, તથા બીજા આપણા પેગમબરના ચેલાઓ હતા. અને જે પોતાને ખરો મજદયસ્ન થવાને ઈચ્છે છે તથા મીનોઈ જહાનંના અમર્ગ સુખ મેલવવાની મુસાદ કરે છે તે આ પ્રમાણે ઈચ્છે છે કે,

યાવરેનાઉ આપો, યાવરેનાઉ ઉર્વરાઉ, યાવરનો અહુરો મજદાઉ, તાવરેનાચા હ્અશાચા.

"જેવા તરીકાવાલા પાણીઓ છે, જેવા તરીકાવાલા ઓરવરો છે, જેવા તરીકાવાલો દાદાર હોરમજદ છે, તેવા તરીકાવાલો તથા મજબવાલો (હું પણ થાઉ)."

ઈજસ્ને ૧૨—૭.

એ ઉપરથી જણાએ છે કે ઓરવર આપણને ખુદરતના કાયદાને માન આપી આ જીંદગી પસાર કરવાને માટે એક ધડો આપે છે, અને એમ ચાલ્યાથી અમરગીનો રસ્તો આપણે માટે તૈયાર થાએ છે.

કારણ ૩ જું: દરેક અમશાસ્પંદની તથા ઈજદની આરાધણા કરવાને માટે ચોકસ ફુલોની જરૂર્યાત છે, કે જે આપણુને જુદી જુદી પ્રકારના ઓરવરમાંથી મલી આવે છે. વલી એસમ, બોય, અને બીજી સુગંધી વસ્તુઓ કે જે આતશમાં બાલવામાં આવે છે, તે ઓરવરમાંથી મલી આવે છે. અને અશો રવાંનોની નૈયતે જે બાજ આફ્રીનગાન ભનવામાં આવે છે, તેમાં ફલની (fruits) જરૂર્યાત છે, કે જે પણ ઓરવરમાંથીજ મલી આવે છે. એટલા માટે જ્યારે જરથુશ્તે હોરમજદને પુછ્યું કે,

કન યસ્ન યઝાને કન યસ્ન ફ્રયઝાને ઈમત દાંમ યત અહુરહે મઝદાઉ આઅત અઓત અહુરો મઝદાઉ ઉર્વરનાંમ ઉરૂપમ્યનામ અવજસ.

"આએ પેદાએશો જે હોરમજદની છે તેને કેવી રીતે ઈજું, કેવી રીતે વધારે ઈજું? ત્યારે હોરમજદે જવાબ આપ્યો, કે બુલંદ ઉગેલાં ઝાડો આગલ તું જા."

વંદીદાદ ૧૯—૧૭,૧૮

એટલા માટે આપણે સમજ્યા કે ઓરવરની પેદાએશ, આપણને અમશાસ્પંદોની, ઈજદોની, તથા ફરોહરોની આરાધણા કરવાને માટે શકતિવાન બનાવે છે, કે જેથી મીનોઈ જહાનનું હંમેશનું સુખ આપણથી પ્રાપ્ત થઇ શકે.

ઉપલી સાબેતીઓ ઉપરથી સિધ્ધ થયું કે અમરદાદ કે જે ઓરવર ઉપર મુખી છે, તે તનની દરોસ્તી તથા રવાનની અમરગી સાથ પણ કેવી રીતે સંબંધ રાખે છે.

સમાપ્ત.

ભાગ ૨ જો.

પ્રકરણ ૧૨ મું.

અમરદાદની પેદાએશ જે ઓરવર છે, તે આ જહાનમાં કેમ પેદા થઈ હતી, તથા અમેરેતાતનું ખોવું કેવી રીતે થયું હતું, તે વીશેની વીગતો.

અમરદાદની પદાએશ જે ઓરવર છે તે ચોઠી પેદાએશ તરીકે હોરમજદે પેદા કીધી— એ વીશે બુન દેહેશનુ તથા "જેનીસીસનુ" એક સરખું કેહેવું—હારેમને તે પેદાએશને કયારે નુકસાન પોંચાડયું—ઓરવરનું પાછું સજીવન કેમ થવું—સઘલાં મલી ૧,૦૦,૦૦૦ પ્રકારના ઓરવર છે - મશ્ય અને મશ્યાએ અમર્ગ જીંદગી કેવી રીતે ખોઈ દીધી—એ વાતની જેનીસીસ સાથે સરખામણી.

દાદાર હોરમજદે જે સઘલી પેદાએશો આ જહાનને માટે ઉતપણ કીધી, તેમાંથી અમરદાદ અમશાસ્પંદને લગતી પેદાએશ જે ઓરવરની છે, તે કયારે પેદા કરવામાં આવી હતી, તે વીશેની માનવા જોગ વીગત, આપણને બુનદેહેશ નામની પેહેલવી કેતાબ, કે જે હોરમજદની સરૂવાતની પેદાએશ વીશે, તથા તેની સાંમે હારેમને જે બુરી પેદાએશ ઉતપણ કીધી હતી તે વીશેની વીગત દરશાવે છે, તે ઉપરથી મલી આવે છે. અને જે પ્રમાણે તે બુનદેહેશની કેતાબ હોરમજદની સરૂવાતની પેદાએશોનું બ્યાન આપે છે, તેજ પ્રમાણે "મુસા" (Moses) પેગમબરે પણ "જેનીસીસ" (Genesis) નામની કેતાબમાં ખુદાની પેહેલી પેદાએશો (first creations) નું બ્યાન આપ્યું છે. અને ઉપલી બેહુ

કેતાબોંમાંથી સરખામણી કરતાં સ્વચ્છ માલમ પડી આવે છે કે ઓરવરને લગતી પેદાએશ એ હોરમજદની ચોઠી પેદાએશ હતી. બુનદેહેશમાં આ પ્રમાણે જણાવ્યું છે કે,

હોરમજદ મેન દામે ગેતી ફ્રતુમ આસ્માન, દતીગર મ્યા, વ સતીગર જમીક, ચહારૂમ ઓરવર.

"જહાંનને લગતી પેદાએશોમાં હોરમજદે પેહેલે આસમાન, બીજું પાણી, ત્રીજી ધર્તી, અને ચોઠાં ઓરવર (પેદા કીધાં)."

બુનદેહેશ ૧—૨૮.

અને "જેનીસીસમાં" આ પ્રમાણે મુસાએ જણાવ્યું છે કે ખુદાએ પેહેલાં આકાશ, પછી ધર્તિ, પછી પાણી, અને પછી ઓરવર પેદા કીધાં હતાં. હવે અંગ્રમઈન્યુશ કે જેને સઘલી પોતાની પક્ષની બુરી પેદાએશો ઉતપણ કીધી હતી, અને જેને હોરમજદની સઘલી રોશનીવાલી તથા પવીત્ર પેદાએશોનો નાશ કરવાનો ઠેરાવ કીધો હતો, તે વીશે આપણને બુનદેહેશમાંથી એવું માલમ પડી આવે છે કે ફ્રરવરદીન મહીનાના હોરમજદ રોજે એ બુરા દેવ પેહેલ વેહેલાં નેક પેદાએશો તરફ "જેહ"ની (વેશ્યા ઓરતની) ઉસકેરનીથી ધસ્યો હતો. તેને પેહેલાં ભલાં પાણીઓને બગાડી નાખ્યાં, ત્યાર પછી પૃથ્વીને મધ્ય ભાગમાંથી ફાડી નાખી હતી, ત્યાર પછી તેને ત્રાજો હુમલો ઓરવર તરફ કીધો હતો, કે જેથી તેઓ કરમઇને મરી ગયાં, કાંતાવાલાં થઇ ગયાં, અને ઝેહરથી ભેલાઇ ગયાં.

બુનદેહેશ પ્રકરણ ૩ જું.

ત્યાર પછી અમરદાદ અમશાસ્પંદ, કે જેની તે ખાસ પેદાએશ છે, તેને સઘલા કરમાઈ ગએલા રોપાઓનો ભુકો કરીને પાણીમાં ભેલી નાખ્યો હતો, કે જે પાણીને ખેંચીને

તીશતર સેતારાએ વરસાદના આકારમાં વરસાવ્યું, કે જેથી આખી ધર્તિ ઉપર ઝાડો પાછા ઉગી નીકલ્યાં કે જેઓની સઘલી મલી ૧૦,૦૦૦ જાતો, હારેમનના ૧૦,૦૦૦ જાતના દુઃખોને દફે કરવાને માટે ઉગી નીકલી હતી. અને તેઓ-માંથી બીજી પ્રકારની જાતો પેદા થઇને બુનદેહેશના લખાણ મુજબ હાલમાં એઓનો ૧,૦૦,૦૦૦ જાતો હસ્તીમાં છે.

બુનદેહેશ ૯ મું પ્રકરણ,

વલી જ્યારે હોરમજદે સ્રષ્ટિની સઘલી રચના પુરી કીધી ત્યારે મશ્ય અને મશ્યાનુ જે પેહેલું જોડું પેદા કરવામાં આવ્યું હતું તેને હોરમજદે આ પ્રમાણે કહ્યું હતું:—

"તમો માણસો છો, દુન્યાના લોકો હવે પછી જે થશે તેના તમો વડાવો છો, અને તમુને મેં સંપૂર્ણ હાલતમાં પેદા કીધાં છે. એટલા માટે મારા કાયદાઓને માન આપી, સારા વીચારો, સારા સખુનો અને સારાં કામો કરતાં રેહજો; તથા કોઇબી દેવની પરસ્તી ના કરતાં." તેઓ પેહેલે એમ કરવાને કબુલ થયાં; અને એટલા માટે તેઓ અભંગ જીંદગીના તથા સંપૂર્ણ સુખવાલાં થઈ રહયાં હતાં. પણ આખરીએ હારેમને એઓને લલચાવીને તથા ફરેબ આપીને હોરમજદની સત્તાને વીરૂધ જવાને કહ્યું અને એમ તેઓએ કીધું; અને હારેમને સઘલી ચીજો પેદા કીધી છે એવું વીચારીને તેઓ તેની પરસ્તી કરવા લાગાં. એટલા માટે આ નાફરમાનીના સબબને લીધે તેઓ મોતમંદ થયાં અને અમેરેતાત તેઓએ ખોઈ દીધું. તેઓના આત્મા દોજખમાં ગયા અને હારેમને તેઓનો કબજો કીધો.

બુનદેહેશ પ્રકરણ ૧૫

હવે મશય અને મશયાનું અમેરેતાતનું ખોવું "હીબ્રુ તેસ્તામેંટ" (The Old Testament) માં જેવી રીતે દરસાવ્યું છે, તે બુનદેહેશને મલતું આવે છે. તેમાં પણ એવું લખ્યું છે કે ઈશ્વરે પેહેલાં "આદમ અને ઈવ" (Adam & Eve) ને સ્વર્ગમાં રાખ્યાં હતાં અને જો કે તેઓને ચોકસ ફલ ખાવાને ઈશ્વરે ના કહ્યું હતું, તોપણ શેતાનના ફરેબથી લલચાઈને તે ફલ (The Fruit of Knowledge) તેઓએ ખાધું, અને ઇશ્વિર તરફ નાફરમાન થવાથી તેઓએ સ્વર્ગ ખોઈ દાધું, તથા અમેરેતાત ખોઈ દીધું, અને તેઓની ઓલાદ પણ મોતમંદ થઇ.

પ્રકરણ ૧૩! મું.

ઓરવરની આરાધણાની શરૂવાત અને તે વીશે જુદી જુદી પ્રજાઓના જુદા જુદા મત વીશેની તુંક વીગત.

ઓરવરની આરાધણા અસલથી છે—કોઈ પ્રજા માને છે કે પેદાકરનારની તે બેઠક હતી.—તે દેવતાઓ તથા પેહેલવાણોનું રેહેઠાણ છે—માણસની પેદાએશ ઓરવરમાંથી હતી એવું કોઇ પ્રજાનું મત—કોઇના મત પ્રમાણે તે ગુજરેલાંઓનું રેહેઠાણ છે—આરાધણા કરવાનું ખરૂં કારણ ઇશ્વરની તારીફ કરવાને માટે છે કે જેમ ભલી દીનની શીખામણ છે.

ઘણીએક પ્રજાઓ કે જે અસલ થઈ ગઇ હતી, અને જે પ્રજાઓ હાલમાં મોજુદ છે તેઓને ઓરવર વીશે જુદી જુદી જાતની માનતા (beliefs) હતી, અને એ માનતા પ્રમાણે ઓરવરની આરાધણા (worship) કરવાને તેઓ આગેવાન

હતા, અને એઓના મતથી અસલી હુંનર અને અસલી કેલવણીને લગતા નમુના પાછળ મુકી ગયા છે.

(૧) કેટલીક પ્રજાઓનુ મત એવું છે કે પેદાએશ જ્યારે શરૂ થઇ ત્યારે ઇશ્વરે ઓરવરમાં રહીને કીધી હતી. જેમ કે અસલી તથા હાલના હીંદુઓ કે જેઓ ઝાડની પુજા કરે છે, તેનું મુલ (origin) આ પ્રમાણે છે કે, તેઓના સત્વગુણી ઇશ્વરે (બ્રહમ) જ્યારે પોતાના ઉજાશથી સ્રષ્ટિ ઉપરનુ સઘલું અંધારૂ દફે કીધું અને પૃથ્વીને તેના અસલી અંધેર માંથી (chaos) બાહાર લાવ્યો હતો, અને પોતાની ગેબી શકતિ તે ઉપર પાંથરી દીધી, ત્યારે સોનેરી કમલ (lotus) ના ફુલમાં રહીને એ સઘલું કામ કીધું હતું. એટલા માટે ઇશ્વરની શકતિ (spirit) તે ઝાડમાં ઉતરેલી છે એમ સમજીને હીંદુઓ તેને અત્યંત માનથી પુંજે છે. વલી એજ પ્રમાણે તેઓનો રજોગુણી ઇશ્વર (વીષણુ), તથા તેની ઓરત લક્ષમી, એ બંનેની શકતિ ખાલેસ સબજામાં (holy basil) ઉતરેલી સમજીને તે ઝાડની પણ પુંજા કરવામાં આવે છે. વલી એવીજ પ્રકારનું મત સ્કેનદીનેવ્યન લોકોમાં (The Scandinavians) પણ છે, અને અપસાલાની ઘટા (grove of Upsala) એ એઓના મુખ્ય ખોદા વોડન (Woden)નું રેહેથાણ સમજીને તે જગ્યાને હાલમાં પણ ઘણીજ પવીત્રગણે છે.

(૨) વલી બીજી પ્રજાઓ ઓરવરની આરાધણા કરતા હતા તે આ કારણને માટે કે તેઓની કલપણા પ્રમાણે ચોકસ દેવતા અને ગુજરી ગએલા પેહેલવાનોનું તે મઠક છે. જેમકે ગ્રીક લોકો (the Grecians) માનતા હતા કે તેઓનો મુખ્ય દેવતા ઝીયસ (Zeus) નું માનીતું ઓરવર "ઓક (Oak)

નું હતું, તેઓની દેવી એથીની (Athenæ) નું ખાસ ઓરવર "ઓલીવ" (Olive) નુ હતું, અને "લોરલ" (Laurel) તેઓના પેહેલવાન એપોલો (Apollo) નું હતું. એટલા કારણસર જ્યાં તે ઝાડો ઉગી નીકલતાં હતાં ત્યાંજ તેઓનું મઠક (sanctuary) બાંધવામાં આવતુ હતું; તે દેવતાઓ અને પેહેલવાનોની આરાધણા તેઓના માંનીતાં ઝાડની દાંખલી હાથમાં લીધા વગર નારવા ગણાતી હતી; લડઈમાં એ પેહેલવાનો તેઓને મદદ આપે તેથી ભાલા ઉપર તેઓના માનીતા ઓરવરના પાંદડાં ખોસવામાં આવતાં હતાં; ફતેમંદ સરદારોના સર ઉપર તે પાદડાંનુ તાજ મુકવામાં આવતું હતું; અને જ્યારે પર્સયન્સ (The Persians) અથવા "ગ્રીશ્યન્શ" મોહટી ફતેહ મેલવતા હતા ત્યારે પોતીકા માનીતા પેહેલવાન અથવા દેવતાના ઝાડને મોહટી કીર્યા સાથ કીમતી બખતરોના સત અરપણ કરતા હતા. અને એ પ્રમાણેના દાખલા તવારીખમાંથી જે મલી આવે છે તેમાંનો એક નીચે મુજબ લખી જણાવ્યો છે.

A certain plane-tree in Lydia was presented by Xerxes with vessels of gold and costly apparel, and committed to the guardianship of one of his immortals (Herodotus vii. 31).

વલી હાલના વખતમાં પણ ભીલ, કોલી, દુબરા અને બીજી ગામડેની લગતી જંગલી પ્રજાઓ પોતાના રેહેથાણના ઝુંફડાંઓ આગલ વડનું કે આમલીનું કે પીપડાનું ઝાડ હોય છે તેની ઉપર દેવોની તસ્વીર પાડે છે અને તે ઝાડની પુજા કરે છે.

(૩) વલી ઓરવરની આરાધણાનું ત્રીજું કારણ એ છે જે કેટલી પ્રજાના વીચાર પ્રમાણે માણસ જાતની પેહેલી પેદાએશ

ઈશ્વરે ઝાડમાંથી કીધી હતી. જેમ કે મશ્ય અને મશ્યાનુ જોડું રૂબર્બ (Rhubarb) માંથી; નોરવેજયન્સ લોકો પ્રમાણે પેહેલો પુરૂષ અસ્ક (Ask) અને તેની ઓરત એમબ્લા (Embla) ને ઓદીને (Odin) ઝાડમાંથી પેદા કીધાં; ગ્રીકસ પ્રમાણે ઝીયસે ખાકના ઝાડમાંથી (ash-tree) માણસોની પેદાએશ ઉતપણ કીધી. એટલા માટે તેઓના પેહેલાં માબાપ ઓરવરમાંથી પેદા થયાં એવું માણીને કેટલાંક લોકો તેની આરાધણા કરે છે.

(૪) કેટલીક પ્રજાઓ એવું માણે છે કે ગુજરેલાંઓનો રૂહ ઝાડમાં વસે છે, તેથી તેઓના લાગતા વલગતાઓની ઘોર ઉપર ખુશબોદાર ઝાડ તેઓ રોપે છે કે જે ઝાડ ઉખેડી નાખવામાં તેઓ મોહટો ગુનાહ સમજે છે. અને ચોકસ દીવસો ઉપર તેઓપર બતી સલગાવામાં આવે છે. પેલેસ્તાઈન, સીર્યા, મકકા, કોન્સતેન્ટીનોપલ અને બીજા મુસલમીન રાજ્યોમાં એ રેવાજ સાધારણ છે, અને તેઓના ગુજરેલાંઓ તરફ માનપુર્વક લાગણી દેખાડવાને માટે ઓરવરને અનેક પ્રકારે સંગારે છે.

(૫) જેમ જેમ માણસોની હાલત સુધરતી જાએ છે અને કેલવણીમાં તેઓ આગલ વધતા જાએ છે તેમ તેમ ઓરવરની આરાધણા કરવાને લગતાં ઉપર જણાવેલા વેહેમી કારણો માનવા જોગ લાગતાં નથી, અને ઝાડની પુંજા કરવાને બદલે ફકત આટલાંજ કારણસર તેની વખાણ કરે છે કે એ પેદાએશમાં ઈશ્વરની અનેક શકતિઓની એક શકતિ જોવામાં આવે છે. અને તે માણસજાતના ખોરાક, તંદરોસ્તી, અને અનેક

પ્રકારના બીજાં સુખોને માટે ઈશ્વરે પેદા કીધું છે. એટલાંજ કારણને માટે ભલી દીન ઓરવરની વખાણ કરવાને કહે છે. અને એ કારણ સાધારણ સમજ પણ કહે છે કે ભલી દીને

અવીન ગોફ્તે યેકવીમુનેત લા હનબજશ્ને; કુલા પવન રાસત્ય, પઝીરફ્તન, ચાશતન ખુપ.

આએ જે કહેલું છે તેમાં વાંધા જેવું કંઈ નથી; અને તે સઘલું રાસ્ત છે, પસંદ કરવા જોગ છે, અને સારી રીતે શીખવા લાયક છે.

પ્રકરણ ૧૪ મું.

અવસ્તા તથા પેહેલવી કેતાબોમાંથી મલી આવતાં જુદી જુદી પ્રકારના ઓરવરો, તથા તેઓમાં સમાએલા ગુણોની વીગત.

ઓરવર અમરદાદની પેદાએશ છે, એટલા માટે મુખ્ય ઓરવરોની વીગત જાણવી અગત્યની છે—ગઓ કેરેન—હોમ—વીસ્પતોખમન—બરસમ—ઉરવાસન—વોહુ ગોઅન—વોહુ કેરેતી—હધાનએપત—ખજુરી—અને એ શોવાએ ખુનદેહેશમાંથી મલી આવતાં બીજી પ્રકારના ઓરવરો.

જયારે આ રસાલો અમરદાદ અમશાસ્પંદ વીશે લખવામાં આવ્યો છે, અને જયારે એ અમશાસ્પંદને લગતી ખાસ પેદાએશ ઓરવર છે, એટલા માટે અવસ્તા તથા પેહેલવી કેતાબોમાંથી, કયાં કયાં મુખ્ય પ્રકારના ઓરવરો છે, તથા તેઓની મુખ્ય ખાસ્યતો શું છે, તે જણાવવું પણ અગત્યનું છે. સૌથી મુખ્ય રોપો "ગઓ કેરેન" નામનો છે. અને

સધલા રોપાઓનો એને રાજા તરીક ગણવામાં આવ્યો છે, અને એ રોપો અમરગી બક્ષે છે એમ પણ જણાવામાં આવ્યું છે. વલી બુનદેહેશના લખાણ મુજબ શરીરમાંથી "ઝઈરીકા" (નાતવાની) કાઢી નાખવાને માટે હોરમજદે એ રોપાને પેદા કીધેલો છે; તથા ફરશકન્તના વખતે (Time of resurrection) સ્રષ્ટિને માટે નવો ફેરફાર (renovation) કરવાને માટે એ ઉપયોગી છે.

જુવો બુનદેહેશ ૧૮ મું પ્રકરણ; ૨૭ મું પ્રકરણ

વલી એ ઓરવર વીશે હોરમજદે આપ્રમાણે જણાવ્યું છે કે

અધ અઐમં યો અહુરો મઝદાઉ ઉર્વરાઉ બએશઝયાઉ ઉઝબરેમ પોઉરૂશ પોઉરૂ સતાઉ, પોઉરૂશ પોઉરૂ હઝંધ્રાઉ, પોઉરૂશ પોઉરૂ બએવનો, ઓઇમ ગઓ કેરેનેમ પઇતિ૦

"હું કે હોરમજદ છું તેને "ગઓકેરેનની" આસપાસ પુષ્કલ સો ધણા, પુષ્કલ હજાર ધણા, પુષ્કલ દસ હજાર ધણા (જાતના) તંદરોસ્તી આપનારા ઓરવરો ઉગાડયાં છે."

વંદીદાદ ૨૦–૪

(૨) "હઓમ" બુનદેહેશના લખાણ મુજબ એ રોપો સધલા-ઓનો "રતુ" (સરદાર) તરીકે છે, અને તંદરોસ્તીને માટે સૌથી મુખ્ય છે. અગરજો હોમનું પાણી નીચવીને પીધુ હોય તો શરીરને મજબુતી આપે છે. તથા

રેનજઇતી હોમહે મધો

હોમનુ પીવું (સધલી મુશકેલીઓને) આસાન કરે છે"

ઇજશ્ને ૧૦, ૮

વલી એ રોપાનું પાણી ઇજસ્નીથી કીર્યા કરીને પીધું હોય તો,

ઉરૂનએચ પાથમઇન્યોતેમો

"સ્વાનને માટે તે ઘણોજ મીનો રસ્તો દેખાડનાર છે"
(ઈજશ્ને ૯–૧૬) વલી એ રોપા વીશે વંદીદાદમાં (૬–૪૩) જણાવ્યું છે કે અગર જો તેમાંથી ગાલેલું પાણી કોઈબી રીતે ગલીચ થાએ, તો તે પાછું પાક થઈ શકે નહી. પણ એ રોપાનો કોઈબી ભાગ ગલીચ થાએ તો તે ભાગ ચાર આંગલની લંબાઈ જેટલો કાપી નાખવો અને બાકીનો ભાગ એક વરષ સુધી સુકવ્યા પછી ઉપયોગમાં લેવો.

(૩) "બરેસમન." અમશાસ્પંદોની આરાધણા કરતી વખતે આ ઝાડની દાંખલીઓ હાથમાં લઇને તેઓની બંદગી કરવામાં આવે છે. ઇજશ્ને કરતી વખતે, એટલા માટે, "જોતી" આખો વખત બરસમની તાએ (સલીઓ) હાથમાં રાખી મેલે છે. અને વલી સરોશ ઈજદ વીશે એવું કેહેવામાં આવ્યું છે કે,

યો પોઈર્યો મઝદાઉ દામાંન ફ્રસ્તેરેતાત પઇતિ બરેસમન યઝત અહુરેમ મઝદાંમ, યઝત અમેશે સ્પેનતે

તેને હોરમજદની તમામ પેદાએશમાં પેહેલવેહલાં પાંથરેલી બરસમથી હોરમજદને તથા અમશાસ્પંદોને આરાધ્યા."

ઈજશ્ને ૫૭–૨.
સરોશ યશ્ત વડી કરદો ૧ લો.

એ ઉપરાંત સુર્ય, સેતારા અને ચંદ્રની આરાધણા પણ એ ઓરવરની સનમુખ ઉભું રહીને કરવાની અગત છે. એ વીશેની સાબેતી આપણને નીચલા ફકરા ઉપરથી મલી આવે છે.

સ્ત્રેઉશચ માઉઘેમચ હવરેચ ઉર્વરાહુ પઇતિ બરેસમન્યાહુ, મીથ્રેમ વીસ્પનાંમ દખ્યુનામ દંધુપઈતીમ આયેસે યેસ્તી.

"સેતારા, ચંદ્રમાં, અને ખોરશેદને, તથા તમામ દેશના દેશપતિ મેહેર ઈજદને બરસમને લગતાં ઓરવરની સનમુખ ઈજશનેમાં હું યાદ કરૂં છું"

ઈજશ્ને ૨-૧૧.

(૪) "વીસ્પતોખમન." એ શબ્દનો અર્થ સઘલાં તોખમવાલો" તરીકે થાએ છે. અને એ ઓરવરમાંથી બીજાં ઓરવરના તોખમ ઉતપણ થાએ છે એમ ધારવામાં આવે છે, અને બુનદેહેશના લખાણ મુજબ એ "વોઉરૂકશ" દરયામાં "ગોકરેન" ના ઝાડ આગલ ઉગેલું છે.

(૫) "ઉર્વાસ્ન" સુખડને લગતું ઝાડ. "વોહુગોન" લોબાનને લગતું ઝાડ. "વોહુકરેતી" અગરને લગતુ ઝાડ. "હધાનએપત" એક જાતની ખુશબોઈદાર ઓરવરની પદાર્થ. ઉપલી ચાર ખુશબોદાર ઝાડોને લગતી પદાર્થો ઘણુ કરીને જયારે કોઇ માજદયસ્ન ગુજરી જાય છે ત્યારે તેઓના શરીર આગલ, બાલવામાં આવે છે, કે જેથી કરીને તે મુવેલાં શરીર ઉપર "દરૂજેનસુસ" ધસારો નહી કરી શકે અને તે શરીરમાંથી નીકલતી મવાહ દુર થઈ જાએ છે. અને જયારે આતશમાં એ ચીજો બાલવામાં આવે છે ત્યારે,

અહમાત કહમાત ચીત નએમનાંમ હઝંધ્રધન પઈતીજસઈતિ આતંશ મઝદાઉ અહુરહે હએવનાંમ મઈન્યવનાંમ તેમસચીથ્રનાંમ દ્રવતાંમ બીઝવત યાતુનાંમચ પઈરીકનાંમચ.

"તે તરફ મીનો દેવો કે જેઓ અંધારી સુરતના દરવદો છે તેઓને, તથા એથી બેવડા જાદુગરોને, તથા પરીઓને, હોરમજદનો આતશ હજાર ઘણા મારનાર તરીક સાંમે જાએછે."

વંદીદાદ ૮—૮૦

વલી ઉપલાં કહેલાં સઘલાં ઝાડો મુખ્ય છે, અને એ શીવાએ "મરતલ" (Myrtle) અને ખાજુરીના ઓરવરો પણ અગત્યના ગણવામાં આવ્યાં છે, કારણકે બુનદેહેશના લખાણ મુજબ બીજાં ઘણીએક પ્રકારના ઓરવરોને એ ઝાડોના નમુના ઉપરથી બનાવ્યાં છે.

જુવો બુનદેહેશ પ્રકરણ ૨૪

વલી એજ કેતાબના ૨૭ માં પ્રકરણમાં માણસોના ઉપયોગને લગતાં જે સઘલી પ્રકારના ઓરવરો છે જેમકે, ફલને લગતાં, અનાજને લગતાં, ફુલને લગતાં, દવાને લગતાં, લાકડકાંમને લગતાં, મસાલાને લગતાં અને બીજાં અનેક પ્રકારને લગતાં, તે સઘલાં લખી જણાવામાં આવ્યાં છે.

પ્રકરણ ૧૫ મું.

અમરદાદ અમશાસ્પંદની મુખ્ય પેદાએશ જે ઓરવર છે, તે આ જહાનનાં માણસોને માટે કેટલી પુષ્કલ રીતે અગત્યની છે એ વીશેનો ખુલાસો.

દાદાર હોરમજદે માણસના ઉપયોગ અને સુખને માટે ઘણી ચીજો પેદા કીધી છે—ઓરવર પણ માણસને માટે ઘણીજ અગત્યની પેદાએશ છે—તેના કારણો—કારણ ૧ લું—કારણ ૨ જું—કારણ ૩ જું—કારણ ૪ થુ—કારણ ૫ મું.

દાદાર હોરમજદે માણસના ઉપયોગને માટે તથા તેઓના સુખને માટે ઘણીએક ચીજો પેદા કીધી છે જેમકે, ધર્તી, પાણી, હવા, રોશની ઈત્યાદી. અને એ ચીજો આદમીઓના જીવનના તથા સુખના સાંધણોને માટે જુદી જુદી રીતે

જે પ્રમાણે મદદ કરે છે, તેજ પ્રમાણે ઓરવર અથવા ઝાડ પાણની પેદાએશ પણ ઘણેજ દરજજે માણસને ઉપયોગી છે, તે નીચલાં કારણો ઉપરથી જણાશે.

કારણ ૧ લું—ઓરવરમાંથી ફૂલ, ફલાડી, અનાજ, પેદા થાએ છે કે જે માણસના, પસુના, તથા પક્ષીનાં જીવવાને માટેનું સૌથી અગત્યનું સાધણ છે. અને એમાંથી જે ખોરાકી મલે છે, તેથી આખી જહાન જીવી શકે છે, અને એ પેદાએશ જો નહી હોય તો આખી જહાન મરી જાએ. કારણ કે

ખાશય ઝી વીસ્પો અંઘુશ અસ્તવાઉ જીવઈતી૦ અખાશે ફ્રમઈર્યીઈતી૦

"ખચીત સઘલી હાડમંદ દુન્યા ખાધાથીજ જીવી શકે છે અને નહી ખાધાથી તે મરી જાએ" વંદીદાદ ૩—૩૩

કારણ ૨ જું—માણસોની બીમારી દફે કરવાને માટે ચોકસ સાંધણો હોય છે. જેમકે વાધકાપ કીધાથી, સખાવત કીધાથી, માંથ્રવાની ભનવાથી, અને ચોકસ દરદોને માટે ચોકસ ઈજદોની આરાધણા કરવાથી, તે દરદો દફે થાય છે. એ શીવાએ બીજો એક અગત્યનો ઉપાય કે જેથી પણ બીમારી દુર થાએ છે તે દવાદારૂથી છે. અને અનેક પ્રકારની દવાઓ ઝાડપાણમાંથી બનાવામાં આવે છે. એ કારણુસર અર્દીબેહેસ્ત યશ્તમાં જે જુદી જુદી પ્રકારના વૈધો જણાવામાં આવ્યા છે તેમાં એક પ્રકારનો વૈધ "ઉરવરો—બએશઝયો" તરીકે પણ જણાવ્યો છે, કે જેનો અર્થ "ઝાડપાણને લગતો વૈધ" તરીક થાએ છે. વલી દાદાર હોરમજદે જરથુસ્તને જે સઘલા જુદી જુદી પ્રકારના વૈધો જણાવ્યા છે તેમાં પણ ઓરવરને લગતો વૈધ જાહેર કીધો છે.

જુવો વંદીદાદ ૭—૪૪

વલી જરથુશ્તે એટલે દરજજે પણ જણાવ્યું છે કે,

"દરદની સાંમે થવાને, કવખતના મોહતની સાંમે થવાને, તાપની સાંમે થવાને, અને અંગ્રમઈન્યુશે જે અનેક પ્રકારના દુઃખો માણસોને માટે ઉતપણ કીધાં છે, તેઓને દફે કરવાને માટે "થ્રીત" નામના શખ્શે, ઝાડપાણમાંથી રસ નીચવીને ઘણી એક દવા સોધી કાઢી હતી."

જુવો વંદીદાદ ૨૦–૨, ૩.

કારણ ૩ જું—ઉપલાં બંને કારણસર ઓરવર માણસની જીંદગી, તથા તંદરોસ્તીને માટે અગત્યની પેદાએશ છે એટલુંજ નહી, પણ તે આદમીને સંગાર આપનારી પણ એક પેદાએશ છે. કારણ કે ઓરવર ઉપર રૂઉ (cotton) ઉગે છે, કે જેમાંથી અનેક પ્રકારના સફેદ વસ્ત્ર બનાવામાં આવે છે કે જે,

સ્પએતાઉ વસ્ત્રાઉ દએનયાઉ માઝદયસ્નોઈશ ઉપમનેમ

"સફેદ વસ્ત્ર માજદયસ્ની દીનની નીશાની છે"

એટલા માટે ઓરવર એક માજદયસ્નને સોભા આપનારી ચીજ છે.

કારણ ૪ થું—ઈમારતો બાંધવાને માટે તથા અનેક પ્રકારનો સાહિત્ય (furniture) બનાવાને માટે તથા ખોરાક પકાવવાને માટે આપણને લાકડાંની અગત્યાત છે, કે જે પણ આપણને ઓરવર પુરૂં પાડી આપે છે.

કારણ ૫ મું—વરાલયંત્ર ચલાવવાને માટે કોયલાનો (coal) ઘણો મોટો ઉપયોગ કરવામાં આવે છે, કે જે પણ ઓરવરની પેદાએશ છે એમ આપણને વિદ્યા (Science) શીખવે

છે, અને એ કોયલાના ઉપયોગથી વરાલયંત્રો તથા અનેક પ્રકારના કારખાનાંઓ (factories) ચાલે છે કે જેમાંથી માણસોના ઉપયોગને લગતી સંખ્યાબંધ ચીજો તૈયાર થઈ બાહાર આવે છે. એટલા માટે ઓરવર એક દેશના ઉદ્યોગ (industry) નો પાયો છે.

એ શીવાએ ઘણાંએક અગત્યનાં કારણો ઓરવર વીશે આપણે કહી શકીયે; પણ ઉપલાં લખાણ ઉપરથી સ્વચ્છ રીતે જણાઇ આવે છે કે એ પેદાએશ માણસની જીંદગી, તંદરોસ્તી, સોભા, ઉપયોગ, અને ઉદ્યોગને માટે કેટલી અગત્યની છે.

પ્રકરણ ૧૯ મું.

અમરદાદ અમશાસ્પંદની પેદાએશને (ઓરવરને) કેઈ ચીજો આબાદ કરે છે તથા વધારે છે, તથા તેને પાક કરવા વીશેની, અવસ્તામાંથી મલતી વીગતો.

ઓરવરને આબાદ રાખવાને, ખુદરતને લગતી નીચે પ્રમાણે જણાવેલી ચીજો છે—૧ ફરોહરો—૨ ખોરશેદ—૩ ધર્તિ—૪ દર્યા, નદીઓ—૫ વરસાદ—૬ સર્વોત્મ અશો માણસ—ઓરવરને પાક કરવાને માટે અવસ્તામાં જણાવેલા વચણો—

અમરદાદ અમશાસ્પંદની ખાસ પેદાએશ જે ઓરવર છે, તેને વધારવાને માટે તથા જીવતી રાખવાને માટે ખુદરતમાં કેઈ ચીજો મદદ કરે છે તે નીચે પ્રમાણે જણાવ્યું છે.

(૧) ફરોહરો—હોરમજદની પેદા કીધેલી ખુદરતની આખી રચના તેકાવી રાખવાને માટે ફરોહરોની ઘણી મોટી

મદદ છે એમ આપણને અવસ્તાના ઘણાએક ફકરા ઉપરથી માલમ પડે છે. બુનદેહેશના જણાવવા મુજબ જયારે પેહેલાં અંગ્રમઇન્યુશે સ્રષ્ટિને તોડી નાખવાને, દેવોને આગલ કીધા, ત્યારે ફ્રોહરોની મદદથી તેઓ સઘલાઓ હાર ખાઈને પાછા હુઠયા હતા. અને હોરમજદની સઘલી પેદાએશો જેમકે આસમાન, સુર્ય, ચંદ્ર, સેતારા, જમીન, ઝાડપાણ, પાણી, ઈત્યાદી એ સઘલાંઓને તેઓ કેટલે દરજજે મદદ આપે છે તથા તેકાવી રાખે છે તે વીશે ફ્રવરદીન યશ્તમાં, તથા ઇજશ્નેમાં (૨૩–૧) પુરતું બ્યાન આપણને મલે છે.

તેઓ ઓરવરને ઉગાડે છે તે નીચે પ્રમાણેના ફકરા ઉપરથી જણાશે.

યાઉ ઉર્વરનાંમ ખ્શ્નીરનામ સ્રોરાઉ ઉરૂથમીશ દએસએઈન્તી, યાઉ પર અહમાત હીસ્તેનતી ફ્રધાતાઉ અફ્રઓક્ષએઇનતીશ હમ્ય ગાત્વો દરેઘેમ ચીત અઇપી ઝરવાનેમ

"જેઓ (ફ્રોહરો) રસવાલાં ઝાડોનુ સારૂ ઉગાણુ દેખાડે છે, કે જે ઝાડો અગાઉ લાંબો વખત સુધી, એકજ જગ્યાપર વગર ઉગવે ઉભાં રહયાં હતાં"

ફ્રવરદીન યશ્ત. કરદો ૧૫ મો ફકરો ૫૫ મો

(૨) ખોરશેદઃ—આખી દુન્યાનું જીવવું સુર્યથી છે, એ વાત સઘલાઓને દેખઈતી છે કારણ કે એકજ દીવસ સુધી,

યેઘી ઝોહવરે નોઇત ઉઝ ઉખશ્યેઇતી અઘ દએવ વીસ્પાઉ મરેંનચીન્તી યાઉ હેન્તી હપ્તો કર્શવોહવ.

"અગર જો સુર્ય નહી ઉગે તો (સઘલા) દેવો આએ સાત કેશવરવાલી જમીન ઉપરની સઘલી (પેદાએશો) નો નાશ કરી નાખે." ખોરશેદ યશ્ત.

વલી શાસ્ત્રના જ્ઞાન (knowledge of science) ઉપરથી પણ આપણે જાણીએ છિયે કે ઝાડપાણુનો ખોરાક જે "કારબોન" (carbon) છે, તે સુર્યના કીરણનીજ મદદથી ઝાડપાણમાં દાખલ થાએ છે. એટલા માટે સુર્ય ઝાડને તેકાવનાર તથા જીવાડનાર છે. અને એજ કારણસર મેહેર યશતમાં લખી જણાવ્યું છે કે મેહેરની ગાડી સાથે ઓરવર પણ દોડેછે, એટલે કે તે સુર્યની રોશણીથી જીવી શકે છે.

વીસ્પે હે ઉપ અરેધેમ વઝેન્તી યાઉ આપો યાઉસ્ય ઉર્વરાઉ

"તેની (મેહેરની) સઘલી બાજુએ પાણી અને ઝાડપાણુ આગલ દોડે છે"

મેહેર યશ્ત ૨૫ મો કરદો. ૧૦૦ મો ફકરો.

(૩) ધર્તિઃ—માણસ, પસુ, પક્ષી, પાણી, પાહાડ અને વલી ઓરવરને ધર્તિ તેકાવી રાખનારી તથા પોષણ કરણારી છે એટલુંજ નહી, પણ પાણી અને ઓરવરને તે ઉતપણ કરનારી એક માતા તરીકેની છે. ધર્તિની સપાટી ઉપર ઓરવરના બીયાં પડવાથી તેઓ તરત ઉગી નીકલે છે, તથા તેની સપાટી હેથલ ભીનાશ હોવાથી એઓને પોષણ પણ તે આપે છે. એટલા માટે ધર્તિને સઘલી સારી હૈયાતીવાલી તથા સારી પેદાએશવાલી ચીજોની માતા તરીકે અવસ્તામાં જણાવી છે. દાખલા તરીકે જમશેદે ધર્તિને આ પ્રમાણે કહ્યું હતું:

ફ્રીથ સ્પેન્ટ આર્મઇતે ફ્રચ શવ વીચ નેમંઘ બરેગ્રે પસ્વાંમચ સ્તોરનાંમચ મશ્યનાંમચ.

"એએ પસુઓની તથા ઢોરોની તથા માણસોની માતા! અએ પ્યારી પવીત્ર "સ્પેન્ટ આર્મઈતિ" (જમીન) લંબઈમાં તથા પોહોલાઈમાં તાબેદારીથી તું વધ." વંદીદાદ ૨—૧૦

વલી ધર્તિને ઓરવરની માતા તરીકે જણાવી છે તે નીચલા ફકરા ઉપરથી જણાશે.

સ્તોમી ઝામ પેરેથ્વીમ પથનાંમ વેરેઝયંધામ ખાપરાંમ બરેથ્રીમ તે હઓમ અશવ.

"અએ અશો હોમ! (ઓરવરનું નામ છે) તારા બરદાસ્ત કરનારી માતા કે જે વિસ્તારવાલી, પોહોલી તથા ફલદ્રુપ જમીન જે છે તેને હું વખાણું છું."

ઇજશ્ને ૧૦—૪; હોમ યશ્ત.

(૪) દર્યા, નદીઓ:—ઓરવરના વધારાને માટે દર્યા, નદીઓ અને બીજી પાણીવાલી જગાઓ ઘણી અગત્યની છે; કારણકે જોકે એઓ સીધી રીતે (directly) ઝાડપાણને પાણી સઘલી રીતે પુરૂ પાડતા નથી, તોપણ પરભારી રીતે (indirectly) એઓ જોઈતું પાણી, જુદી જુદી ઓરવરવાલી જગ્યા તરફ વેહવાડે છે. તેનું કારણ એ કે સુર્યના કીરણ જ્યારે પાણીવાલી જગ્યા ઉપર તપે છે, ત્યારે ગરમીના સબબથી તે પાણી બાફના આકારમાં ઉંચે ચઢે છે, અને વાદલવાલી જગ્યામાં તે બાફ થંડો થઇને પાણીના આકારમાં નીચે પડે છે. એટલા માટે વંદીદાદમાં આ પ્રમાણે દર્યાને અરજ કરી કેહેવામાં આવ્યું છે:—

ઉસે હીશ્ત હાંગ યએતંઘુહ યોનેમચ અવીઝાંમચ.

"(અએ દર્યા!) તું ઉઠ, અને જમીન તરફ અને વાદલાંની જગા તરફ તું પાણી સીપ."

વંદીદાદ ૨૧—૪.

(૫) વરસાદઃ—વરસાદ વરસવાથી ઝાડપાણને લીલોત્રી મલે છે. અને એઓમાં રસનું ફરવું થાએ છે, કે જેથી ફલ અને ફુલનું ઉગવું થાએ છે; અને જયારે,

વીવારેન્તી વીવારહુ નવ આફ્શ, નવ ઝાઉ, નવ ઉર્વરાઉ, નવ બએશ-ઝાઉ, નવ બએશઝકેશ.

"વરસાદની જગામાં વરસાદ પડે છે ત્યારે નવું પાણી, નવી જમીન, **નવાં ઓરવર**, નવા તંદરોસ્તી આપનારા રોપા, તથા નવા તંદરોસ્તી આપનારાં (ઓરવર) ની ખેતી થાએ છે."

વદીદાદ ૨૧—૩.

વલી ઝાડપાણને વરસાદ કેવી રીતે વધારે છે, તે વીશે આપણને વંદીદાદની ૫) મી ફરગરદના ૧૯ અને ૨૦) માં ફકરા ઉપરથી પણ માલમ પડે છે.

(૬) કોઈ સર્વોત્મ અશો માણસના જનમ થવાથી ઝાડ-પાણને ખુશાલી થાએ છે, તથા તે વધે છે. જેમકે અશો જરથુસ્ત પેગમબરના જનમ થવાથી તથા તેને ઉમરે પુગવાથી ઓરવરો ખુશી થયાં હતાં તથા ઉગ્યાં હતાં.

યેંઘે ઝાંથએચ વક્ષએચ, ઉર્વાસેન આપો ઉર્વરાઉસ્ચ

યેઘે ઝાંથએચ વક્ષએચ, ઉક્ષીન આપો ઉર્વરાઉસ્ચ.

"જેના (જરથુસ્તના) જનમથી અને વધવાથી પાણી અને ઓરવર ખુશી થયાં, જેના જનમથી અને વધવાથી પાણી અને ઓરવર વધ્યાં."

ફરવરદીન યસ્ત કરદો ૨૪—ફકરો ૯૩.

અશીશવઘ યસ્ત કરદો ૨—ફકરો ૧૮

અશો માણસના જનમથી તથા તેનાં ઉમરમાં આવત્રાથી ઓરવર વધે છે તેની સમજ આ પ્રમાણે છે કે તે માણસ હોરમજદની પક્ષપર ચાલવાએ તેની સઘલી અશો પેદાએશોને વધારવાને માટે ઉલતમંદ રહે છે, તથા એઓને હાંની નથી પોહચાડતો, તથા એઓની બખાણુ કરવાને આગેવાન રહે છે.

વલી દાદાર હોરમજદે જે સઘલી જુદી જુદી ચીજો પેદા કીધી છે, જેમકે પાણી, જમીન, આતશ ઇ૦ તેઓને કેવી રીતે પાક કરવી જોઇએ, તે વીશે જયારે અશો જરથુશ્તે દાદાર હોરમજદને પુછયું હતું, ત્યારે દરેક જુદી જુદી પેદા-એશને માટે જુદા જુદા માંથ્રવાનો કલામો ભણવાને ફરમાવ્યું હતું. અને તેજ પ્રમાણે ઓરવરને પાક કરવાને માટે પણ નીચલા કલામો કહ્યા હતા, કે જે કલામો અમરદાદ અમશાસ્પંદના હરીફની સાંભે ભણવાને માટે પણ અસર કારક છે.

દાદાર હોરમજદે અશો જરથુશ્તને આ પ્રમાણે કહ્યું છે.

ઈમિત ઉર્વરાંમ યોઝદથાને ઈમાં ઇધિ વચો ફ્રમ્રવ.

"અગર જો તું ચાહે કે આએ ઓરવરને હું પાક કરૂં, તો હૈયાં (આ જહાનમાં) આ શબ્દો તું બોલ."

વંદીદાદ ૧૧—૬.

તે વચણો નીચે મુજબ છે.

(૧) અત અખ્યાઈ અશા મઝદાઉ ઉર્વરાઉ વક્ષાત.

(૨) યથા અહુવઇરયો.

(૩) કેમ ના મઝદા.

(૪) આ અઇર્યેમા ઇશ્યો.

પ્રકરણ ૧૭ મું.

અમરદાદ અમશાસ્પંદને લગતી ખાસ પેદાએશ જે ઓરવર છે, અને માણસને લગતી પેદાએશ જે ઉપર સર્વ અધિકારી દાદાર હોરમજદ છે, એ બંને પેદાએશોની વચ્ચે કેટલું એક સરખાપણું છે તે વીશેનો તુકહેવાલ.

ઓરવર અને માણસની વચ્ચે એકસરખાપણું ઘણી રીતે જોવામાં આવેછે—શ્વાસ લેવાની કીરયામાં—ખોરાક ખાવાની રીતમાં—વધવાની રીતમાં—ઉધાવાની રીતમાં—ફલવંત કરવાની રીતમાં—ફલ ઉતપણ કરવાની રીતમાં—વિર્ય ઝરફવાની રીતમાં—બીમાર પડવામાં—તંદરોસ્તી મેલવવામાં—લાગણી રાખવામાં—વાચાની હાલતમાં.

દાદાર હોરમજદે જે સઘલી ચીજો પેદા કીધી છે, તે આગલા પ્રકરણમાં જણાવા મુજબ જુદા જુદા અમશાસ્પંદો અને ઇજદોને સોંપી આપી છે. હવે આ જગમાં સૌથી ઉત્તમ પેદાએશ જે આદમ જાતને લગતી છે તે હોરમજદે પોતાની રક્ષા હેઠલ રાખી છે, તથા ઓરવરની પેદાએશ અમરદાદને સોંપી આપી છે. હવે બારીકીથી તપાસ કરતાં એ બંને પેદાએશો વચ્ચે કેટલું એકસરખાપણું છે, તે નીચે મુજબ લખી જણાવ્યું છે.

(૧) જે પ્રમાણે આદમીઓ નાક વડે શ્વાસ લે છે, તે પ્રમાણે ઓરવર પણ પોતાના પાદડાં વડે દમ લે છે. રાતના અને દીસના આદમીઓ પ્રાણ વાયુ (oxygen gas) દમમાં લે છે અને ઓરવરો દીવસમાં કોયલાના તત્વવાલુ વાયુ (carbonic

acid gas), અને રાતના પ્રાણ વાયુ દમમાં લે છે. રાતના અને દીવસમાં આદમીઓ કોયલાના તત્વવાલુ વાયુ બહાર કાઢે છે; અને ઓરવરો દીવસમાં પ્રાણ વાયુ, અને રાતના કોલાના તત્વવાલી ઝેરી હવા બહાર કાઢે છે. એટલા માટે સુર્ય અસ્ત પામ્યા પછી એક બગીચો કે જ્યાં ખીચોખીચ ઝાડો ઉગેલાં હોય, અને હવા બંધ પડેલી હોય, ત્યાં બેસ્વુ તનદરોસ્તીને નુકસાનકારક છે. અને એટલાંજ કારણસર સુતી વેલી ઓરડામાં પણ ઝાડના કુડાં તથા ફુલો રાખીને સુવું નહી.

(૨) જે પ્રમાણે માણસો ખોરાક ખાએ છે તથા પાણી, હવા, અને રોશનીથી જીવી શકે છે તેજ પ્રમાણે ઓરવરના બાબમાં પણ છે. ઓરવરના પાદડાં ઉપર જો પાણી સીંપ્યે અથવા કોયલાની બારીક ભુકી ભભડાવ્યે તો ઝીંણા છીંદ્ (pores ની મારફતે એઓ તે ખોરાક ચુસી લે છે. પણ ઘણા એક ઓરવરો ઉપર પાણી નહી સીંપવાથી તથા ખાતર નહી મલવાથી તેઓ જીવી શકે છે તેનું કારણ એ છે જે, એઓના મુલ્યાં જમીનમાંથી ભીનાસ તથા કોયલો (carbon) ચુસ્યા કરે છે કે જે કીરયાને કેશાકર્ષણ રીત (capillary process) કહે છે. અગર જો સુર્યની રોશની નહી હોય અને હવા પણ નહી હોય તો કોયલાનો ખોરાક એઓને મલે નહી, અને માણસની માફક હવા તથા રોશની વગર તેઓ પણ મરણ પામે.

(૩) જે પ્રમાણે માણસના શરીરમાં લોહીનુ ફરવું છે અને તે લોહીમાં ખોરાકનો તત્વ રહે છે કે જે ફરતી વેલા શરીરની નસોને તથા સઘલા અવ્યવોને પુષ્ટિ આપે છે, તે પ્રમાણે ઓરવરમાં પણ રસ (sap) ફરે છે કે જેમાં કોયલાનો મોટો

ભાગ હોય છે. તે દરેક પાદડાંની રગ (vein) માં ફરે છે તથા ઝાડના થડને, દાંખલીઓને તથા પાદડાંઓને પુષ્ટિ આપી વધારે છે.

(૪) જે પ્રમાણે માણસ રાતના ઉંધાએ છે તેમ ઓરવર પણ કરે છે. દીવસની વખતે ઓરવરનાં પાદડાંની ઉપરની સપાટી આકાશ તરફ, તથા નીચલી સપાટી જમીન તરફ હોય છે. અને એ નીચલી સપાટીમાં ઝીણાં છીંદ્ર હોય છે કે જેઓ-ની મારફતે ધર્તીમાંથી પોતાનો ખોરાક ચુસે છે. પણ રાતની વખતે તે સપાટી ઉપર થઈ જાએ છે, એટલે કે તે ખોરાક ખા-તું નથી. એ ઉપરથી સમજવાનું છે જે પાદડાંઓની સપાટ (horizontal) ધપ જે છે તે ઓરવરની જાગરત અવસ્થા બ-તાવે છે. અને રાતના જ્યારે તેઓ ઉપરની દીશા તરફ વલે છે ત્યારે તેની ઉંધાવાની ધપ બતાવે છે. અને જે પ્રમાણે મા-ણસને ઉંધમાંથી વગર કારણે જગાડવાનુ સજાવાર નથી, તેજ પ્રમાણે રાતને વખતે ઓરવરના પાદડાંને હાથથી વીખેરી નાં-ખવા તથા તેઓને હીલવવાનુ પણ દરૂસ્ત નથી. કારણ કે એમ કરવાથી તેઓની ઉંધમા ખલલ થાએ છે. એજ કારણસર નાહાનાં ફરજંદોને ચતુર માબાપ રાતને વખતે ઓરવર આમલ જવાને મના કરે છે.

(૫) જે પ્રમાણે મરદ અને ઓરતના સંબંધથી મરદના વીર્ય (male seeds) ઓરતના ગર્ભસ્થાનમાં (womb) પડે છે, અને ત્યાં ઓરતના વીર્ય સાથ મલી જવાથી તથા ચોકસ વખત સુધી તેમાં રેહેવાથી તે વીર્ય વધીને આદમીનુ રૂપ લેતું જાએ છે, અને પછી ગર્ભઆશ્રમમાંથી ફરજંદ ઉતપણ

થાએ છે તેજ પ્રમાણેની યોજના ઓરવરમાં પણ જોવામાં આવે છે. અગર જો કોઈને ખાત્રી કરવી હોય તો દોધી, કાકડી, તરબુચ, અને બીજી જમીન ઉપર ઉગતી વનસ્પતી પર જે ફુલો આવે છે એઓની તપાસ કરશે, તો તને જણાસે કે એઓમાં નર ફુલ જુદાંજ અને માદા ફુલ જુદાંજ હોય છે. ઘણું કરીને નર ફુલો માદા કરતાં ઓછા હોય છે. અને એઓના મધ્યમમાં જીણા દાણા (pollen) હોય છે. એવું પુખ્ત થએલુ નર ફુલ પુખ્ત માદા ફુલ.ઉપર તોડયા વગર ધીમે ધીમે ઘસ્યાથી, પીલા ભુકા રૂપે જણાતા તેના વીર્ય ગર્ભતંતુ (pistil) માં પેસી તેના ડિંડવાં જેવાં ગર્ભ-આશરમમાં રહેલાં બી સાથે મલી જાએ છે. ત્યાં તે વીર્ય પોષાએ છે અને પુખ્ત થઈ ફુલને રૂપે બહાર આવે છે. એ ઉપરથી જણાશે કે ભલી દીનમાં ઉગતાં ઝાડો અને કાચાં ફુલો તોડવાની જે મના કીધી છે તેની બારીક સમજ એ છે જે, એવું કામ કીધાથી પ્રાણીના ગર્ભ તોડી પાડવા અથવા તેઓના ઉછરતાં બચ્ચાંને અપૂર્ણ હાલતમાં કચડી તેમની હત્યા કરવી, એવાં કાંમની બરાબર થાએ છે. પણ અગર જો કોઈ અસમજુ આદમી જીવતાં ઝાડોનો નાશ કરવામાં હથ લીયે તો તે

ઉરવરાઉ પઈતિ ઢીમ સંઘેનતિ.

ઓરવરો તેને કદુવા દે છે.

(૬) જે પ્રમાણે આદમીના વીર્યને તેઓના સ્વભાવિક પોષણ તથા સ્વભાવિક જગ્યા મલે છે તો તેમાં રહીને પોષણ થાએ છે, અને દીન પર દીન મોટું થઈ પેદા કરનારનો જે સાટ, રૂપ, ગુણ, કે ખોડ હોય છે તે બધાં સહીત ફરજંદના રૂપે જનમે છે, તેજ પ્રમાણે ઓરવરના બીજમાં જે તત્વ હોય છે,

તેવાંજ તત્વવાલી કે ખાતરની જગ્યા તેને મલીં, અને ભોં-યમાંથી જોઈતો ભીનાશ તથા સુર્યની ગરમી મલી કે તે બીજ ઉગવા માંડે છે. પેહલાં તેના અંકુર ફુટે છે, પછી તેનો રોપો થાએ છે, પછી ઝાડ થાએ છે, અને આખરે જે ફુલમાંથી પોતે પેદા થયું તેવાં ફુલ આપવા માંડે છે.

(૭) જે પ્રમાણે આદમીમાં જયારે વીર્યનું વધી જવું થાએ છે અને તેને ખુદરતી રસ્તો ન મલવાથી અથવા નબલાઈથી તે વીર્યનું ક્ષય (seminal discharge) થાએ છે તેજ પ્રમાણે ઓ-રવરને પણ થાએ છે. દાખલા તરીકે બાવરના ઝાડ ઉપર ગુંદર જેવી ચીકણી પદાર્થ જે જોવામાં આવે છે તે એ ઓરવરના વીર્યનુ સ્નત છે.

(૮) જે પ્રમાણે આદમીઓની આરોગ્ય (health) માં ફેરફાર થવાથી બીમારી ઉતપણ થાએ છે તેજ પ્રમાણે ઓ-રવરમાં પણ થાએ છે, અને તે નબલું પડી જમીન તરફ વાંકુ વલવા માંડે છે. અને જે પ્રમાણે આદમીમાં કોઈ એવો ચેપી રોગ દાખલ થાએ છે કે જેથી લોહી સુકાવા માંડે છે, નાદી ધીમે ધીમે વેહવા માંડે છે, શરીર કોહવા માંડે છે, અને આ-ખરે હૈયું બેસી જવાથી તે મરણ પામે છે, તેજ પ્રમાણે ઓરવરમાં પણ જ્યારે સરો પેસે છે કે અંદરથી તેનું થડ કોહવા માંડે છે, કીડા દાખલ થાએ છે, તેનો રસ ઘટવા માંડે છે, તેથી તે થડમાંથી ઉપર ચઢી શકતો નથી; અને આખરે તે થડ પોકલ થઈ જવાથી પોતાનો ભાર ઉઠાવી રાખી શકતું નથી અને મરણ પામી જમીન તરફ તુતી પડે છે.

(૯) જેમ માણુસના નખ, વાલ, કે ચામડી ઉપર ઉતપણ થએલાં દરદોને કાઢી નાખવાથી તેમના જીવને નુકશાન થતું

નથી પણ એથી ઉલતું તેઓમાં લોહીનું વેહેવું તંદરોસ્તી ભરેલી રીતનું થાએ છે, તેજ પ્રમાણે ઓરવરના નખ (કરમઈ ગએલાં પાદડાં અને સુકઇ ગએલી દાંખલીઓ) તથા વધી ગએલા વાલ (રેસા) કાતર્યાથી તે ઓરવરને નુકસાન થતું નથી પણ એથી ઉલતું એનો રસ તંદરોસ્તી ભરેલી રીતે વેહે છે અને નવાં પાદડાં ઉગે છે. પણ એથી ઉલતુ જે પ્રમાણે ઝેરી દવા પીધાથી માણસ મરી જાએ છે તે પ્રમાણે ઓરવરના બાબમાં પણ છે. દાખલા તરીકે હાઇડ્રોસીએનીક એસીડ (hydrocyanic acid) અથવા અફીણ (opium) ને પાણીમાં પીગલાવીને ઝાડ ઉપર સીપવામાં આવ્યું હોય તો તે તરતજ મરણ પામે છે.

(૧૦) જે પ્રમાણે આદમીમાં મઝાની તથા દુઃખની લાગણી રહે છે તેજ પ્રમાણે ઓરવરમાં પણ હોય છે. એ વીશેની ખાત્રી કરવી સેહેલ છે. દાખલા તરીકે હવામાં જ્યારે અત્યંત થંડી ઉતપણ થાએ છે ત્યારે ઓરવરના પાદડાં સંકો જઈ જતાં (shrivelling) અને ધુજતાં માલમ પડે છે, અને વલી દીવસે જ્યારે ગરમી ઘણીજ હોય છે ત્યારે જમીન તરફ નમી જાએ છે, તેઓ ઉપર કરચલી થઈ આવે છે, અને ખડી પડતાં હોય તેમ લાગે છે. પણ સાંજને વખતે જ્યારે થંડક પડવા માંડે છે કે તેઓ પાછાં ઉંચે વલે છે, અને તંદરોસ્ત દેખાવ જાહેર કરે છે. ઓરવરને આપણી માફક લાગણી છે તે વીશેનો દેખઈતો દાખલો શરમઉ ઝાડ (sensitive plant) માંથી જણાઈ આવે છે. જે પ્રમાણે એક નાજુક અબલાને આચકો લાગવાથી અથવા ઘણો પવન લાગવાથી તેને દુઃખ થાએ છે તેજ પ્રમાણે ઉપલા રોપાને હાથ લગાડવામાં આવ્યો

હોય, અથવા ગાડીમાં વઇ જવામાં આવ્યો હોય, અથવા જોરથી ફુંકતી હવામાં ખુલ્લો મુકવામાં આવ્યો હોય, તો તેઓના આચકાથી એને દુઃખ થાએછે અને એના પાદડાંની ધડી થઈ જાએછે. હવા બંધ પડવાથી અને ગાડીમાંથી બહાર કાઢયા પછી તેઓ પાછાં ખુલવા માંડે છે.

(૧૧) ઓરવરને પણ માણસની માફક પોતાની રીતી પ્રમાણેની વાચા શકતિ હોય છે. જેઓ ઓરવરના કાચાં ફુલ તોડે છે તથા તેઓનો નાશ કરેછે તેઓને નીચે મુજબ તેઓ કદુવા (curse) દે છે:—

બાધ્ર હીસ્તહી અન્યેહે દવરે સ્રયનો ખરેનતીશ પેરેસમનએશુચ.

"ખચ્ચીત ખોરાકને માટે પારેઠ બારણે ભટકતો તથા ભીખ માગતો તું ઉભો રેહેજે". તથા જે પ્રમાણે જ્યારે આપણે પ્યાસા થઈને પાણીની તલબ કરીએ છિએ, તે પ્રમાણે દાદાર હોરમજદ પાસ વરસાદને બોલાવતાં આ પ્રમાણે ઓરવરો પણ દુવા માગેછે કે,

કધ નો અસ્પો સ્તોયેહીશ અપામ ધઝારાંમ અઈવીધઝારેમ

કયારે હાથ્યા વરસાદના પાણી હમારે માટે ધોધ બંધ પડશે!

તુંકમાં માણસ અને ઓરવરની ઉતપણતીમાં, ઉગાણમાં અને જીવવાની ધપમાં એટલું તો નજદીકનું એકસરખાપણુ છે કે ગોયા ઓરવર મુલ્યાંવાલું ગતી વગરનું માણસ છે, અને માણસ મુલ્યાં વગરનું ગતીવાલું ઓરવર છે.

પ્રકરણ ૧૮ મું.

અમરદાદ અમશાસ્પંદને લગતી જે ઓરવરની પેદાએશ છે તે મજદયસ્નોને અનેક પ્રકારના જે બોધ શીખવે છે તેઓમાના થોડાએકનું લખી જણાવવું.

ખુદરતમાં દેખાતી નુરી ચીજોની સ્તુતિ કરવાનું કારણ—મજદયસ્ન દીન પણ તેજ કારણથી આરાધણા કરવાને શીખવેછે—એ નુરી પેદાએશો અનેક છે, અને અનેક પ્રકારનું જ્ઞાન બક્ષે છે—તેમાં ઓરવર પણ છે—તે માણસોને ફરજ બજાવતાં—આત્માને ખુશ્બોઈદાર બનાવતાં—સખાવત કરતાં—બેહેસ્તમાં જતાં—પાપથી અટકાવતાં—મુસીબતોની સાંભે થતાં—ફકટ હોરમજદ પર ભરોશો રાખતા—ખુદરતના કાયદાને માંન આપતાં—નેક ખવાસ રાખતાં—અને અમેરેતાતનો ખ્યાલ રાખતાં શીખવેછે.

ખુદરતમાં જુદી જુદી પ્રકારની જે પેદાએશો છે તેઓની વખાણ અને સ્તુતિ કરવાની મરત્યુક આદમીઓની ફરજ છે. કારણ કે સઘલી પેદાએશોનું મુલ જે નીરંજન નીરઆકાર શકિત છે તેમાંથી છે. (એ પેદાએશો એ શકતિમાંથી કેમ પેદા થઈ તે સમજાવાની મતલબ હું હૈયાં દરૂસ્ત ધારતો નથી) અને તે શકતિ આપણી સ્થુલ નજરથી દુર હોવાને લીધે તેની પેદાએશોની વખાણ કરવાથી તે કીરતારની સ્તુતિ કરવા બરાબર ગણાએ છે. હવે જે પ્રમાણમાં આદમીઓ તે પેદાએશો તરફ પુરદીલથી (devoutedly) ભકતિ કરે છે, તે પ્રમાણમાં તેઓનુ મન તે પેદાએશોમાં લય થઈ જાએછે, તેઓની ખુબી બારીકીથી તપાસતાં શીખે છે, તેઓમાંથી જ્ઞાન સંપાદન કરેછે; અને તે જ્ઞાનના બલથી આ દુન્યામાં પોતાનો વ્યહવાર ઉત્તમ તરીકાથી ચલાવતાં શીખે છે એટલુંજ નહી, પણ મીનોઇ જ-

જહાનને લગતી અશોઇ પણ પ્રાપ્ત કરી શકે છે. હવે ભલી દીન સર્વોત્કૃષ્ટ (the best) એટલાંજ કારણસર છે કે તે ખુદરતની પેદાએશો જેમ કે સૂર્ય, ચંદરમા, સેતારા; અને અગની, જલ, વાયુ, પૃથ્વી અને આકાશ એ પંચ તત્વની (five elements) સ્તુતિ કરવાને અને વખાણ કરવાને શીખવે છે. એટલા માટે એ ભલી દીનના આતુર ચેલાઓને જ્ઞાન અને અશોઈ બંને પ્રાપ્ત થાએછે; અને જે પ્રમાણે એક પક્ષીને પોતાની બંને જોરાવર પાંખો હવામાં ઉંચેતલક ઉડવાને મદદ કરે છે, તેજ પ્રમાણે જ્ઞાન અને અશોઇની બંને જોરાવર પાંખો એક ખરા મજદયસ્નના આત્માને મીનોઈ જહાન તરફ ઉડવાને મદદ કરે છે. હવે ઉપલી સઘલી હોરમજદની જુદી જુદી પેદાએશોની સ્તુતિ કરવાથી જે જુદી જુદી પ્રકારનું જ્ઞાન મલેછે તેમાં આરવરની પેદાએશ શું જ્ઞાન બક્ષે છે તેની વીગત તુંકમાં નીચે મુજબ છે:—

(૧) જે પ્રમાણે આરવરના ફુલો આપણને ખુશબો આપેછે, અને તેના બદલામાં આપણી પાસે કઈ દાંમ માંગતાં નથી તેજ પ્રમાણે માણસોએ કંઇ પણ બદલો મેલવવાની આશા વગર પરોપકાર રીતે બીજાઓની ખીદમતમાં હાજર રહેવું જોઇએ, અને

અસને વા ક્ષફ્ને મએથેમનહે ખ્વાઇશ પઇરી ગેઉર્વઅયંતુ

રાત અને દીવસ તેઓએ પોતાની ફરજ બજાવવી જોઈએ

(૨) મજદયસ્નોના રેહેથાણની આસપાસ જાતજાતનાં લીલોત્રીવાલાં આરવરનો બગીચો કરવાથી જેમ ત્યાંના રેહેવાશીઓને ખુશબો મલે છે, તથા તે રેહેથાણને શોભા મલે છે, તેમ

શરીરથી જાતજાતના નેક કામ કરવાથી તેમાં સમાએલા આત્માને ખુશીઓ મલે છે તેથા મજદયસ્ન દીનને શોભા મલે છે. કારણકે નેક કેરદારવાલા મજદયસ્નો,

દેનાંમ માજદયસ્નીમ

ફ્રપીનોઇનિતી સતેમ પઇતિશતનાંમ, હઝંગ્રેમ પઇતિ દરનાંમ

મજદયસ્નની દીનને સોઘણી આબરૂથી, અને હજારઘણી જતનશી આબાદ કરે છે.

(૩) જેમ રેતાલ જંગલમાં પાણીના ઝરા આગલ આવેલી ઓરવરની ઘતાઓ, થાકી ગએલા મુસાફરોને પોતાના છાયા હેઠલ થંડક આપેછે, તેમ સીડામાં રેહેનાર મજદયસ્નોએ (પૈસાદાર) તડકાથી થાકેલા મુસાફરોની (ગરીબોની) કદર બુજવી જોઈએ. તે આ પ્રમાણે કે,

યેઝી શએતો-ચીનઘો જસાંન હાંમ ઈથ શએતેમ હાંમ બારયેન;
યેઝી નાઇરિ ચીનઘો જસાન ઉપ વા નાઇરિકાંમ વાઘયએત.

વંદીદાદ ૪—૪૪

અગર જો કોઇ પૈસા માંગતા આવે તો પૈસા આપવા; અગર જો બાયડી ઇચ્છતા આવે તો પરણાવી આપવું.

(૪) ખીનના ઉડાંનમાથી જેમ એક આદમી ઉંચે આવેલા પાહાડ અને તેને મથાલે ઉગેલાં ઓરવર દુરથી જોએછે, તેમ એક મજદયસ્ન એમ સમજે છે કે આ જહાનને માથે મીનોઇ જહાન છે અને ત્યાં બેહેશતનુ મુકામ છે કે જે,

ગરોન્માનેમ ઉરયો અસ્તિ અશાવઓયો.

ગંરોથમાન બેહેશત અશોલોકોના રવાનને માટે છે.

(૫) પાહાદને મથાલે રેહેનારા આદમીઓ જેમ ખીનની ઉડાંનમાં આવેલાં ખોચોખીચ ઓરવરો જોઇ શકે છે તેમ

મોનોઇ જહાનના ઇજદો એકી નજરે આપણાં સઘલાંઓના સર્વ કામથી વાકેફ થએલા રહેછે, અને

અવએશાંમસ્ર પયે પાઉનતો ઇમ ઇસેનતી મીથો દુન્ને.

જેઓ ઠગાઇ કરવાને ઈચ્છે છે, તેઓના રસ્તા તપાસતા રહેછે.

(૬) જે પ્રમાણે કેટલાંએક ઓરવરો પાહાદની પથ્થરવાલી જગ્યામાં અને ખડકામાં દતાએલાં હોવા છતાંપણ, માણસજાતની કંઇ પણ મદદ વગર પોતાના માથાં બાહાર કાઢી સુર્યના પ્રકાશ તરફ ઉંચે લાવે છે, તેજ પ્રમાણે દુન્યાની અનેક પ્રકારની મુસીબતો છતાં પણ સ્વતંત્ર મેહેનતવડે અને સત્યતાના બલથી, ખુદરતની નજરમાં ખીલી નીકલવાની દરેકની નેમ હોવી જોઇએ.

(૭) જો કે ઓરવરો માણુસની ખેદમતને માટે રાત અને દીવસ ખડે પગે ઉભા રહી તેઓને છાયો આપેછે, અને ફલ ફુલાદી પુરી પાડે છે તોપણ તેઓના ફલો ઉપર પથ્થરના માર અને થડ ઉપર કોઢાલીના ઘા વરસાવામાં આવેછે, તે પ્રમાણે મજદયસ્નોએ પણ ધડો લેવાનો છે, જે સંસારી આદમીઓની ઘણીએક ખીદમત કરયા છતાં પણ તેઓ તરફથી નેકીના બદલાની કંઇ પણ ઉમેદ રાખ્યા વગર દરેક પલે તેઓના ફાંટા, હવસો, અને હોર ખમવાને તૈયાર રેહેવું. નેકીનો બદલો હોરમજદ મીનોઈ જહાનમાં આપશે, દુન્યાદાર લોકોથી ઘણીજ થોડી આશા રાખવી; કારણ કે તેઓનો મોટો ભાગ પોતાની મતલબ પર કામ કરનારો છે.

(૮) જે પ્રમાણે તોફાનની સાંભે ઉભા રેહેનારા મજબુત બાંધાના ઓરવરો મુલમાંથી ઘણીએક વેલા ઉખડી જાએછે, પણ જમીન ઉપર ઉગેલું નબલું ઘાસ પવનને આધીણ થઈ પોતાનુ સર વાલી નાખે છે તેથી સહી સલામત રહેછે, તેજ પ્રમાણે જે આદમીઓ પોતાના બલ અને દોલત ઉપર ઉસ્તવાર રહીને ખુદરતના કાનુનોની સાંભે થવાની હીંમત કરેછે તે આવતી જહાંનના સુખમાંથી જદમુલથી ઉખડી જાએછે, પણ ઈશ્વરી ફરમાનને માન આપી ચાલનારો એક મુફલેસ આદમી બેહુ જહાનમાં બચેલો રહે છે.

(૯) જે પ્રમાણે નેક પ્રકારના ખુશબોદાર અને સુંદર ઓરવરોના લાકડાંને જેટલું કાપ્યે એટલુ કપાએ, તોપણ કપાતી વેલા પોતાનો ખુશબો છોડતાં નથી અને અગણીમાં નાશ થઈ જતી વેલા પણ ઉજાશ અને સુગંધ આપી ભસમ થઈ જાએછે, તે પ્રમાણે નેકીમા ઉછરેલા મજદયસ્નો સંસારી આફતોમાં કચડાએ તોપણ પોતાની નેકી અને નેક ખવાસ નથી છોડતા, અને ગુજરતી વેલા પણ બીજા આદમીઓની નજરમાં નેક દાખલો બેસાડી જાએછે.

માનયેન અહે આસ યથ અશવ જરથુસ્ત્રો

કે જે પ્રમાણે અશો જરથોશ્ત હતો.

(૧૦) જે પ્રમાણે વરસાદથી અને તડકાંથી ઓરવરોમાં નવી લીલોત્રી અને નવો રસ ફરવા માડેછે, તેજ પ્રમાણે અમેરેતાતના અભ્યાસથી નવી પ્રકારની જીંદગી શરૂ થાએછે અને નવી પ્રકારના વીચાર મનમાં વેહવા માંડેછે. અને જે પ્રમાણે એક શુભ તેહેવારને દીવસે લોકો પોતાના શરીરને

સીંગારે છે, તેજ પ્રમાણે જે દીવસે અમેરેતાતનો વીચાર કરવામાં આવ્યો હોય તે દીવસ એક આત્મીક તેહેવાર ગણાએ છે અને આત્માને સીંગાર મલેછે.

એ ઉપરાંત બીજી ઘણીએક શીખામણ અને ઘણાએક બોધ એક મનસોચર્ણ (deep-thinking) મજદયસ્ન ઓરવરની પેદાએશમાંથી પ્રાપ્ત કરી શકેછે. અને ફકટ ઓરવર જેવી એકજ પેદાએશ આટલુ બધું જ્ઞાન આપેછે, ત્યારે બીજી સઘલી પેદાએશો જે એક કરતાં એકથી ચઢતી છે, તેઓની આરાધણા કરવાથી એક મજદયસ્ન એટલી પ્રકારની અશોઈ અને જ્ઞાન હાંસલ કરેછે, કે તે પોતાની જીદંગી ખતમ થવાની આગમજ પોતાને મીનોઇ જહાંનના સૌથી ચઢતાં પ્રકારના સુખને માટે ઉમેદવાર બનાવે છે. અને જે પ્રમાણે શરૅાશ એક ઈજદ હોવા છતાં પણ, ઉત્તમ અશોઇને લીધે અમશાસ્પંદોની મીજલસમા બેસવાને લાયક છે, તે પ્રમાણે એક મજદયસ્ન એક ખાકી માણસ હોવા છતાં પણ, ઉત્તમ અશોઈને લીધે ઈજદોની મીજલસમાં બેસવાને પોતાને લાયક બનાવે છે. એટલા માટે ભલી દીનને લગતી દરેક પ્રાર્થનામાં જણાવ્યું છે કે,

અશેમ વોહુ વહીસ્તેમ અસ્તિ.

અશોઈ એ સર્વોતકૃષ્ટ દોલત છે.

ભાગ ૩ જો.

પ્રકરણ ૧૯ મું.

અમેરેતાતની બાબદ તથા તેનો અભ્યાસ, બીજી સઘલી બાબદો કરતાં તથા સઘલા અભ્યાસો કરતાં શ્રેષ્ટ છે તે વીશેના કારણો. એની પ્રાર્થનાની બરોબર કોઈ પ્રાર્થના નથી.

રસાલાનો આ ભાગ અગત્યનો છે—સ્પિતમાન જરથુસ્તની ફીલસુફી—જો અમેરેતાત જેવું ન હતે તો માણસોની હાલત કેવી થતે—એ બાબદ વીશે "લુઈ ફીઝયુર" નુ મત—એ બાબદ વીશે વીચાર કરવાને દરેકની ફરજ છે—તેમ કીધાથી અમુલ્ય ફાએદા મલે છે—એના અભ્યાસ વીશે "શરલોક" નું મત—માજદયસ્ની દીનનો પાયો અમેરેતાત છે—આત્મા પ્રાર્થનાથી અધિક કંઈએ નથી.

આ રસાલાના પેહેલા બે ભાગો પુરા થયા છે, અને હવે આપણે ત્રીજો ભાગ શરૂ કરીએ છિયે. એ ભાગ સઘલામાં અગત્યનો છે, કારણકે અમેરેતાત, એટલે મીનોઇ જહાનનું અમર્ગ સુખ આત્માને કેવી રીતે મલી શકે, તથા એ મેલવવાને માટે માણસ જાતે કેવી રીતે દુન્યામા ચાલવું જોઈએ, એ વીશેનું જ્ઞાન લખી જણાવામાં આવ્યું છે.

માજદયસ્ની દીનની રાહે સ્પિતમાન જરથુસ્તે, જે સઘલી આ જહાનની તેમજ મીનોઈ જહાનની ફીલસુફી સીખવી છે, તે કોઈ પણ દીનદાર આદમીને માટે પોતાની જીંદગી ઉપર રાજ ચલાવવાને માટે (to govern) સંસાર જીતવાને માટે અને આ જીંદગીનો સમુદ્ર પસાર કરી, અન્નઅંત સુખને કીનારે પોહચવાને માટે તે ફીલસુફી તદન સંપૂર્ણ છે. હવે

એ ભલી દીનમાં જે ઘણી એક ઉત્તમ બાબદો આવી છે, તેઓમાં અમેરેતાતની બાબત પણ સર્વોત્કૃષ્ટ છે.(is best) એનું કારણ એ કે, એ સૌથી મુખ્ય બાબદ વીશે ભલી દીનમાં ઇશારો ન કરવામાં આવ્યો હતે, અને અમેરેતાતની હસ્તી છેજ નહી, એવું જો નકકી રીતે માનવામાં આવતે, તો માંણસોમાંથી હોરમજદનો દર ઉઠી જતે, અને આખી જહાનમાં બુરાઇ ફેલાઇ જતે. અને દરેક આદમી પોતે બેખલપેતો બની પોતાના બુરા હવસો પુરા પાડવામાં આગેવાન રહેતે; અને તેમાંથી માણસોમાં એક બીજાથી છુતાપણું, બેવીશ્વાશપણું, ધાસ્તી, નિતીનો ભંગ, કેલવણીનું પછાત પડવું અને દરેક પ્રકારની અવ્યવસ્થા (disorder) મચી રહેતે. પણ મીનોઇ જહાનમાં દરેકના રવાનને જવું છે, તથા ત્યાં હંમેશ સુધીનુ સુખ અથવા દુઃખ વેઠંવુ છે, એવાજ પ્રકારના અમેરેતાતના લગતા વીચારોથી આ દુન્યામાં માણસોનું સાથે રહી સુલેહથી જીંદગી પસાર કરવી છે. એ બાબદ વીશે "લુઈ ફીગ્યુર" (Louis Figuier) નામનો જાણીતો ફ્રેંચ ફીલસુફ નીચે મુજબ લખી જણાવે છે:—

" Nothing can be more evident than that, from the moment one is convinced that everything comes to an end in this world, that there is nothing to follow this life, we have nothing better to do, one and all of us, than to appeal to violence, to excite disturbance, and invoke anarchy everywhere in order to find amid such propitious disorder, the means of satisfying our brutal desires, our unruly ambition and our sensual passions. Civilization, society and morals, are like a string of beads, whose fastening

is the *belief in the immortality of the soul.* Break the fastening, and the beads are scattered."

The day after death.

વલી અમેરેતાતની બાબદ માજદયસ્નની દીનમાં જેવી રીતે સમજાવી છે તેવી રીતે પુર એકીનથી સમજવાથી, તથા સાધારણ અક્કલની મારફતે પણ તેનો અભ્યાસ કરવાથી, આપણી અંદર સતોષ પેદા થાય છે, આપણા મનને શાંતી મલે છે, અને આપણો સ્વભાવ આનંદ પામે છે. એટલા માટે જે માણસોએ કેલવણી લીધી હોય, તેઓએ પોતાનો ઘણો ખરો વખત ખુદરત વીશેનો વીચાર કરવામાં કાઢવો જોઈએ. અને જે અનેક પ્રકારની વિધ્યા છે તેમાં સૌથી ઉંચી પ્રકારની વીધ્યા અમેરેતાતનેજ લગતી છે; કારણ કે જે માણસોએ એનો અભ્યાસ કીધો હોય, તેજ ફક્ત સમજે છે કે દુન્યાની મુસીબતની વખતે એ બાબદને લગતા પવીત્ર વીચારો કેવી રીતે દીલાસો આપે છે. જ્યારે બીજી સઘળી દુન્યાદારીને લગતી વીધ્યા મગજમાંથી ભુલાતી જાએ છે, ત્યારે અમેરેતાતનીજ વીધ્યા પોતાની હમેશગી સાચવી રાખે છે. જ્યારે સઘલા મીત્રો, મીત્રાચારીની લાગણીમાં થંડા પડતા જાએ છે, અને આપણી નજર આગલથી એક પછી એક અલગ થતા જણાએ છે, ત્યારે એજ એક સાથી તરીકે મોહતના બીછાના ઉપર પણ ઉંચી પ્રકારના આશાના કીરણોથી આપણને ઉજાશ આપે છે. એટલા માટે આપણે સમજ્યા કે એ બાબદનો અભ્યાસ શું કારણોસર સર્વોત્તમ છે. અને "શરલોક" નામનો વડો પાદરી (Archbishop Sherlock) એ બાબદ વીશેનો નીચે મુજબ પોતાનો અનુભવ લખી જણાવે છે :

"There is not a more entertaining part of knowledge, the natural knowledge of our own *immortality* which gives us the true knowledge of ourselves."

Sherlock's Sermons.

એ ઉપરથી આપણે જોયું કે અમેરેતાતની બાબદમાં પુર એકીન આવવાથી આ જહાનની અંદર માણસો, તેઓની નીતિ, અને તેઓની કેલવણીનો પાયો મજબુત રહે છે. અને અગર જો એમજ હોય કે મજદયસ્નની દીનની ઇમારતના મુખ્ય થાંભા હુમત, હુખ્ત, અને હુવર્શત છે, તો એ ઈમારત અને એ થાંભાઓને તેકાવી રાખનાર પાયો અમેરેતાતનો છે. કારણ કે મીનોઈ જહાનનું અમર્ગ સુખ ભોગવવાની આશાથી, માણસ જાતને એક બીજાને મદદ કરવાને અને અનેકપ્રકારના હોરમજદી રાહને લગતાં કાંમો કરવાને (હુવર્શત), પવીત્ર વીચારો રાખવાને (હુમત), તથા માંથ્રવાની કલામો ભણી (હુખ્ત), પોતાના આત્માને હોરમજદ તરફ દોરવવાને તેઓને અમેરેતાત લલચાવે છે અને શીખવે છે.

હવે અમેરેતાત પ્રાપ્ત કરવાને માટે જે કોઈ ઇચ્છા રાખે છે તેને પોતાના આત્માની ભકિત કરવી સજાવાર છે. કારણકે અનેક પ્રકારની બંદગીઓ, પ્રાર્થનાઓ, ભકિતઓ અને સેવાઓ, જે માણસ જાતને કરવી છે તેમાં આત્મા પ્રાર્થના સર્વોતકૃષ્ટ છે. અને જે પુરૂષ સર્વ પ્રકારની કીર્યાઓથી છુતો થઈને પોતાના આત્મરૂપ તીર્થને સેવે છે, અથવા તેનુજ મનન કરે છે તેજ સર્વજ્ઞ છે, તથા મુક્ત છે. અને આત્મ પ્રાર્થના આ કારણોસર બીજી પ્રાર્થના કરતાં આધક છે, કે આત્મા હર દમ અને હર જગ્યાએ આપણી સાથેજ છે, એના કરતાં બીજી કોઈ ચીજ વધારે પવિત્ર નથી, એના જેવું

જ્ઞાન આપનાર કંઈએ નથી, એની પ્રાર્થનામાં કંઈ બોલવું પડતું નથી, કંઈ ભુલ થતી નથી, તથા કંઈ ખર્ચ થતો નથી. પણ એથી ઉલતું એ અભ્યાસ દરેક પ્રકારનાં બંધણો કે જે દીનને લગતાં હોય છે કે જેથી એક પુરૂષને પોતાના દીનના રેવાજો પ્રમાણે, કીર્યાઓ પ્રમાણે, તથા વેહેમોમાં બંધઈ રેહેવું પડે છે, તે બંધણોમાંથી તે તેને ફારેગ કરે છે; અને એ ઉપરાંત આત્માનો હરીફ જે મન છે કે જેનો ધર્મ દુઃખ, સંકલપ, શોક, ભય અને અંધકાર છે તે સધલાનો નાશ થાએ છે.

એટલા માટે આત્મ અભ્યાશી પુરૂષ ઉપર કોઈ પણ પ્રકારનું દીનને લગતું તથા મનને લગતું બંધણ ન હોવાથી તે બેહુ દીન અને મનને પોતાના આત્મામાં લય કરી નાખે છે અને મુકત મેલવે છે, અથવા અમેરેતાતની યાને આખરીની હાલતે જઈ પુગે છે.

પ્રકરણ ૨૦ મું.

અમેરેતાતની બાબદ સાંભે અધર્મી માણસોનો વાંધો; તથા એ વાંધાનો મજદયસ્નની દીન ઉપરથી થતો ખુલાસો.

અમેરેતાતનો મુખ્ય અર્થ—એ અર્થમાં સમાએલી અગત્યની બાબદ—એ બાબદ ઉપર અધર્મી લોકોનો વાંધો—એ વાંધો પાયા વગરનો છે તેના કારણો—મીનોઇ જહાન વીશે પેગમબરો ખબર આપનારા છે—જરથુસ્તે મીનોઈ જહાન વીશે આપેલી ખબર—અમેરેતાતનો સવાલ અને મજદયસ્ની દીન—અમેરેતાત અને સ્પિતમાન જરથુસ્ત—અધર્મીઓના વાંધાનુ મુખ્ય કારણ—એવા માણસો વીશે પારકાલનુ મત.

જે પ્રમાણે ઉપર વાંચી ગયા તે પ્રમાણે અમેરેતાતનો મુખ્ય અર્થ, આત્માની અમર્ગ જીંદગી તરીક થાએ છે. હવે

એ બાબદની અંદર એક અગત્યની બાબદ આ પ્રમાણે સ-માએલી છે કે દરેક માણસના ખાકી તનના નાશ પછી, તેના આત્માને મીનોઈ જહાનમાં હંમેશ સુધી રેહવું છે. એટલા માટે દેખઈતું છે કે જેટલા પ્રમાણમાં એક માણસની આ જહાનમાં સારી અથવા નઠારી કરણી હશે, તેટલા પ્રમાણમાં તેના આત્માને હંમેશ સુધી સજીવન રહીને મીનોઈ જહાનમાં સુખ અથવા દુઃખ વેઠવું પડશે. પણ આત્મા અમર્ગ છે કે નહી, અને માણસના કજાબાદ તે સજીવન રહે છે કે નહી, અને મીનોઈ જહાનમાં હંમેશનું સુખ અથવા દુઃખ ભોગવે છે કે નહી, તે વીશે ઘણાએક અધર્મી માણસો પોતાની નાસ્તીક (atheistic) તકરારો કરીને એવું સાબેત કરવામાં આગલ પડે છે કે માણસની કજાબાદ તેના આત્માને સજીવન થવું નથી તથા અમેરેતાત પણ ભોગવવું નથી. એઓનો મુખ્ય વાંધો આ પ્રકારનો છે કે આ જહાનમાં રહીને, આવતી જહાન વીશેની કોઈ પણ પ્રકારણી અતકલ કરવી એ દાહપણથી ઉલતું છે; અને જ્યાં સુધી ગુજરેલાં માણસો આપણને મીનોઈ જહાનની વાત નહી કહી જાએ, અથવા જ્યાં સુધી આપણે આ જહાનમાંથી મીનોઇ જહાન નજરે નજર નહી જોઈ શકયે, ત્યાં સુધી બેહેશ્ત અને દોજખ અને અમેરેતાત વીશેનું બોલવું તદન ખાત્રી વગરનું છે અને માણસની સમજથી બાહાર છે. હવે એ વાંધો તદન પાયા વગરનો છે, અને એ વીશેનો ખુલાસો આ પ્રમાણે છે કે જો કે "આપ મર્યાવીના સ્વર્ગમાં ન જવાએ" એ કેહેવત ખરી છે, તોપણ આપ મર્યાવીના સ્વર્ગ ન જણાએ, એમ કેહેવું ખોટું છે. કારણ કે જો કે આવતી જહાનને માટેનું

જ્ઞાન ઘણુંજ શકમંદ (doubtful) હોય, અને માણસ જાત પોતાની અકકલ વાપડીને જે મતો (opinions) બાંધે છે તે ઘણાંજ અધુરાં હોય, તોપણ જ્યાં મીનોઈ જહાનનો સવાલ હોય ત્યાં, અને જયાં દુન્યાદાર ફીલસુફો (worldly philosophers) ની સમજનો છેડો આવી રહે ત્યાં, માણસ જાતની સમજને આગલ વધારવાને માટે તથા તેને રોશન કરવાને માટે, આ જહાનમાં પેગમબરો સરજેલા છે; અને તેઓ મીનોઈ જહાનને લગતી તથા અમેરેતાતની બાબદને લગતી સમજ આપવાને માટે લાયક નરો છે. કારણકે જે માણસોને આપણે પેગમબર એટલે કે ઈશ્વર તરફથી પેગામ લાવનાર તરીકે કહીયે છીયે તેઓ જો સાચ્ચાજ નરો હોય તો, તેઓને આ જહાનની તેમજ મીનોઈ જહાનની ખબર હોવી જોઈએ. જો કે જહાનમાં તેઓ એક સાધારણ ખાકી મનુષ્ય તરીકે જનમ લે છે, તોપણ ઈશ્વર તરફથી તેઓને સઘલી બસારત થાએ છે અને તેઓ પોતાના ચમત્કારીક (miraculous) કાંમોની મારફતે પોતાનો ઈલાહી દાવો સાબેત કરી આપે છે. એવા માણસો મીનોઈ જહાન વીશેની ખબર આપી શકે, કારણ કે તેઓ આ જહાન અને તે જહાન વચેના સાંધણો (mediums) છે.

જો કે સંસારને લગતી ગમે એટલી કેલવણી લીધાં છતાં, તેજ કેલવણીના આધાર ઉપર કોઈપણ માજદયસ્ન આવતી જહાન છે કે નહી તેને વીશે ખાત્રી પુરવક નહી થઈ શકે, તથા આ કાયાના મોહુત પછી હુમેશના સુખ તથા દુઃખને માટે તે સકમંદ હોય, તો સ્પિતમાન જરથુસ્તે માજદયસ્ની દીનની મારફતે માણસ જાતની સમજને અંધારામાંથી

રેશનીમાં લાવવાને માટે જે જાહેર કીધું છે, તે આપણી આવતી જહાનને લગતી ઉમેદ વધારવાને તથા અધર્મી માણસોમાં ભય પાંથરવાને તદન પુરતું છે. કારણ કે

દાનાકયએ ઝક મુનવલ દીને મઝદયસ્ને અઈતિય મેનચ હોશમોરશને લા મતે યેકવીમુનેત; કુલામેન દીને મઝદયસ્ને અઈતેય વ પઈતાકય પઘતાક.

"મજદયસ્ની દીનને લગતી જે દાનાઈ છે તે વીચાર શકતિથી મલેલી નથી, પણ તે મજદયસ્ની દીનને હૈયાતી આપનાર, તથા તેને જાહેર કરનાર (એટલે દાદાર હોરમજદ) ની મારફતે જાહેર થએલી છે."

જો કે આ રંસાલાની મતલબ જુદ દીનો સાથે સરખામણી કરીને મજદયસ્ની દીનની બુલંદી સાબેત કરવાની નથી, તોપણ અમેરેતાતને લગતો સવાલ મજદયસ્ની દીન કેવી રીતે સેહેલાઈથી સમજાવી આપે છે તે વીશે હૈયાં લખી જણાવવું કઠેકાણે (out of place) લખેલું નહી કેહેવાએ. માજદયસ્ની ધર્મના ત્રણ મુખ્ય મુળતત્ત (principles) હુમત, હુખત અને હવર્શત છે, એટલે કે નેક વીચારવું, નેક બોલવું અને નેક' કરવું એ એનાં મુખ્ય ફરમાનો છે અને એ ફરમાનો મુજબ ચાલવાએ એક માણસ સંપૂર્ણ રીતે પવીત્ર થાએ છે. અને પવીત્રઈના જોરથી તેનું અંતકરણ સ્વચ્છ અને રેશણીવાલું રહે છે અને સત્યતાના જોરથી તે શુદ્ધ અંતકરણને મીનોઇ જહાન વીશે એલાહી બશારતો (inspirations) થવાથી અમેરેતાત વીશે સમજી શકે છે. વલી મજદયસ્ની દીનની બીજી ખુબી ઈજદો અને અમશાસ્પંદોની આરાધણા કરતાં શીખવે છે કે જે ઇજદો અને અમશાસ્પંદોને મીનોઇ જહાનની ખબર તો હોવી જોઇએ. એટલા માટે જે ખરા મજદયસ્નો

સંપૂર્ણ ખાલેસીથી તેઓ સાથ સંબંધ રાખી શકે તો તેઓની મારફતે પણ તેઓ મીનોઇ જહાનથી વાકેફ થાએ છે. એ વીશેની સાબેતીમાં એટલુંજ કેહેવું બસ છે કે અરદાવીરાફ અને આદરબાદ વીશે એવું જણાએલું છે, કે એકે આ જહાનમાં રહી, મીનોઇ જહાનનું જ્ઞાન મેલવ્યું હતું, અને બીજાએ સરોશ ઈજદ સાથ સંબંધ રાખી તેની પાસે "પતેત" ની બંદગી મેલવી હતી; તથા વંદીદાદના લખાણ મુજબ જમશેદે હોરમજદ સાથે વાતચીત કીધી હતી. એ વાતો જો કે હાલના અધર્મી માણસોને હસી કાઢવા જેવી લાગે, તો પણ એ વાતો એવો ઇસારો કરે છે (gives a hint) કે સ્પિતમાન જરથુશતના દેખાડેલા મજબથી અને પવીત્રાઈના જોરથી એક મજદયસ્ન આવતી જહાન સાથ સંબંધ રાખી શકે છે, તે વીશેનો શક દુર કરી શકે છે અને ખાત્રીથી માને છે કે તેના આત્માને આ કાયાના મોહત પછી અમર્ગ રહીને, તેના કામ મુજબ સુખ અથવા દુઃખ ખમવાનું છે. અને એટલાજ કારણસર મજદયસ્નની દીનની વખાણ કરનારાઓ વાજબી રીતે કહે છે કે જરથુશતના આવવા પછી જીંદગી અને અમરગી સઘલે ફેલાઈ ગઇ. એટલે કે અમેરેતાત વીશેના વીચારો એવનેલોકોમાં ફેલવ્યા, અને આવતી જહાન વીશેનો શક દુર કીધો. એ ઉપરાંત જે અધર્મી લોકો અમેરેતાત વીશે વાંધો ઉડાવે છે તેનાં મુખ્ય કારણો જાહેર છે કે મીનોઇ જહાનની સજાની ધાસ્તી તેઓની હવસી મોજમાં ખલલ નાખે છે અને એઓના એશઆરામને કદવી કરી નાખે છે.

પણ જે પ્રમાણે સુર્ય અસ્ત પામ્યા પછી તે અંધારામાં ગયો છે એમ મનાવવું જેટલું અશક્ય અને હસી કાઢવા જોગ છે,

એટલેજ. દરજજે આપણી કજા બાદ સઘલું અંધારૂં છે એમ મનાવવું પણ બેવકુફીભરેલું છે. અને એવા છાલકા જ્ઞાનવાલા આદમીઓ કે જેઓ પોતાની આવતી જીંદગીને માટે બેપરવા રહે છે તેઓની ભવીષ્યની હાલત વીસે જાણીતો ફ્રેંચ ફીલસુફ પાસ્કાલ (pascal) નીચે મુજબ કહી જણાવે છે:—

"It requires no great elevation of soul to observe that nothing in this world is productive of true contentment; that our pleasures are vain and fugitive, our troubles innumerable and perpetual; and that after all, death, which threatens us every moment, must in the compass of a few years—perhaps of a few days—put us into the *eternal condition* of happiness, or misery, or nothing. Between us, and these three great periods or states, no barrier is interposed but life, the most brittle thing in all nature; and the happiness of heaven being certainly not designed for those who *doubt* whether they have an *immortal part to enjoy* it, such persons have nothing left but the miserable chance of *annihilation or of hell.*"

Thoughts on religion.

એ ઉપરથી અમેરેતાત વીશેનો વાંધો તદન પાયા વગરનો છે, અને તે છતાં પણ

મેન ખુદએ આહરમોગાંન અવસ્તુત વ ખાક હોશમોરશને

"આશમોગોને તેનુ (અમેરેતાતનું) નકાંમુ અને ધુલ જેવું દેખાવું તેઓની આદતથીજ છે."

પ્રકરણ ૨૧ મું.

અમેરેતાતની સચાઈ વીશે ભલી દીન ઉપરથી મલતી દલીલોમાંથી થોડીએક દલીલોનું લખી જણાવવું.

અધર્મી ફીલસુફોની તકરાર ઉપર એતેકાદ લાવવો ભુલ ભરેલું છે:—સમજ અને ઇશ્વરી પ્રેરણા જુદીજ ચીજો છે—અમેરેતાતની હસ્તી છે એ વીશેની દીન ઉપરથી નીકલતી પેહેલી સાબેતી—બીજી—ત્રીજી—ચોથી—પાંચમી—છથી સાબેતી.

અમેરેતાતની હસ્તી વીશે જે અધર્મી લોકો વાંધો લાવે છે તે તોડી નાખવાને માટે અને આપણી દીન ઉપરનો એકીન મજબુત રાખવાને આ પ્રકરણમાં અમેરેતાત વીશેની હસ્તી, દીનને લગતી દલીલો ઉપરથી (religious proofs) સિદ્ધ કરી આપી છે. મજદયસ્નની દીન ઉપર જે કંઈ આપણો એકીન હોય તે તોડી નાખવાને માટે, અધર્મી ફીલસુફો ગમે એટલી પણ બારીક તકરારો લાવે, તોપણ તે દલીલોથી અંજઈ જાઈને આપણો એકીન ધીલો નહી કરવો જોઇએ. કારણકે દરેક જણે આ પ્રમાણે સમજવાનું છે, કે સાચ્ચા પેગમબરો તરફથી જે કંઇ સીખવવામાં આવે છે તે તેઓને ઈશ્વર પ્રેરણા (divine inspiration) થી મલેલું છે. અને તેની સાંભે આપણા મનની શકતિ (reason) કંઈ પણ કામ કરી શકે નહી. કારણ કે એ બને ચીજો જુદીજ છે. મનની સમજ શકતિ ઘણીએક વેલાએ ખોતી પાડી શકાએ, પણ ઈશ્વરપ્રેરણાની સાંભે તકરારો કરવી તે ફક્ત ઈમાનને ધોકો પોંહચાડવા

બરોબર છે. કારણકે દીનની મારફતે પેગમબરો જે કંઈ સમજાવે છે તે તેઓને ઈશ્વર તરફથી મલેલી ચીજ બતાવે છે. અને જે બાબદો, પેદા કરનારે, માણસોને માટે જાહેર કરાવી છે તે બાબદો કબી ખોતી પડી શકે નહી. એટલા માટે હોરમજદી ફ્રતવાઓ જે સ્પિતમાન જરથુશ્તે હોરમજદ પાસે મેલવીને માજદયસ્નોને માટે જાહેર કીધા છે તે ફ્રતવાએ ઉપર ગુમાણ લઇ જવો, અને તેઓને ખોતા માનવા, તે દાદાર હોરમજદ અને જરથુશ્તની સચ્ચઈ ઉપર શક લઈ જવા બરાબર છે. એટલા માટે મજદયસ્ની દીન ઉપર એકીન રાખતાં અમેરેતાતને લગતી અનેક પ્રકારની સાબેતીઓમાંથી, નીચે પ્રકારની થોડી એક સાબેતીઓ જાહેર કરવી બસ છે.

(૧) દાદાર હોરમજદ અને જરથુશ્ત વચ્ચેની વાતચીતમાં હોરમજદે આ પ્રમાણે કહયું છે કે "દાત નાંમ અહમી" એટલે કે "મારૂં નામ ઇનસાફ આપનાર છે." હવે જ્યારે માણસોને પોતાની કરણી મુજબ તેની કજા બાદ ઇનસાફ મલવાનોજ છે, તે ઉપરથી સિધ્ધ થયું કે માણસના રવાંનને તે ઇનસાફ મુજબ હંમેશ સુધીની સુખી અથવા દુઃખી હાલત ભોગવવાની છે. એટલે કે મીનોઇ જહાનમાં અમેરેતાતની હસ્તી છે.

(૨) વલી હોરમજદે જરથુશ્તને આ પ્રમાણે જણાવ્યું છે કે "પાત નાંમ અહમી" એટલે કે "મારૂં નામ બચાવ કરનાર છે." એટલે કે માણસની હૈયાતી ખતમ થવા બાદ, તેનુ શરીર ખાક સાથે મલી જાએછે, પણ તેનો આત્મા જે ખાસ હોરમજદ તરફથી તે શરીરમાં મુકવામાં આવ્યો છે, તે જો

હારેમનને લગતી ખાસ્યતોથી કંઈ પણ પ્રકારે આલુદગી નહી પામ્યો હોય તો તેને અમેરેતાત ભોગવવાને માટે હોરમજદ તેનો રક્ષણ કરનાર છે. પણ જો તે આત્માનો નાશ થતો અટકાવામાં હોરમજદની તાકાદ નહી હોય, તો પોતાની પેદા કીધેલી ચીજનો તે બચાવ કરનાર નહી કેહેવાએ અને એનો હરીફ જે અંગ્રમઈન્યુશ છે કે જેની મુખ્ય ખાસ્યત "મરેચીનીતન" એટલે કે નાશ કરવાની છે તે હોરમજદ કરતાં ચઢતો કેહેવાએ, કે જેમ માનવું ખોટું છે.

(૩) મજદયસ્ની દીન પ્રમાણે જરથુશ્તે એમ જણાવ્યું છે કે હોરમજદે પોતાની પેદાએશો ઉપર સંભાલ રાખવાને માટે, અમશાસ્પંદો અને ઇજદો પેદા કીધા છે અને તેઓ સઘલા અમેગ છે. એ ઉપરથી આપણે પણ એવું અનુમાણ કરી શકયે (conclude) કે માણસ જાત જે પૃથ્વિ ઉપર હોરમજદની સર્વોત્મ પેદાએશ છે, કે જે પોતાની ઉત્તમ અશોઇના બલથી ઈજદને દરજે પોહોચવાને લાયક થાએ, તોપણ તેઓને હોરમજદ અમરગી ન બક્ષે તો તે એક પ્રકારનો ગેરન્યાય (injustice) કેહેવાએ, કે જે ખાસ્યત તેનેથી તદન વેગલી છે.

(૪) આએ દુન્યામાં જ્યારે એક દાહયો અને અશો માણસ પોતાની આખી જીંદગી સુધી એમજ સમજે છે કે,

અવમ અમ સ્પેનતોમત, અવમ અબા હોરમજદ

"મારી મા ધર્તિ છે, અને મારો બાપ હોરમજદ છે," અને પોતાના પીતાને ઓલખવાને માટે અત્યંત ઉલત રાખેછે, અને તેની જે સૌથી પેહેલી પેદાએશ અમશાસ્પંદોની છે તેઓને માટે આ પ્રમાણે કહેછે કે,

ફ્રાવે રાહી અમેશા સ્પેન્ટા તનવસ્ચીત ખખ્યાઉ ઉસ્તનેમ.

"અએ અમશાસ્પંદો ! મારાં પોતાના બદનના જાનને અંતકરણથી હું અર્પણ કરૂંછું,"

તેવા માણસની કજા બાદ તે હોરમજદને પીછાનવાને તથા તેનુ આનંદ મેલવવાને શકતીવાન ન થાએ તો હોરમજદ તથા અમશાસ્પંદો કૃપાલુ નથી એમ કેહેવાએ. પણ અવસ્તાના લખાણ મુજબ તેવા માણસને

સ્ત્રેઉસ્ચ માઉઘેમચ હવરેચ અઝેમચ હે બેરેજએમ યો દધવાઉ અહુરો મજદાઉ, ઉસ્ત ઇથિ તે નરે યો ઇથ્યેજંઘતત હચ અંઘોત અઇથ્યેજંઘેમ અહુમ આ ફ્રાઉ.

"સેતારા, તથા ચંદ્ર તથા સુર્ય તેને આશીરવાદ દે છે; અને હું કે જે પેદા કરનાર હોરમજદ છું તેને આ પ્રમાણે આશીરવાદ દેઉ છું કે અએ માણસ ! એ પ્રમાણે તુંને મોહ-તાઇ હોજો ! તું કે જે નાશકારક દુન્યામાંથી નહી નાશ પામે એવી દુન્યામાં આવ્યો છે."

(૫) જો માણસના મોહત પછી તેના આત્માને અમેરેતાત ન ભોગવવાનું હોય તો ગુજરેલાંઓને યાદ કરવું, તથા તેઓને લગતું ભણતર જારી રખાવવું; તથા કોઈ પણ પ્રકારે તેઓની યાદી રાખવી એ પણ તદન નકામું કેહેવાએ. પણ અશો જરથુસ્તની દીનમાં ધણીએક બંદગીમાં અશો ફ્રોહરોને યાદ કરવામાં આવેછે, એ ઉપરથી સ્વચ્છ દેખાઈ આવેછે કે ગુજરે-લાંઓનો આત્મા સજીવન રહે છે.

(૬) અવસ્તા તથા પેહેલવી કેતાબોમાં આપણને પુશ્કલ ફકરાઓ મલે છે કે જે ઉપરથી અમેરેતાતની હસ્તી છે એવુ ખુલ્લી રીતે માલમ પડી આવેછે. દાખલા તરીકે વંદીદાદની

૧૯ મી ફરગરદમાં લંબાનથી લખી જણાવ્યું છે કે એક અશો માણસે આ ફાની જહાન છોડયા પછી, કેવી રીતે ચીનવદ પુલ તરફ જાએછે, ત્યાં કેવી રીતે તેનો ઇનસાફ થાએછે, તથા કેવી રીતે તેની કરણી એક ખુબસુરત સ્ત્રીના આકારમાં ત્યાં આવી તેને ઇજદો, તથા અમશાસ્પંદો તથા હોરમજદ તરફ લઇ જાએ છે કે જ્યાં તે હંમેશ સુધી રહેછે; તથા બુરા આદમીને કેવી રીતે "વીજરેષ" નામનો દેવ દોજખમાં ધસડી લઇ જાએછે. વલી અમેરેતાતની હસ્તી છે તે વીશે પેહેલવી કેતાબો "ગંજેશાએગાન" (ફકરો ૧૩૩), "અનદરજે આતરે પાત" (ફકરો ૧૪૭) "મીનો ખેરદ" (પ્રકરણ ૨ જું) માંથી અને બીજે ઘણે ઠેકાણેથી મજબુત સાબેતીઓ મલી આવેછે.

પ્રકરણ ૨૨ મું.

અમેરેતાતની સચાઈવીશેસાધારણસમજ ઉપરથી મલતી દલીલોમાંથી થોડીએક દલીલોનું લખી જણાવવું.

અમેરેતાતને દીનનાજ લખાણ ઉપર કબુલ કરવું તે એકીનને લગતો સવાલ છે—પણ સાધારણ સમજથી એ એકીનને મજબુત રાખવાની જરૂર્યાત છે—સાધારણ સમજ ઉપરથી અમેરેતાતને લગતી ૧ લી સાબેતી—બીજી—ત્રીજી—ચોથી—પાંચમી—છથી સાબેતી.

ગયાં પ્રકરણની મતલબ ભલી દીન ઉપરથીજ અમેરે-તાતની સચાઈ વીશેની સાબેતીઓ જણાવાની હતી. પણ જો કોઈ વાંધો ઉઠાવે કે દીનમાં લખાએલી બાબદો ઉપરથીજ ચોકસ બાબદ માનવી તે તો એકીનને લગતો એક સવાલ કેહેવાએ, (a question of faith only) પણ આપણે જો

ખુદરતમાં રહીએ છિયે તે ખુદરતને લગતી તકરારો ઉપરથી, તથા આપણી સાધારણ અકલ પણ દરૂસ્ત તરીકે કબુલ કરે (from common sense reasoning) તેવીજ તકરારો ઉપરથી એક બાબદ ખરી માનવી જોઈએ, તો આ પ્રકરણની મતલબ પણ તેવીજ રીતથી અમેરેતાતની સચઇ સિદ્ધ કરી આપવાની છે. જયારે આપણું હમેશનું ભવીષ્ય સુખ ફકટ માજદયસ્નની દીન ઉપર એકીન રાખી, તેના ફતવાઓ મુજબ કામ કરવાથી છે, એટલા માટે એ એકીનનો પાયો મકકમ રાખવાને માટે તથા લુલો થતો અતકાવાને માટે સાધારણ સમજનો પણ ઉપ્યોગ કરવો જોઈએ. અને દરેક મજદયસ્નની એક ફરજ એ છે જે તેને પોતાની અકલનો ખરો ઉપ્યોગ કરીને ખુદરતમાંથી મલી આવતી સચઈની મારફતે, મજદયસ્નની દીનને લગતી સચઈને મજબુત કરવી, અને ઈશ્વરકત્રશાસ્ત્ર (revelation) અને ખુદરતની વચે કેટલો મેલાપ અને એક સરખાપણું છે (harmony and agreement) તે સિદ્ધ કરી આપવું; કે જેથી કરીને ઈમાનને મજબુતી મલે, અને અકલને શકતિ તથા તેજ મલે. એટલા માટે અમેરેતાત વીશે નીચે મુજબ સાધારણ અકલને લગતી સાબેતીઓ લખી જણાવી છે.

(૧) આદમીના બનાવતની અંદર બે પ્રકારના ઉલટા ગુણો દેખઇતા છે. જે સારા પ્રકારના ગુણો છે એઓની મારફતે તે દુરગુણોને દફે કરે છે. અને એક નેક આદમી દરેક પ્રકારના દુરગુણોની સાંભે થાએ છે તે ફકત આજ કારણને માટે કે જયાં સુધી જીવે ત્યાં સુધી આ જહાનમાં, તથા આ ખાકી સરીરના મોહત પછી આવતી જહાનમાં અમર્ગ સુખ તે મેલવે. પણ ફકત જો કોઇબી રીતે આ જહાનનુંજ સુખ મેલવવાનું

હોય, અને અમેરેતાત વીશેની કોઈને પણ ઉમેદ નહીં હોય તો સઘલાઓ આ દુન્યામાં મકકરથી ચાલે; કારણકે તેઓ એમ સમજે કે આવતી જહાનનું હમેશનું સુખ ન હોવાથી તેઓ જે કંઇ મેહેનત લઇને સારાં કામો કરશે તે સઘલાં ફોકત જશે. અને ચાહેતો આદમી ફરેસ્તાઈ ખસલતના કામો કરે, અથવા તો હેવાનની માફક જીંદગી ગુજારે, તો તેમાં કંઈએ ફરક રહે નહી. પણ આદમજાત, જે દુન્યામાં ઈશ્વરની સ્વૈાેત્તમ પેદાએશ છે તેઓમાં જે પ્રમાણે હારેમને બુરા ગુણો પેદા કીધા છે તેજ પ્રમાણે ઇશ્વરે તેઓમાં ઉત્તમ પ્રકારની વિવેચન કરવાની શકતિ (discriminative power) પણ આપી છે કે જેની મારફતે, તથા ઈમાનના વસીલાથી તેઓએ,

"સુત મેન ઝયાન, વનાસ મેન કેરફે, વ વેહય મેન સલીતર્ય, વ રોશન્ય મેન તરીકય, વ મજદયસ્ન મેન દેવયસ્ન, બરા વજીદન૰"

"નુકસાનની અંદરથી ફાએદાને, ગુનાહની અંદરથી સવાબને, બદીની અંદરથી નેકીને, અંધારાની અંદરથી ઉજરડાને અને દવેપરસ્તીની અંદરથી યજદાં પરસ્તી પસંદ કરવી છે." એટલા માટે માણસની બનાવટ ઉપરથીજ દેખાઇ તું છે કે એ વિવેચન કરવાની શકતિના ખરા ઉપ્યોગની મારફતે આદમ જાતને માટે હોરમજદે અમેરેતાત સરજી રાખ્યું છે.

(૨) દુન્યાના વહીવટમાં નીરઅપરાધી માણસોનો નાશ થતો અતકાવાને માટે, તથા બુરાઈને સજા કરવાને માટે માણસોએ કાએદાઓ, ન્યાયધીસો, અને દરબારો સ્થાપી છે. અને આખી સ્રષ્ટિનો વડો ન્યાયધીસ (the Supreme Judge) હોરમજદ છે, કે જે દરેક માણસના બુરાં તથા નેક

કામો સમજી શકે છે, તેના હાથ હેથલ શું મીનોઇ ન્યાયધીસો તથા તેઓની દરબાર નહી હશે ? જો એલાહી ઇનસાફ જેવું નહીજ હોય તો એમાંથી એવો સાર ઉઠે કે પેદા કરનારના કરતાં પેદા કીધેલી ચીજોમાં વધારે દાહપણ છે, કે જેમ બનવું તદન અશક્ય છે. એટલા ઉપરથી દેખાઈતું છે કે આવતી જહાનમાં આપણને સજીવન થવું છે, આપણને ઇનસાફ મલવો છે, અને આપણાં કાંમો મુજબ હંમેશ સુધીની સુખી અથવા દુ:ખી જીંદગી ગુજારવી છે.

(૩) માણસના ગુજરવા બાદ તેના આત્માને અમેરેતાત ભોગવવાની છે એ વીશેનો વીચાર પુષ્કલ લાંબા વખતની આ-ગમજથીજ માણસની સમજ શકતિમાં ઇશ્વરે પ્રેર્ણા બુદ્ધિ (instinct) તરીકે ઉતારેલો હોય એવું લાગે છે. જેમકે પુર્વિન હીંદુઓ, "ઈજીપશ્યનો," "પરશ્યનસો," "ગ્રીશ્યનસો" અને બીજી પ્રજાઓ કે જેઓ દુન્યાની આગલી તારીખમાં વિધ્યા અને હુનરની બાબદમાં ઘણી આગેવાન હતી તે પ્રજાના ઘણાએક લોકો કોઈપણ પેગમબરના સીખવ્યા આગમજથીજ આત્મીક અમરગી વીશે માનતા હતા. ખસુસ કરીને યુનાની ફીલસુફો જેમકે "સોક્રેતીસ," "પ્લેતો," "ઝીનો," "એપીકતીતસ," "પીથેગોરાઝ" (Socrates, Plato, Zeno, Epictitus, Pythagoras) અને બીજા કે જેઓના લ-ખાણ હજુ રહેયાત છે તેઓ આત્મીક વિધ્યામાં એટલા તો આગલ વધ્યા હતા, કે તેઓને પગલે હાલના ફીલસુફોને પણ ચાલવું પડે છે. એ ઉપરથી સ્વચ્છ માલમ પડી આવે છે કે ખુદરત કે જે હંમેશા એક સરખી હતી, છે, અને રેહેશે, તેને

માણસોમાં અમેરેતાતનો છુપો અવાજ સંભલાંયો હતો, સંભલાવે છે, અને સંભલાવતી રેહેશે.

(૪) માણસોની અંદર આત્માની હસ્તી હોવાથી તેનું આખું શરીર જીવી શકે છે. જ્યારે શરીરમાંથી આત્માનું ઉઠી જવું થાએ છે, ત્યારે શરીરનું મોહત થાએ છે. એ ઉપરથી એમ દેખાએ છે કે જે ગુણો મોતમંદ શરીરને લગતા છે તેના કરતાં આત્મીક ગુણો ઘણાજ શ્રેષ્ટ અને ઘણાજ ઉત્તમ હોવા જોઇએ. એટલા માટે શરીર જયારે કપઇ શકે એવું છે, (divisible) કોહી જાએ એવું છે, અને નાશ પામે એવું છે, ત્યારે આત્મા નહી કપાઇ શકે એવો, નહી કોહી જાએ એવો, અને નહી નાશ પામે એવો હોવો જોઈએ. અને જ્યારે હોરમજદે એને એવો ઘડ્યો છે ત્યારે એને હંમેશની મીનોઇ જહાનને વાસ્તે અથવા અમેરેતાતને વાસ્તે સરજેલો છે એમ દેખાઈ આવે છે.

(૫) ભલી માજદયસ્નની દીન જેવી એક સુધરેલી અને સર્વોતમ દીનની પુઠે ચાલનારાઓ પોતાનાં ગુજરેલા પાદશાહો, પેહેલવાંનો તથા સગાવાંહલાંઓને યાદ કરે છે એટલુજ નહી, પણ ગુજરી ગએલા આદમીઓ આકાશમાં રહે છે એવો વીચાર અમેરીકાના જંગલી ઇન્ડયનોમાં (the red Indians) અને આફ્રીકાના નંગા હબસીઓમાં, તથા બીજી જંગલી જાતોમાં પણ વસેલો છે, અને એટલા માટે લડઈની વખતે તેઓના પેહેલવાનોને તેઓ યાદ કરે છે અને તેઓને ભોગ આપે છે, કે જેથી કરીને તેઓને લડઈમાં તેઓ ફતેહ આપે. એટલા માટે સર્વેથી શ્રેષ્ટથી તે સર્વેથી કનીશ્ત લોકોમાં પણ

એ બાબદનો ખ્યાલ હોય, તો તે ખ્યાલ હવાઈરૂપી બની શકે નહી, પણ સંગીન પાયા ઉપર રચેલો હોવો જોઈએ.

(૬) શાસ્ત્રની વિધ્યા પ્રમાણે (scientifically) જે ચીજમાં પદાર્થ (matter) હોય છે, તે ચીજનો નાશ થઈને બીજી ચીજમાં ફેરવઈ જવું છે. પણ માણસમાં જે વીચાર શકતિ, કલ્પણા, ધ્યાન, યાદદાશ્ત શકતિ અને બીજી મનની શકતિઓ છે, કે જેઓને તેકાવનાર (support power) આત્મા છે, તે સઘલી શકતિઓ નીરપદાર્થવાલી (immaterial) છે. એટલા માટે આત્મા પણ નીરપદાર્થવાલો છે. અને શરીર તો ફ્કત એક ઢાંકણ છે કે જેમાં એ શકતિઓ તથા આત્મા રહે છે. અને જે પ્રમાણે એક પાણીનું ખાબોચ્યું કે જેમાં સુર્યના કીરણો પડતાં હોય, તે પાણીના બાફના આકારમાં બદલઇ જવાથી, કીરણનું કંઈ સુકાવું થતું નથી, પણ તે સુર્ય તરફ ચઢી તેની સાથે મલી જાએ છે, અને હંમેશ સુધી રહે છે તેજ પ્રમાણે આ શરીરના મોહત પછી તે બદલઈ જઈને ખાક થઈ જાએ છે; પણ આત્માનું મીનોઈ જહાન તરફ ચઢવું થાએ છે, કે જ્યાં તે હંમેશ સુધી રહે છે.

એ પ્રમાણે અનેક પ્રકારની સાબેતીઓમાંથી થોડીએક દલીલો પ્રમાણે સિદ્ધ થયું કે અમેરેતાતની હાલત જરૂર ભોગવવાની છે, અને એ વીશેનો શક તથા વાંધો તદ્દન પાયા વગરનો છે. ઉપર મુજબ સાબેત કીધાં છતાં અગર જો કોઈને અમેરેતાત વીશેનો શક મનમાંથી નહી દફે થાએ તો તે શકમાંજ રહી જીંદગી સુધી એવી પ્રકારનો ખ્યાલ તથા વેહેમ પણ મનમાં રાખીને ગુજરી જવું વધારે દાહપણવાલું છે, કે જે પ્રમાણે એક વખણાએલો ધર્મોપદેશક (divine) નીચેમુજબ પોતાને વીશે કહે છે.

"I am not ashamed to own that if I were mistaken in the belief of another life, I like the mistake so well, that I am not willing to be undeceived, but desire to live and die with it; for *it is a pleasant delusion* if it be one, *to live and die with the hopes of immortality.*"

Tully.

પણ અગર જો કોઈ એવી ખાત્રી કરી આપે કે આ શરીરના મોહુત પછી, નવી આત્મીક જીંદગી જેવું કંઈએ નથી તો તેજ ઘડી આ સઘલું લખાણ ચીરીને ટુકડે ટુકડા કરી નાખવામાં, તથા અપઘાત (suicide) કરી આ જીંદગીનો છેડો લાવવામાં વધારે દાહપણ હું સમજું છું, કારણ કે એવા બાબમાં મેરેતાત (મોહુત) જેવું સુખ, શાંતી, અને છુતકારો બીજી કંઇ પણ બાબદથી મલી શકે નહી.

પ્રકરણ ૨૩ મું.

અમેરેતાતની પુઠે ચાલવાથી આ જહાનને લગતા જે બેહદ ફાયદા પ્રાપ્ત થાએ છે તેઓમાના થોડાએકનું લખી જણાવવું.

મજદયસ્નની દીનમાં પુષ્કલ નીતિ જ્ઞાન સમાએલું છે—અમેરેતાત અખત્યાર કરવાથી આ જહાનમાં શું ઉત્તમ પ્રકારના ફાએદા થાએ છે—૧ લો ફાયદો, ૨ જો—૩ જો—૪ થો—૫ મો—૬ ઠો.

મજદયસ્નની દીનની અંદર કેટલું ઉંચે દરજેનું નીતિ જ્ઞાન આપણને મલે છે, તથા તેના કાંનુંનો મુજબ ચાલવાથી કેટલી પ્રકારના આએ દુન્યાને લગતા તેમજ મીનોઈ દુન્યાને લગતા

ફાયદાઓ હાંસલ થાએ છે, તે વીશેનો ખ્યાલ આપણને ફક્ત અમેરેતાત વીશેની બાબદ ઉપરથીજ નીચે મુજબ માલમ પડશે.

બીજા સઘલા અમશાસ્પંદો તથા ઇજદોની પુઠે ચાલવાથી આપણને શું શું પ્રકારના જુદા જુદા ફાયદાઓ હાંસેલ થાએ છે તે વીશે અગલ રેહતાં, અમરદાદ અમશાસ્પંદની અને અમેરેતાતની સંધત આપણા મનમા રાખવાએ નીચે મુજબના ફાયદાઓ લખી જણાવ્યા છે.

(૧). મીનોઈ જહાનમાં આપણા આત્માને અમર્ગ સુખ મેલવવાની આશાથી આપણે આ જહાનની અંદર દરેક પ્રકારની બુરી ઈચ્છાઓ તથા બુરા હવસો ઉપર કાબુ રાખતાં શીખ્યે છિયે. અને જયારે સઘલા વીકારો આપણા મનમાંથી દફે થઇ જાએ છે, ત્યારે તેઓથી આપણને વધારે રંજ નહી મલતાં, આપણી અંદર નેકીનો પાયો મજબુત થાએ છે, અને આપણે સદાચરણી (virtuous) થઇએ છિયે.

(૨) જ્યારે આપણને મીનોઈ જહાનનુ હંમેશનુ સુખ મેલવવાની આશા અમેરેતાત શીખવે છે, ત્યારે તેજ વખતે તે આપણને એમ પણ જણાવે છે કે આ ખાકી જહાન તથા ખાકી શરીર થોડા વખતનું છે. એટલા માટે સંસારી સુખ તથા શરીરને લગતું સુખ જ્યારે આપણા કબજામાં આવતું નથી ત્યારે તેને લગતું દુઃખ શંતોષપણાથી સહન કરવાને માટે તે આપણને શકતિવાન કરે છે. એટલે કે આ જહાનમાં આપણને હોરમજદે જે હાલતમાં પેદા કીધા હોય તે ઉપર શંતોષી રેહેતાં શીખવે છે.

(૩). જેટલે દરજજે શરીરના બંધમાં રહેલા આત્માને પવીત્ર કરવામાં આવ્યો હોય, તેટલે દરજજે મીનોઇ જહાનમાં

બેહેસ્તનો ચોકકસ તબ્કકો હંમેશ સુધી તે આત્માને ભોગવવાનો છે એવી પ્રકારનું જ્ઞાન જ્યારે અમેરેતાતના અભ્યાસ ઉપરથી મલે છે, ત્યારે એક માણસને ખુદરતી રીતે આત્માને જેમ બને તેમ પવીત્ર રાખવાને તથા દરેક પ્રકારની બુરાઈને પોતાના મનમાંથી નાશ કરવાને લલચાવે છે. હવે જે પ્રમાણમાં મનમાં વીકારો નબલા થઈ મરી જાએ છે, તે પ્રમાણમાં અશોઈનું બલ વધતું જાએ છે. એટલા માટે મનની જે શકતિઓ છે, જેમકે જ્ઞાનની, નીતિની, દીનની અને બીજી, એ શકતિઓને વધારે બલ તથા તેજ મલવાથી તે માણસ મનની આનંદી મેલવે છે. એ ઉપરથી અમેરેતાત માણસને જીવતાંજીવત પણ **ખુશીભરેલી હાલતમાં** રાખે છે.

(૪) જેને અમેરેતાતનો વીચાર છે, તેને માટે મનની સરસઇ પણ છે, કારણ કે જ્યાં સુધી તેનામાં શરીરને લગતા ભોગની ઈચ્છા નથી, ત્યાં સુધી તેને દુન્યાના વેહેવારમાં કોઇનો નોકર પણ બનવું નથી. જેને પોતાના શરીરના ભોગની (physical enjoyment) ચીંતા હોય છે તેને દુન્યાદાર આદમીઓ કે જેઓ સંસારી બાબદમાં તેના કરતા ચઢતા હોય છે તેઓને આધીણ થઈ રહેવું પડે છે, પણ જેને અમેરેતાત મેલવવાની નેમથી પોતાના આત્માને ખીલવવું છે, તેને હોરમજદની ખીદમત્તમાં તથા મજદયસ્ન દીનના ફરમાન મુજબ કામ કરવું છે. એટલા માટે તે માણસમાં **મનની સરસઇ તથા સ્વતંત્રપણુ** વસે છે. અને એવી પ્રકારની

વોહુ ક્ષથ્રેમ વઈરીમ બાગેમ અઇબીબઇરીશતેમ.

"સારી આપખત્યાર પાદશાહી એ ઘણીજ મદદ આપનારી દોલત છે." ધજસ્ને ૧૫–૨.

(૫) વલી જે માણસ પોતાના આત્માને મીનોઈ જહાનનું સર્વોતમ સુખ મેલવવાને માટે લાયક કરે છે, તથા પોતાનો બાપ જે હોરમજદ છે તેની આગલ જવાની ખાએશ રાખે છે, તે માણસને માટે આ જહાનની મુશકેલીઓ આસાન થઈ જાએ છે. કારણ કે જે હોરમજદને યાદ કરનારો તથા તેનીજ પક્ષમાં ચાલનારો હોય છે તે માણસને માટે હોરમજદ પોંતે, તથા મીનોઈ ઇજદો, તથા આખી ખુદરત મદદ તથા ફતેહ લઈ જાએ છે. એ વીશે નીચે પ્રમાણે એક ફકરો લખી જણાવ્યો છે.

જસાઇતી તે અવંઘએચ રફનંઘએચ અઝેમ યો અહુરો મજદાઉ૦ જસાઇતી તે અવંઘએચ રફનંઘએચ યો વંઘો સ્રઓશો અશ્યો૦ જસાઓન્તી તે અવંઘએચ રફનંઘએચ યાઉસ્ચ આપો, યાઉસ્ચ ઉર્વરાઉ, યાઉસ્ચ અશોનામ ફ્રવશયો૦

(હોરમજદ તેને યાદ કરનારને કહે છે) "હુ કે જે હોરમજદ છું, તે તારી મદદ તથા ખુશાલીને માટે આવીશ, જે ભલો સરોશ છે તે તારી મદદ તથા ખુશાલીને માટે આવશે, પાણીઓ તથા ઓરવરો તથા અશો લોકોની ફ્રવશીઓ તારી મદદ તથા ખુશાલીને માટે આવશે."

હોરમજદ યશ્ત.

(૬) આ દુન્યામાં દરેક આદમીને જે સૌથી મોટી ફીકર તથા ધાસ્તી છે તે પોતાના મોહતની છે. પણ જેને પોતાની જીંદગીમાં અનેક પ્રકારની તકલીફો ખમીને પોતાના રવાનને અમેરેતાતને માટે લાયક કીધો હોય છે, તે આદમી કોઈપણ પ્રકારે પોતાના મોહતથી દરતો નથી; પણ જ્યારે તેની કજા આવી પુગે છે ત્યારે ખુશી થાએ છે કે જે અમર્ગ સુખને

માટે તેને મેહેનત કીધી છે, તેનું ફલ મેલવવાનો વખત નજદીક આવ્યો છે. અને જો કે ઉમરમાં વધારો થવાથી શરીરનું નબલું પડી જવું થાએ છે, અને દુન્યાદારીની સઘલી ચીજો સ્વાદ વગરની થતી જાએ છે તોપણ તેને બંદગીનો, અશોઈનો, અને નહી બદલાએ (constant) એવી નીતિનો જે સંગ્રહ એકઠો કરી રાખ્યો છે, તે તેની બુધાપાની દોલત છે. અને તે દોલત ઉપર ખુશી રહીને "અસ્તોવીધાતુ" દેવથી (મોહતથી) કંઈ પણ પ્રકારે ન બીહતાં મીનોઈ જહાનની ઉમેદવારી કરે છે. કારણ કે,

અઇવાઝે એહલાયશ, વ શેમે ફ્રશકેરેતી, વ કુનશને ફ્રારૂન, પવન હીચ અઇશ યાંચરૂતન લા તોબાન.

"અશોઈનો અવાજ, તથા રસ્તાખીઝને લગતી કીર્તિ, તથા પ્રમાણીક કાંમો, કોઇથી છીનવી લેવાવાનું નથી"

ગંજે શાએગાન (૧)

પ્રકરણ ૨૪ મું.

અમેરેતાતની વીગત વીશે બેપરવા રેહેનારા આદમીઓનો તથા તેઓ ઉપર પડતાં દુખનો હેવાલ.

અમેરેતાતની લાગણી માણસોમાં ન હોવાનું મુખ્ય કારણ—એવા માણસોની કમ બુદ્ધિ—એઓની આ દુન્યામાં હાલત—એઓ અંગ્ર મઇન્યુશની પક્ષ પર ચાલનારા છે—તથા તેના જેવા કમબુદ્ધિના છે તેના કારણો—એઓનાં દુઃખો ઘણીએક પ્રકારના હોય છે—તે દુઃખોની વીગત.

અમેરેતાત વીશેની લાગણી આ દુન્યાના ઘણાએક માણસોમાં બુજાઇ ગએલી રહે છે તેનું મુખ્ય કારણ અજ્ઞાનપણું

છે. કારણ કે તેઓ પોતાના શરીરને લગતાં સુખોમાં ગરક થઇ જવાથી, એમ સમજે છે કે એ પ્રકારનું સુખ સીવાએ બીજી પ્રકારનું સુખ મળી શકે એમ નથી. પણ તેઓની કમબુધ્ધિના સબબથી એમ નથી જણાતું કે શરીરની નબલાઈ થવાથી તે સુખનું નાશ થવું છે. અને અશો તથા દીનદાર માણસોને માટે કુદરતે જે શાંતી બક્ષી છે તે બીશેથી તેઓ બેખબર રહે છે. તેઓના મન આ દુન્યાનેજ લગતાં સુખો કોઈપણ વાજબી અથવા ગેરવાજબી રીતથી મેલવવામાં રોકાએલાં હોવાથી તે મન અનેક પ્રકારના વીકારો, જેમ કે કામ, ક્રોધ, લોભ, અદેખાઈ, અને બીજી બુરી લાગણીઓનું એક મોટું ભંદારખાનું બની રહે છે; અને તે હારેમનનું કારખાનું બનવાથી જીંદગીના છેડા સુધી પણ દુન્યાદારોની બાબદોમાં રોકાએલું રહે છે, અને મનની શાંતીનુ જે ઉત્તમ પ્રકારનું સુખ છે તે ભોગવવાને માટે તે આદમીઓ કમનશીબ રહે છે. વલી એવી પ્રકારના આદમીઓ મીનોઈ જહાનના હંમેશના લાભોને વેચીને, આ ખાકી શરીરનું થોડા વખતનુ સુખ ખરીદ કરે છે. તેથી તેઓ પોતાની સમજ શકતિને આડે રસ્તે લઈ જાએ છે. અને હોરમજદે તથા અમશાસ્પંદોએ જે બુદ્ધિ બખશી છે તેનો ખોતો ઉપ્યોગ કરવાએ પોતાના શરીરને ગુનાહથી ભરી નાખે છે, કારણ કે

યો હવ પ્રથ્વ પરાઇતિઆંઘત હચ સ્કયોથનાવરેઝ અથ અવઈતી પેશોતન્વ:

" જે જાણી બુજીને પોતાની અકકલથી ગુનાહ કરે, તો તે કામ કરવાથી એ પ્રમાણે તનાફુર (ગુનાહથી ભરપુર) થાએ છે. "

' વંદીદાદ ૧૫-૨

અને વલી તેવા આદમીઓની હાલત આ જહાનમાં જીવતાં મુરદાંઓની બરાબર છે. કારણકે સુલીમાન કે જે યાહુદીઓનો સૌથી દાહયો રાજા હતો તે પણ આ પ્રમાણે પોતાની કેહેવતોમાં લખી ગયો છે:—

"He that wandereth out of the way of under standing shall remain in the congregation of the dead."

Proverbs of Solomon XXI, 16.

વલી એથી પણ વધારે કહીએ તો ચાલે કે તેઓ અંગ્ર-મઈન્યુશની પક્ષ પર ચાલનારા, અને તેની ખાસ્યત ધરાવનારા છે. તેઓ અંગ્રમઈન્યુશની પક્ષ પર ચાલનારા છે તેનું કારણ એ કે, જ્યારે હોરમજદની મતલબ આખી સ્રષ્ટિને સત્યતાની રોષણીની પ્રકાશીત રાખવાની છે, ત્યારે તેઓ જુઠાઈનો ફેલાવો કરી સઘલે અંધારૂં પાંઠરવા માગે છે. અને અંગ્રમ-ઇન્યુશ પોતે અંધારી તોખમવાલો છે. અને જેમ સુર્યની રોષણી ધુવડથી દેખી નથી શકાતી, તેમ સત્યતાની રોષણી એ હારેમનને માટે બહુ બલવંત છે. વલી તે માણસો હારે-મનની ખાસ્યતવાલા આ કારણથી છે, કે જે પ્રમાણે તે ટુકી બુધ્ધિવાલો છે, અને ભવીષ વેશેનું તેને કંઇપણ પ્રકારનું જ્ઞાન નથી, તેજ પ્રમાણે આ થોડા વખતની પાપી મઝાઓમાં ભાગ લઈ, પોતાની મીનોઇ જહાનની હંમેશની કીર્તિ ખોઇ દીધાથી તેઓ પણ ટુકીનજરવાલા છે, અને તેઓનું ભવીષમાં શું થશે તે વીશેનું કંઈ પણ જ્ઞાન નથી. અને તેઓનું દાહપણ એક પટંગ્યાના (butterfly) જેટલું છે; કે તે જેમ દીપકના ચલ-કાત પર લોભઇને તે તરફ દોડીને પોતાનો પ્યારો જીવ ખોઇ દે છે તેજ પ્રમાણે મીનોઇ જહાનનાં સુખે વીશે અજ્ઞાન રહી

અને માણસોને ફસાવવાને માટે હારેમને જે અનેક પ્રકારની જાલો પાંઠરી છે તે માંહેની ખોટી ચલકતી ચીજો તરફ દોડી પોતાનો આત્મા મીનોઈ જહાનમાં જતો ખોઇ દે છે. અને તેમ કીધાથી આપણને અચરત થવાનું કારણ કંઈ પણ નથી. કારણ કે,

યાંમ અશવ વંઘવીમ અશ્યાંમ વએધ તાંમ દ્રવાઉ એવીધવાઉ

"જે અશો માણસ છે તે ભલી અશોઇને સમજે છે, પણ દુષ્ટ માણસ તેથી બેખબર રહે છે."

વીસ્પરદ ૨૨–૨

વલી એવી પ્રકારના આદમીઓ જો પોતાને સુખી સમજતા હોય તો તેઓનું સુખ કેટલું પોકલ છે, તથા તેમાં કેટલું ઝેહેર ભેરાએલું રહે છે તે નીચલાં કારણો ઉપરથી માલમ પડશેઃ—

(૧) જેઓમાં નીતિગુણ જેવુંજ હોયજ નહી, તેઓમાં હોરમજદની છુપી ધાસ્તી હોવાથી, તથા તેઓના આત્માને મીનોઈ જહાનમાં કેટલો શંતાપ કરવો પડશે એવી ફીકર તેઓના મન ઉપર તેઓની મરજી ઉપરાંત ધસારો કરે છે, તેથી તેઓની પાપી મજાહો કદવી થઈ જાએછે.

(૨) ખોટી રીતે મેલવેલી દોલત તથા માન કોઇબી પલે પરપોટાની માફક (like a bubble) નાશ થઈ જવાની ધાસ્તી તેઓમાં રહે છે. અને તેમ થવાથી ભવીષમાં તેઓ ઉપર આ જહાનમાં જે દુઃખો પડેછે તેઓને સહન કરવાની શકતિ તેઓમાં રેહેતી નથી.

(૩) પાપી મજાહોમાં ગરક હોવાથી તેઓના શરીરને દરદી અને રોગીષ્ટ થઇ જવાની ધાસ્તી તેઓમાં રહેછે.

(૪) અમર્ગ જીંદગી અને અર્મંગ સુખને લગતાં જે કામો, એક અશો માણસ આ જહાનમાં કરે છે, ત્યારે તેઓથી તે ખુશી થાએછે. પણ બુરાઓમાં તેઓના બુધાપાના વખતમાં સઘલી પાપી જવાની યાદ આવવાથી ઘણું મોડું થઈ જવા પછી પસ્તાવો કરવો પડેછે.

(૫) પાપી ધાર્ણાવાલા તથા વીશ્યકાંમોવાલા હોવાથી એવા માણસો અંગ્રમઈન્યુશનું જોર આ દુન્યામાં વધારેછે. અને આ જહાનમાં પેદા કરી, સચ્ચઇની તપાસ કીધા પછી, માણસોને હંમેશનું સ્વર્ગ બક્ષવાની જે નેમ હોરમજદની છે તે ઉંધી વલેછે. કારણ કે બુનદેહેશના લખાણ મુજબ જ્યારે હારેમને હોરમજદની સાંભે બુરી પેદાએશો ઉત્પણ કીધી હતી, ત્યારે તે નાપાક દેવની સઘલી હાણીઓ દફે કરવાને માટે આદમીઓના ફરોહરોએ આ જહાનમાં મનુષ્ય તરીકે આવીને હારેમનની સઘલી બુરાઇને તોડવાને કબુલ થયા હતાં; અને તેના બદલામાં હોરમજદે તેઓને આખરીએ તે હરીફથી દુઃખ વગરના બનાવવાને, તથા હંમેશ અને હંમેશ સુધીના અમર્ગ જીંદગીવાલા બનાવવાને જણાવ્યું હતું.

જુવો બુનદેહેશ પ્રકરણ ૨

એટલા માટે ખુલ્લું છે કે એવા આદમીઓની જીંદગી તદન વર્યથ જાએછે એટલુંજ નહી, પણ હોરમજદને આપેલો કોલ તોડીને તેને નાખુશ કરેછે અને હારેમનની દુન્યામાં ચઢતી કરી આપેછે.

પ્રકરણ ૨૫ મું.

અમેરેતાત, હઉર્વતાત સાથ જોડાએલો આવેછે તેનાં સારાંશ અને ઘટ્ટ કારણો.

હઉર્વતાત પાણી ઉપરનો મુવક્કેલ અમશાસ્પંદ છે—અમરદાદ ઝાડપાણ ઉપરનો છે એટલા માટે બેઉનો સંબંધ નજદીકનો છે—તેના ઘટ્ટ કારણો—કારણ ૧ લું—૨ જું—૩ જું—૪ થું—સારાંશ કારણો—કારણ ૧ લું—૨ જું.

અમેરેતાત એ ઓરવર ઉપર પ્રમુખ અમશાસ્પંદ છે, અને હઉર્વતાત પાણી ઉપરનો છે. એટલા માટે એ બેઉ અમશાસ્પંદો અવસ્તામાં વારણવાર સાથે આવેછે. એમ એક બીજા સાથ જોડાએલા આવવાનાં કારણો આપણે નીચે મુજબ જોઇ શકશું. એ કારણો બે પ્રકારથી લખી જણાવ્યા છે. પેહેલાં સારાંશ કારણો (abstract causes), અને બીજાં ઘટ્ટ કારણો (concrete causes). મુખ્ય ઘટ્ટ કારણો પેહેલાં નીચે મુજબ લખી જણાવ્યાં છે.

કારણ ૧—દેખઈતું છે જે, ઝાડપાણને ઉગવાને માટે પાણીની મુખ્ય અગત હોય છે. કારણ કે જો ઝાડને પાણી ન મલે તો તે કરમઈને મરી જાએછે. એટલા માટે હઉર્વતાત અને અમેરેતાતનો ઘણો નજદીકનો સંબંધ હોવાથી અવસ્તામાં ઘણીએક ઠેકાણે જ્યાં ભલાં પાણીઓને યાદ કરવામાં આવેછે ત્યાં ઓરવરને પણ યાદ કીધેલાં છે. જેમ કે

નીવએધયેમી હનકારઅયેમી અપ્હ્વ્યો વંઘુહીવ્યો વીસ્પનાંમચ અપાંમ મઝદધાતનાંમ, વીસ્પનાંમચ ઉરવરનાંમ મઝદધાતનાંમ

"ભલાં પાણીઓને, તમામ હોરમજદના પેદા કીધેલા

પાણીઓને, તથા તમામ હોરમજદના પેદા કીધેલાં ઓરવરોને હુ ઈજન કરૂંછું, તથા માન આપુછું."

ઈજશ્ને ૧, ૧૨; ૬, ૧૧, ઇત્યાદી.

વલી ખોરદેહ અવસ્તાની સઘલી ન્યાયેશો તથા યશ્તો ભણી રહયા પછી, દક્ષીણ દીશા તરફ ફરીને જે નીરંગો ભણ-વામાં આવેછે તેમાં પેહેલે અર્દવીશુરને (પાણીને) અને તરતજ પછી ઓરવરને પણ નમસકાર કરવામાં આવેછે. તે નીંરગો આ પ્રમાણે શરૂ થાએછે.

નેમસે તે અર્દવીશુર અનાહીતે૦ અશેમ વોહુ
નેમો ઊર્વઇરે વંઘુહી મઝદધાતે૦ અશેમ વોહુ

અએ ખાલેસ અર્દવીસુર તુંને નમાજ હોજો ! અશેમ વોહુ (૧) અએ હોરમજદના પેદા કીધેલાં ભલાં ઓરવરને નમાજ હોજો ! અશેમ વોહુ (૧).

(૨)–જે મુખ્ય નીયમો (general precepts) અવસ્તામાં પાણીને માટે જણાવ્યા છે, તેજ ઓરવરને માટે પણ છે. જેમકે અગરજો કોઈ પણ પ્રકારનો નસો પાણીમાં પડે, અને જેટલે દરજજે તે પાણીને ગલીચ કરેછે, તેટલે દરજજે તે ઓરવરને પણ ગલીચ કરેછે. જેટલે દરજજે એક અડકાએલી ઓરત (menstruating woman) ને કીરયાના પાણીથી દુર રેહેવું જોઈએ, તેટલેજ દરજજે બરસમથી (પવીત્ર ઓરવરથી) પણ તેને દુર રહેવું છે. જેમકે અવસ્તામાં આ પ્રમાણે પુછયું છે.

ચ્વત દ્રાજો હચ અપત, ચ્વત દ્રાજો હચ બરેસમન ?
પંચદસ ગાઉમ હચ અપત, પંચદસ ગાઉમ હચ બરેસેમન.

પાણીથી કેટલી લંબઈએ, બરસમથી કેટલી લંબઇએ (તે ઓરત રહે)? (જવાબ) ૧૫ પગલાં પાણીથી, ૧૫ પગલાં બરસમથી (તે દુર રહે). વંદીદાદ ૧૬–૩, ૪; ૭–૩૩; ૭–૩૫.

વલી જેટલે દરજ્જે એક અડકાએલી ઓરત પોતાની નજરથી પાણીને અપવીત્ર કરી નાખેછે, તેટલેજ દરજ્જે ઓરવરને પણ તે અપવીત્ર કરેછે. એ વીશે નીચે મુજબ જણાવ્યું છે.

થ્રીશુમ અપાંમ થ્રઓતો સ્તાર્યાંમ તખ્મનાંમ પઇરીશતયેઇતી પઇતી દીતી ઝરથુસ્ત્ર. થ્રીશુમ ઉર્વરનાંમ ઊઝરૂખસ્યેઇતીનાંમ સ્રીરનાંમ ઝઇરીગઓનનાંમ વક્ષાઉ અપયસઇતે પઇતીદીતી ઝરથુસ્ત્રા૦

"અએ જરથુશ્ત! (એવી ઓરત પોતાની) નજરથી ઝરાનાં દોડતાં વેહતાં પાણીઓને એક તૃતીયાંશ સુકવી નાખેછે. અએ જરથુશ્ત! તેણી નજરથી ઉગતાં, સુંદર, તાજાં, ઓરવરોનો એક તૃતીયાંશ ભાગ ($\frac{1}{3}$) ના વધારાને નાશ કરેછે." વંદીદાદ ૧૮-૬૩.

વલી આતશ ઉપર પાણી રેડવાનો જેટલો ગુનાહ છે, તેટલોજ ગુનાહ લીલાં ઓરવર બાલવાનો પણ છે.

એ પ્રમાણે આપણે બીજા નીયમો પણ અવસ્તામાંથી મેલવી શકીએ કે જે ઓરવર અને પાણીને માટે એકસરખાજ છે.

(૩) આખી સ્રષ્ટિનું જીવવાનું કારણ બેઉ ઝાડ અને પાણીથી છે. ફકત પાણી પીધાથીજ, અથવા ફકત ખોરાક ખાધાથીજ કોઇબી હૈયાતીવાલી ચીજ જીવી શકતી નથી, પણ બેઉ ચીજોનો ઉપયોગ થવાથી જીવી શકે છે. એટલા માટે એ બેઉ પેદાએશો એક બીજા સાથે મજબુત સંબંધ રાખેછે.

(૪) મજદયસ્નની દીનનો અનેક કીર્યા કામોમાં જ્યાં પાણી વાપડવામાં આવેછે ત્યાં ઓરવરની પેદાએશ પણ વાપડવામાં આવેછે. એવીશે ઇજશ્નેમાં ઘણીએક વેલાએ ફકરા આવેછે. જેમકે,

બરેસમન પઇતી બરેત હધ ઝઓથ્ર હાવનોઇશ રથ્વો ખરેથેમ મયઝદેમ આયેસે યેસ્તી હઉર્વત અમેરેતાત.

ઉપર ધરેલી જોર સાથની બરસમથી હાવન ગેહમાં ખોરાક, મ્યજદ, પાણી તથા ઓરવર હુ તૈયાર કરવા ચાહુંછું.

યજશ્ને ૩-૧

હવે સારાંશ કારણો નીચે મુજબ લખી જણાવ્યાં છે:—

(૧) હઉર્વતાતનો એક સારાંશ અર્થ (abstract meaning) સંપુર્ણ સુખ થાએછે અને અમેરેતાતનો અર્થ લાંબી જીંદગી થાએછે, એમ આપણે પેહેલાં પ્રકરણમાં જોઈ ગયા. હવે સંપુર્ણ સુખ અને લાંબી જીંદગી સાથેજ હોવી જોઇએ, કારણ કે પુરતું સુખ એક માણસ થોડી જીંદગી સુધી ભોગવે, અથવા અસંપુર્ણ સુખ લાંબી જીંદગી સુધી ભોગવે, તો તે બેઉ રીતે કમનશીબ કેહેવાએ; પણ ભાગ્યશાલી નર તેજ કેહેવાએ કે જે હઉર્વતાત અને અમેરેતાત બેઉ પોતામાં સાથે ધરાવતો હોય. એટલા માટે અવસ્તામાંથી એવા ફકરા મલેછે કે જયાં ભણનાર બેઉ ઉપલી ચીજો બંદગી કરીને માગેછે. જેમકે

યમેમ થ્વાંમ બીતીમ યાનેમ હઓમો જઇધ્યેમી દુરઓશો દ્રવતાતેમ અંઘાઉસે તન્વો૦ યમેમ થ્વાંમ થ્રાતીમ યાનેમ હમોઓ જઇધ્યેમી દુરઓશો દરેઘોજીતીમ ઉસ્તાનહે૦

"અએ દરદને પછાત નાખનાર હોમ! તારી પાસેથી બીજી બક્ષેશ, હું આએ શરીરનો તનદરોસ્તી માંગુછું. અએ દરદને પછાત નાખનાર હોમ! તારી પાસેથી ત્રીજી બક્ષેશ, જીવનો લાંબી જીંદગી માંગુછુ."

ઈનસ્ને ૯-૧૯. હોમ યસ્ત.

વલી જમશેદની પાદશાહીમાં થંડો પવન, દુ:ખ અને મોહત ન હતું; અને તેને પાણી અને ઓરવરને તાજા કીધાં,

તથા લોકો તાજો ખોરાક ખાતાં હતાં; એ ઉપરથી પણ એમ જણાએ છે કે તેના રાજ્યમાં બેઉ હઉર્વતાત અને અમેરેતાત લોકો ભોગવતાં હતાં.

(૨) હઉર્વતાતનો બીજો અર્થ સંપુર્ણપણું બતાવે છે, અને અમેરેતાતનો બીજો અર્થ મીનોઇ જહાંનમાં રવાનનું અમર્ગ સુખ બતાવે છે એ વીશે આપણે પેહેલાં પ્રકરણમાં જોઈ ગયા. હવે સંપુર્ણપણાની હાલતમાં આવવાને માટે (total perfection) માણસે ભલુ મન (બહમન), સૌથી ઉત્તમ અશોઇ, (અર્દીબેહેશ્ત) મનની સરસઈ, (શેહેરેવર) અને હોરમજદની તાબેદારી, (અસફન્દારમદ) અખત્યાર કરવી જોઈએ. એમ કીધાથી એનું પરીણામ માણસને હઉર્વતાત (ખોરદાદ) નું પ્રાપ્ત થવું છે. અને જે માણસ આ જહાનમાં હઉર્વતાતની હાલતમાં (in a totally perfect state) આવી પોહોચ્યો હોય, તો તેના બદલામાં તેને મીનોઇ જહાંનનું હમેશનુ સુખ (અમેરેતાત, અમરદાદ) મેલવવું છે.

એ ઉપરથી એવું અનુમાન થઈ શકે છે કે ગોયા બહમન, અર્દીબેહેશ્ત, શેહેરેવર અને અસફન્દારમદ, કારણો છે (causes) કે જેનું પરીણામ (effect) હઉર્વતાત છે; અને હઉર્વતાત એક કારણ છે કે જેનું ફલ અમેરેતાત છે.

એટલા માટે સિધ્ધ થયું કે જે પ્રમાણે કારણ અને પરીણામ હંમેશા જોડાએલાં રહેછે, તેજ પ્રમાણેનો સંબધ હઉર્વતાત અને અમેરેતાત વચે પણ છે.

પ્રકરણ ૨૯ મું.

અમેરેતાત એ આપણી જીંદગીની મુખ્ય નેમ હોવી જોઇએ એ વીશેનો ધડો.

અમેરેતાતની ખુબંદી આખી દુન્યાની દોલત કરતાં પણુ વધારેછે—એટલા માટે આત્મા વીશે બેપરવા ન રહેવું જોઈએ—મજદયસ્ની દીનની સીખામણુ—અમેરેતાતની બાબદ જીંદગી સુધી ધ્યાનમાં રાખી, હોરમજદના રસ્તા ઉપર ચાલવું—હારેમનની ફરેબમાં ન ફસવું—ખરી મર્દાનગી સાંમા સમાએલી છે—અમેરેતાતની નેમ જેનામાં છે તેનેથી હોરમજદ ખુશી છે.

આ રસાલો ખતમ કરવાની આગમજ, અમેરેતાતની ખુબદી વીશે લખી જણાવવાનું અગત્યનું છે, કે એક બારગી આખી દુન્યાની દોલત પણ આપણને મલે, પણ જો આપણો આત્મા બદીમાં ડુબે, અને એને લગતું જે હંમેશનું સુખ છે તે ખોઈ દીજયે તો તેમાંથી આપણને શું ફાએદો મલેલો કહેવાએ? જ્યારે આખી દુન્યાનું સુખ સાથે મુકતાં પણ આત્માની ભવીષ્ય અમેરેતાત ઘણીજ ઉંચે પ્રકારની છે, ત્યારે માણસ જાતે આએ થોડી જીંદગીના અરસામા સ્વપ્ના રૂપી માન મેલવવાની પછવાડે, અને ખોતી અને ખાલી મજાહો પછવાડે આત્માને શું કરવા પડતો નાખવો જોઈએ? અને એ વીશે દરેક જણે હંમેશાં નીચલી સીખામણ ધ્યાન રાખી દુન્યામાં પોતાની જીંદગી પસાર કરવી જોઈએ કે,

ચશુનવ ખ્વાસ્તે વઆરઝુકે ગએત્ય રાએ મોઝદે મીનોઇ બરા લા શકુનશને.

આએ દુન્યાની દોલત અને માલમતાની ઇચ્છાને સારૂ, આવતી દુન્યાને લગતો સારો બદલો મેલવાનાં કાંમને છોડી ન દેવું જોઈએ.

ફકત એટલી ચીજ ઉપર ધ્યાન રાખવું જોઈએ કે જયાં સુધી, શરીરની શોભાને માટે અને રક્ષાને માટે હોરમજદની પેદા કીધેલી ચીજોનો એવી રીતે ઉપયોગ થાએ, કે જેથી આપણાં રવાનનું તેજ કમી ન થાએ, તો તેમ કરવાને માટે આપણી દીનમાં રવા છે. શરીરને કષ્ટ દેખાડવું, મુફલેસી, કે ફકીરી હાલત પસંદ કરવી, એ બાદશાહી દીનના કાંનુનોને છાજતું નથી. એક બાદશાહની ધપ પ્રમાણે રેહેવું, બાહાદુરીથી લડઈમાં ભાગ લેવો, દેવોના માંથાં ભાંજવા, આત્માને તથા મનને ધાસ્તીથી દુર રાખવું. સૌથી ઉંચી પ્રકારના અશો વીચારો રાખવા, અને એવા બીજા માનસાઈ ગુણો (manly morals) મનમાં કાયમ રાખવાને સ્પિતમાન જરથુશ્તે આપણને સીખવ્યું છે. અને આ દુન્યાની મુસાફરીની અંદર, અમેરેતાતનીજ બાબદ ધ્યાનમાં રાખી હોરમજદના તરીકા મુજબ ચાલવું. અને તે તરીકા એ છે કે આપણી અંદર હારેમને જે દુરગુણો ઉતપણ કીધા છે જેમકે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, ફીકર ઈત્યાદી તે સઘલાઓને નાબુદ કરીને ધર્મ તથા સત્યતાના માર્ગથી કઘી પણ દોલવું નહી. અને અંધારી તોખમવાલો તથા કમબુદ્ધિવાલો જે અંગ્રમન્યુશ છે તેને માણસોને અમેરેતાતવીશે ભુલાવો નાખવાને, તથા તેના રસ્તા ઉપરથી આડે રસ્તે લઈ જવાને માટે, આ સ્રષ્ટિમાં એક ફરેબની જાલ પાંઠરેલી છે. તેની મીસાલ એ કે, જે પ્રમાણે એક મેલામાં, બચ્ચાંઓના મનને લોભાવાને માટે ઘણીએક પ્રકારની ચીજો વેચવામાં આવે છે, તેજ પ્રમાણે આ દુન્યાના મેલામાં હારેમને અને એના સાથીઓએ માણસ જાતને ઇશ્વરી રાહ ઉપર જતા અટકાવાને માટે, તથા અમે-

રેતાત વીશે ગાફેલ બનાવાવાને માટે ઘણીએક ચીજો વેચાવા મુકી છે. તેમાં મુખ્ય કરીને પૈસા, મગરૂરી, ખોતાં માનઅકરાંમો, અંહકાર, જુઠાઈ અને શરીરને લગતા હવસો છે. અને જે પ્રમાણે એક સાધારણ મેલામાં વેચાતી ચીજો ખરીદ કરવાને માટે એક સંગીન રીતે કેલવાએલો આદમી દરકાર રાખતો નથી, પણ બચ્ચાંઓજ તેઓથી લોભાઇ જાએ છે, તે પ્રમાણે આ દુન્યાનાં મેલામાં અંગ્રમઈન્યુશની જાલમાં જે કોઇ ફસે છે, તેઓ જો કે દુન્યાદારીને લગતી કેલવણીમાં ગમે એટલા આગલ વધેલા હોય, અથવા દુન્યાને લગતી મોહતાઇમાં ગેરવાજબી રીતે ગમે એટલા પણ લોકોમાં માન પામેલા હોય, તોપણ તેઓ હોરમજદની નજરમાં માત્ર બેઅકલી બચ્ચાં જેવા તથા કંઈપણ અગત્યાત વગરના છે. વલી હોરમજદના તરીકા મુજબ ચાલવું મૃત્યુક આદમીઓને માટે ઘણું દુશવાર છે, તોપણ પાછલથી તેઓને કેટલો ફાયદો થાએ છે તેને લગતો વીચાર કરવો જોઈએ. આપણે જે દુન્યામાં રહીએ છિએ તેમાં જો કે હાલના વખતમાં અંગ્રમઈન્યુશનું પુર અંકરાસન આપણી ઉપર ગલબો કરે છે, અને વલી જ્યારે આપણને અનેક પ્રકારના આદમીઓ સાથ કામ લેવાનું હોય કે જેઓનો મોટો ભાગ સત્યતાના માર્ગથી ઉલતા ચાલનારા હોય, કે જેઓ આપણી ધર્મની તથા અમેરેતાતની લાગણીને માટે આપણને વેહેમી અને મુર્ખ સમજતા હોય, તથા સંસારની બાબદમાં દરેક રીતે ગેરલાભ કરતા હોય, એવા આદમીઓની વચે રહી હોરમજદનીજ પક્ષ પર ચાલવું, તથા અમેરેતાતની પ્રાપ્તીને વીશે ઉલતમંદ રેહેવું એમાં ખરી મરદાનગી સમાએલી છે. અને વલી જેનામાં ખરી મરદાનગી

તથા હિંમત હોય છે, તો તેને આ આલમની આફતથી દેહેશત કેવી છે? એક બારગી એવો પણ સંજોગ આવી પડે કે તેની સચઇને લીધે આખી આલમ પણ તેની વીરૂધ થઇ ઉભી રહે, અને તેની નેકીને કોઇપણ ઉત્તેજન આપનારૂં નહી રહે, તોપણ તેને મોટો સંતોષ એ છે જે હોરમજદ તેનો બાપ છે, સ્પેંન્ટ આર્મઇતિ તેની મા છે, સરોશ તેનો ભાઇ છે, મજદયસ્નની દીન તેની બેહેન છે, ઇજદો તેના મીત્રો છે, અને અમશાસ્પંદો તેના શીક્ષકો છે.

અને જે પ્રમાણે લખો કાલાં વાદલાંઓ હવામાં હોવાથી સુર્યની રોશણી કંઈ કાલી થઈ જતી નથી, અથવા જોરથી પવન ફુકવાથી પાહાદ કંઈ ઉડી જતો નથી, તેજ પ્રમાણે બુરાં આદમીઓ તરફની હજારો તકલીફો પણ આવવાથી, એક ખરા મજદયસ્નના એકીનને ઝાંખ લાગતી નથી, અને તે મનમાંથી ઉડી જતો નથી.

વલી તે મીનોઇ દાહપણથી એમ સમજે છે કે અમેરેતાત મેલવવાની અંદર જે દુઃખો એની ઉપર પડે છે તે ફકત તેના ધર્મ અને એકીનની પરીક્ષાને માટે છે. અને જેમ એક સોનાના સીકકાને કસોતી ઉપર ઘસ્યાથી પોતાની સચ્ચઈ દેખાડી આપેછે, અને એક હીરાને ચર્ખા ઉપર ચઢાવ્યાથી વધારે આબદાર બને છે, તેમ તે માણસ મુસીબતની કસોતી ઉપર ઘસાયાથી નુરવાલો બને છે અને હોરમજદ, અમશાસ્પંદો, અને ઈજદોની નજરમાં એક રત્ન (jewel) જેવો દીપી નીકલે છે; અને તે નર આ પૃથ્વી ઉપર,

પવન ચશ્મ અમત પવન હુચશ્મય ખુરશીત ;
પવન ગુશ અમત પવન હુનીઉસ્ય સ્રઓશ ;
પવન હુઝવાન અમત પવન હુગુફ્તારીય રશ્ને ;
વ પવન મીનશ્ને અમત પવન હુઅનોસ્ય અમહુસ્પંદ.

પોતાની આંખોથી સારી નજર રાખવાએ ખોરશીદ જેવો, પોતાના કાંનોથી સારૂં સાંભલવાએ સરોશ જેવો, પોતાની જબાનથી સાચું બોલવાએ રશ્ને જેવો, અને પોતાના મનમા અમેરેતાતની સારી ઈચ્છાએ અમશાસ્પંદ જેવો છે.

પ્રકરણ ૨૭ મું.

જીવતાં જીવત અમેરેતાત પ્રાપ્ત કરવા વીશે સ્થુલ શરીરની મારફતે મજદયસ્નોએ કેવી પ્રકારનો અભ્યાસ કરવો જોઇએ તે વીશેની વીગત.

આખી સ્રષ્ટિની પેદાએશોનાં ત્રણ વર્ગો—એમાં માણસ જાતનો વર્ગ સર્વોત્તમ છે—તેનું કારણ—માણસની બનાવતમાં ત્રણ મુખ્ય ચીજો—એ ત્રણે ચીજો શરીર, જીવ અને આત્મા છે—તે વીશેની સમજ—આત્માનું ખીલવવું એ અમેરેતાત મેલવવાનું મુળ છે—એ વીશેની કળા—એ કળા તરફ માણસનું મન વલતું નથી તેનાં સબબો.

ઉપલાં ૧૯ માં પ્રકરણમાં જણાવ્યા મુજબ અમેરેતાતનો અભ્યાસ બીજા સઘલા અભ્યાસો કરતા સર્વોત્તમ છે. હવે એ અભ્યાસ કેવી રીતે થવો જોઈએ તે વીશેની સમજણ નીચે મુજબ છે.

આપણી સાધારણ અકકલની મારફતે દુન્યામાં જે સઘલી પેદાએશો છે તેના ત્રણ મુખ્ય ભાગો આપણે કરી શકયે. એઓમાં સૌથી ઉતરતો જે વર્ગ છે તે ધાતુ વર્ગ (mineral kingdom) કહેવાએ છે; એથી ચઢતો ઓરવરનો વર્ગ છે;

અને સર્વથી ઉપલો પ્રાણી વર્ગ છે. હવે છેલ્લો જે વર્ગ છે તેના બીજા બે વિભાગ કરી શકીએ, કે જેના એક ભાગમાં હેવાનો (beasts) અને બીજા વર્ગમાં મનુષ્ય છે. એટલા માટે માણસ જાત, પેદાએશનાં કુદાલામાં સૌથી પેહેલી પંકતી ભોગવે છે. એ વીશેનું કારણ દેખઇતું છે કે પથ્થરને લગતી પેદાએશમાં ઈશ્વરે કોઈ પણ પ્રકારની શકિત મુકી નથી. એથી ચઢતી જે ઓરવરને લગતી પેદાએશ છે તેમાં ફકત જીવવાની શકિત છે; એથી ચઢતી જે જાનવરને લગતી પેદાએશ છે તેમાં જીવવાની, હીલચાલ કરવાની અને થોડેજ દરજજે સમજવાની શકિત છે; પણ માણસ જાતની પેદાએશ જે બીજી પેદાએશો ઉપર સરવરી ભોગવે છે તેનું કારણ ફકટ એટલુંજ છે, કે તેમાં વીચાર કરવાની શકિત તથા આત્મીક બુદ્ધિ એટલી તો મજબુત છે, કે તેઓના ઉપયોગથી આદમી પોતે તથા પોતાના પેદાકરનાર વીશેનો સંબંધ સમજી શકે છે. હવે આ જહાનમાં આદમીનો દરજજો શું છે તે જાણ્યા પછી એની બનાવત કેવી પ્રકારની છે તે વીશે પણ જાણવું ઘટારટ છે. આપણી સાધારણ સમજથી દેખાઈ આવે છે કે આદમી ત્રણ મુખ્ય તત્વોનું (elements) બનેલું છે (૧) સ્થુલ શરીર કે જે માંસ, હાંડકાં તથા લોહીનુ ખોખું છે (૨) જીવ (૩) આત્મા. હવે ઘણાએક માણસો અજ્ઞાનપણાથી આત્મા અને જીવને એકજ સમજે છે તે વીશેનો ફરક નીચે મુજબ સેહેલમાં સમજાવ્યો છે.

જીવ જે છે તે કંઈ નથી પણ કાઈક (bodily) વીજલી છે કે જેનુ રેહેથાણ લોહીમાં છે અને જે લોહીને તે આખાં શરીર ઉપર ફેરવે છે. અને એ વીજલીનું મોટું ભંડાર ખાનુ

જે છે, તે માણસનું ભેજું છે. જે પ્રમાણે વીજલીને અનુસરતી ચીજોનું યંત્રમાં ઘસાવાથી વીજલી ઉતપણ થઇ તારની મારફતે સઘલે ઠેકાણે ફરી વલે છે, તેજ પ્રમાણે બાહરની હવામાંના પ્રાણવાયુ (oxygen gas) ના લોહીની અંદરના કોયલા તત્વ (carbon) સાથ ઘસાડો (friction) થવાથી માણસના ભેજામાં કાઈક વીજલી પેદા થાએ છે, અને તે ભેજું દરેક પલે નસોની (nerves) મારફતે તે વીજલીને આખે શરીરે પુરી પાડે છે. અને મુખ્ય થાંભો કે જેની સાથે કાઈક વીજલીની દોરીઓ (નસો) ભેજાં સાથે જોડાએલી રહે છે તે માણસનુ પીઠનુ હાડકું (back bone) છે. અગર જો કોઈ બનાવથી બરદાનો કાંથો ચોરઈ જાએ, અને નાસોનુ ભેજાં સાથેનું સંબંધ તુતી જાએ, તો કાઇક વીજલી શરીરના અવ્યવો તરફ પોંહચી શકે નહી, અને માણસની આખરી આવે. એ ઉપરથી સ્વચ્છ જણાએ છે કે જીવ એ કંઇ નથી પણ કાઇક વીજલી છે અને અવસ્તામાં એ વીજલીને " ઉરવન " કરીને કહે છે.

હવે આત્મા વીશેની સમજણ આ પ્રમાણે છે કે મજદયસ્ની દીન પ્રમાણે પેદા કરનાર હોરમજદ જે છે તે વીસ્તાર વગરના વખત (ઝરવાનેમ અકરનેમ) ને લગતી સર્વવ્યાપક (અવીતન્યો), જ્ઞાની (ખ્રતુમાઉ), તમામ જાણનારી (વીસ્પ હીષશ), અને અભંગ (અમેશ) શકતિ છે. અને એ શકતિમાં રૂપ, વીકાર કે મન કંઈએ નથી. જ્યાં સુધી એ શકતિ સ્થીર હતી ત્યાં સુધી સર્વ નીરાકાર હતું, પણ જયારે એમાં ઇચ્છાનો પ્રકાશ પેદા થયો કે તેમાં પેદાએશની ગતિ ઉતપણ થઈ. હવે પરમેશ્વરમાં એ ઇચ્છાનો આવેશ કેમ થયો તે વીશે હૈયાં લખવું સજાવાર નથી. પણ ટુકમાં

જેને આપણે કુદરત કહીએ છિયે અને વેદાંત ફીલસુફો જેને "માયા" કહેછે તે કંઈએ નથી પણ પરમઈશ્વરની ઈચ્છાની એક સેહેજ ગતિ છે. અને જે પ્રમાણે એક કીટલીમાં પાણી નાખી તેને ઉકાલચે તો તેમાં કકડા આવવા માંડે છે અને જાણે કીટલીમાં તોફાન થતું હોય એમ લાગે છે, તેજ પ્રમાણે હોરમજદના બલ આગલ જે લખો અને કરોડો દુન્યાઓ છે કે જેમાં આપણે આટલું સઘલું તોફાન જોઇએ છિયે તે તેની નજરમાં ફક્ટ એક પલનો સંકલ્પ છે. જે પ્રમાણે એક ચીંગારીમાંથી બલતું, બલતાંમાંથી ભડકું, અને ભડકાંમાંથી આગ વધી જાએ છે તેજ પ્રમાણે પરમઇશ્વરની એક ચીન્ય માત્ર (like a particle) ઇચ્છામાંથી બેહદ સ્રષ્ટિઓ ઉતપણ થઇ છે.

"યથાં અહુ વઇર્યો અથા રતુશ અશાતચીત હચા."

જે પ્રમાણે હોરમજદે અશોઈથી ઇચ્છું તેમ (સ્રષ્ટિઓ ઉતપણ થઈ.)

હવે જે પ્રમાણે સઘલે ઠેકાણે ફેલાએલી આગમાં અસલ ચીંગારીની અસર હોય છે, તેજ પ્રમાણે આખી સ્રષ્ટિમાં પરમઇશ્વરનો અંશ આવેલો છે એટલા માટે એ અંસ માણસમાં પણ છે કે જેનું નામ આત્મા.

હવે માણસની બનાવતમાં શરીર, જીવ અને આત્મા એ શું છે તે ટુંકમાં સમજ્યા પછી આપણને સ્વચ્છ માલમ પડી આવે છે કે શરીર કોહી જાએ અને નાશ પામે એવી વસ્તુ છે, જીવ એ ફક્ટ લોહીની કીરયા છે એટલા માટે એનો પણ છેડો આવે, પણ આત્માજ ફક્ટ એવી ચીજ છે કે જે પર-

ઇશ્વરના ગુણ ધરાવનારી છે; એટલે કે તે સર્વવ્યાપક, સર્વે જાણનાર અને અમર્ગ છે. એટલા માટે દરેક મજદયશ્નનો ફરજ એ છે જે હોરમજદનો અંશ તેની અંદર જે છે તે વીશેની સોધ કરવી, તે અંશને ખીલવવો, અને આખરે પોતાના મનને તેમાં લય કરવો. (absorb) અને જ્યારે જે કોઈ પોતાના આત્માના દર્શન કરવાને ફતેહમંદ નીવડે છે તે યોગેશ્વર થાએ છે એટલે કે તે ઈશ્વર સાથ યોગ (સંબંધ) કરનારો કહેવાએ છે; અને ઈશ્વરને લગતી ખાસ્યતો (attributes) પોતામાં પ્રવેશ કરી શકે છે; કે જે પ્રમાણે જરથુસ્તે, આઝર કેરવાને, આદરબાદ મારેસ્પંદે, અરદાવીરફે અને બીજાઓએ કીધું હતું. અને જે પ્રમાણે મેરેતાત ઈશ્વર ઉપર હુમલો કરી શકતુ નથી તેજ પ્રમાણે તેઓ ઉપર પણ કરી શકતું નથી એટલે કે તેઓ જીવતાં જીવત અમેરેતાત મેલવે છે.

આ જહાનમાં અમેરેતાત મેલવી શકાએ છે એટલું જણાવ્યા પછી એ વીશેની ગુપ્ત સમજ નીચે મુજબ લખી જણાવી છે.

માણસોમાં પ્રકાશીત આત્માની હસ્તી છે તેનો ઉજાશ તેઓને લાગતો નથી તેનું કારણ એ છે કે, જે પ્રમાણે સોનું જ્યાં સુધી ખાંડમાં પરી રહેલું હોય છે ત્યાંસુધી કાદપ સાથ ભેલાએલું રહે છે અને કંઇ પણ તેજ આપી શકતું નથી, પણ જ્યારે ગાલી કાઢવામાંઆવે છે, અને કાદપ છુતો પડી જાય છે ત્યારેજ તેનો પ્રકાશ ખુલ્લી રીતે નીજર આવે છે, તેજ પ્રમાણે માણસોનો આત્મા જ્યાંસુધી શરીરમાં ફરતા વીકારોના ગોતે ઓતામાં દતઈ રહેલો છે ત્યાં સુધી તે ઉજાશ વગરનો લાગે

છે. એટલા માટે એ વીકારો, કે જેમાં કાંમ (lust) ક્રોધ, મદ (અદેખાઇ) અને લોભ મુખ્ય છે તે સઘલાઓનો નાશ થવો જોઇએ. હવે એ જુદી જુદી પ્રકારના વીકારો કેમ ઉતપણ થાએ છે તેની મતલબ હૈયાં લખી જણાવાની નથી; પણ એટલુ જાણવું સજાવર છે જે તેઓનું રેહેથાણ શરીરમાં ફરતાં લોહીમાં છે, અને મનની ચોકસ કીર્યાથી તેઓ ઉતપણ થાએ છે, કે જે મનનું રેહેથાણ સ્વાસ લેવાની નલી (breath-pipe) માં આવેલું છે; અને જે પ્રમાણે એક કાચની નલીમાં પારો (mercury) ઉપર નીચે ચઢ ઉતર કરે છે તેજ પ્રમાણે સ્વાસના આચકાથી મન ઉપર નીચે તેમાં હીલચાલ કરે છે. એટલા માટે એ વીકારોની ગતિ અટકાવાને માટે મનને થોભાવેલુ રાખવું જોઇએ; અને તેમ કરવાને માટેના મજબુત હથીયારો જે છે તે ઉત્તમ બુદ્ધિ અને દીનની લાગણી છે કે જેને અવસ્તામાં “ ખ્રઓધંઘ ” અને “ દએન ” કહે છે. ઉપલી બંને પ્રકારની શક્તિઓ, એક બાજુએથી શરીરનું અજ્ઞાનપણું, અને બીજી બાજુએથી આત્મીક પ્રકાશ, એ બેહુની વચ્ચેની હાલત છે. અને જેમ એક યજદયસ્નમાં એ શકિતઓનું બલ વધારે, તેમ તે અજ્ઞાનપણાથી દુર અને આત્મીક જ્ઞાનમાં બલવંત રહે છે. અને એ શક્તિઓની શુક્ષમ સીખામણ એ છે જે કાયાને લગતી રક્ષાને માટે તથા તેને લગતાં સુખને માટે આત્માને દુબલો બનાવવો ન જોઇએ, પણ એથી ઉલતું આત્માને સરપાવ આપીને સ્થુલ શરીરને સરમાવ કરવું જોઇએ. એ પ્રમાણે જ્યારે વીકારો ઉપર મજબુત કાબુ રાખવામાં આવે છે અને તેઓને ભચડી નાખવામાં આવે છે, ત્યારે મનની હાલત ચલણ વગરની (stable) અને સ્થીર થાએ છે. અને જ્યારે મન અચલ થાએ છે,

અને વીકારોનો જુસ્સો નરમ પડી જાએ છે, ત્યારે લોહીનું વેહેવું શાંતીથી ચાલે છે. અને એ વખતે જે પ્રમાણે કોઈ એક નદીના પાંણી જ્યારે કચરા વગરનાં અને સ્થીર હોય છે ત્યારે તે ઉપર સુર્ય અથવા ચંદરમાંનો આભાસ (reflection) સ્વચ્છ રીતે પડે છે, તેજ પ્રમાણે મનની હાલત વીકાર વગરની અને હીલચાલ વગરની થવાથી, આત્માનો આભાસ તે ઉપર પડે છે; અને પવીત્ર મજદયસ્નનને તે આભાસ સુર્યના કીરણ, અથવા વીજલીના ચમકારા, અથવા દીવાની જોતની માફક સ્વચ્છ અંતરદ્રસ્તી (inner vision) ની મારફતે દેખાએ છે; અને તે વખતે મનમાં આનંદી ઉતપણ થાએ છે; અને આત્માના જાતી ગુણો કે જે રોશણી, જ્ઞાન, અને અમેરેતાત છે તે મન તરફ વેહવા માંડે છે, અને ખુદરતના શુક્ષમ ભેદો એક પછી એક પોતાની મેલે ખુલ્લા થતા જાએ છે. અને તે ફતેમંદ મજદયસ્નમાં અંધકાર અને અજ્ઞાનપણાનો નાશ થવાથી, તે

સુત મેન ઝયાંન, ફેરફે મેન વનાસ, રોશન્ય મેન તારીકય, મજદયસ્ન મેન દેવયસ્ન, અનોશ્ય મેન મર્ગય બરા વઝીનેત

નુકસાનમાંથી ફાએદાને, પાપમાંથી સવાબને, અંધારામાંથી ઉજાશને, દેવપરસ્તીમાંથી યજદાંપરસ્તી, અને મોહતમાંથી અમર્ગી પસંદ કરે છે.

અને ઉપલી પ્રકારનો અભ્યાસ દરેકને માટે સજાવર છે એ વીશે સૌથી મોટા લેતીન ફીલસુફ નીચે મુજબ પોતાનો વીચાર આપે છે.

“ Love towards a thing eternal and infinite feeds the mind wholly with joy and is itself unmingled with sadness ; whereof it is greatly to be desired

and sought for with all our strength. This then is the end for which I strive, to attain to such a character myself that I may acquire the knowledge of the union existing between the mind and the whole of nature."

De Intellectus Emendatione

એ ઉપરથી જણાએ છે મ્હાપુરૂષો આત્માની સૌથી ઉત્તમ હાલત કે જેને વેદાંતીઓ "મ્હાકારણ" અથવા "તુર્ય અવસ્થા" કહે છે અને મજદયસ્નો "ગરોથમાનીક" કહેછે તે મેલવવા માટેની નેમ રાખતા હતા અને રાખે છે; કારણ કે તે હાલત જ્ઞાન, રોશ્નની, અને સુખ એ ત્રણેનો સમુદ્ર છે. એટલું છતાં પણ એવી પ્રકારનુ જ્ઞાન, તથા નહી નાશ પામે એવી પ્રકારના સુખને પ્રાપ્ત કરવાને બદલે મણુષ્ય અજ્ઞાનપણાને લીધે ખુદરતની ઉલતી દીશાએ કામ કરે છે. આ જહાનમાં જણમ લઈ, પુર ઉમરમાં આવ્યા પછી, તથા પુખ્ત સમજ ધરાવ્યા છતાં પણ કેટલાં માણસો વીચાર કરે છે કે,

મુન હુમનમ, મેન અઝકુજા હુમનમ, લખવાર વસ અઝકુજા વઝસુનમ ?

હુ કોણ છું, કયાંથી આવ્યો છું, અને પાછો કયાં જવાનો છું ?

એનું મુખ્ય કારણ એટલુંજ છે કે,

"Not because it is of no importance in itself, but simply because in the pigeon-holes of their own mind, there is no place as yet ready to receive it; simply because the chords of their minds are not attuned to it, and do not viberate in harmony with it; simply because they have no real sympathy with it."

Max Muller.

પ્રકરણ ૨૮ મું.

અમેરેતાતની હાલતમાં પોંહોચવા અગાઉ માણસોને મેરેતાતની જે હાલત પસાર કરવો પડે છે તે વીશેની ટુંક સમજ.

મેરેતાત અને અમેરેતાતની વચેનું જોડાણ આપણી હાલની જીંદગી છે—મેરેતાતનું બ્યાખ્યા (definition)—મેરેતાતની હાલતમાંથી પસાર થતી વખતેની ત્રણ પ્રકારની દેહશતો—એ ત્રણે પ્રકારની દેહશતો કેવી રીતે દફે કરવી તે વીશેની સમજ—મેરેતાત વીશેની સમજ મેલવ્યા પછી ત્રણ મુખ્ય શીખામણ ધ્યાનમાં રાખવા વીશે.

આગલાં પ્રકરણ ઉપરથી આપણે જાણીએ છિયે કે દરેક માણસની અંદર ત્રણ પ્રકારની જુદી જુદી ચીજો છે (૧) શરીર (૨) જીવ (૩) આત્મા. હવે શરીર જે છે તે મોતમંદ છે અને આત્મા અમર્ગ છે. એટલા માટે દેખાઈ આવે છે કે હાલની થોડા વખતની હસ્તીમાં આપણને ટેકાવી રાખવાને, અને આવતી હમેશની અમરગીની વચેનું જોડાણ (connecting link) જે છે, તે જીવ (life) છે. જીવનું શરીરમાંથી ઉઠી જવું થાએ છે કે આ ખાકી શરીરનું મોહત થાએ છે અને આત્માની હંમેશની સુખી અથવા દુઃખી નવી જીંદગી શરૂ થાએ છે. એટલા માટે દુન્યામાં માણસ જાતને માટેની સૌથી બારીક (delicate) અને સૌથી જોખમભરેલી ચીજ જે છે તે તેઓનો જીવ (જીંદગી ગુજારવાની રીત) છે.

હવે ખુદરતના નીયમ પ્રમાણે જે કોઈને અમેરેતાતની હાલતમાં જવું છે તેને મેરેતાત (મોહત) ની સ્થીતીમાંથી

પસાર થવું છે. એટલા માટે મેરેતાત અથવા મોહત કંઇજ નથી પણ હાલની જીંદગીની આખરીની હાલત, અને આવતી નવી જીંદગીની શરૂવાત છે. પણ અધુરી કેલવણીના માણસો મરવાને ફકટ માયા અને અજ્ઞાનપણાથી બોહે છે. મેરેતાતથી કંઇ આપણો છેડો નથી આવતો, પણ એથી ઉલતું આપણું આગલ વધવું (progress) અને સારો ફેરફાર થાએ છે. જે પ્રમાણે મેલાં અને ફાતાં ટુટાં કપડાના ચીઠડાંનો ફેરબદલ થઇને સફેદ દુધ જેવાં અને દાધ વગરના કાગજ બને છે, તેજ પ્રમાણે મેરેતાતથી આપણું ખાકી શરીર કે જેના અવ્ય-આ તદન મલીન અને ખુંનથી ભરેલા છે તેનું બદલઈ જઇને સફેદ દાધ વગરનું અને રૂહાની (spirituall) શરીરમાં ફેરફાર થઈ જવું છે.

મેરેતાતની માણસને જે ધાસ્તી લાગે છે તે ફકત નીચલાં ત્રણ કારણોથી છે (૧) મરતી વખતે તેના ખાકી શરીરને જે અત્યંત દુઃખ ખમવું પડશે તે વીશેનો ખ્યાલ (૨) તેના મોહત પછી તેના લાગતાં વલગતાં જેઓ હોય જેમકે પોતીકી ઓરત, ફરજંદો, માપીતા, તથા સગાંવાહલાંઓ. એઓને કેટલો વીલાપ કરવો પડશે તથા તેઓની રક્ષા કોણ કરશે એ વીશેનો ખ્યાલ (૩) મરણ પછી તેને કેઇ અજાણી જગ્યામાં જવું પડશે અને પોતીકી કરણી મુજબ તેને કેવી પ્રકારની સજા ખમવી પડશે એ વીશેની ધાસ્તીને લગનો ખ્યાલ. હવે ઉપલી ત્રણે પ્રકારની ધાસ્તીથી વેગલા થવાની રીત નીચે મુજબ છે. પેહેલી ધાસ્તી જે શરીરના કાંપવા વીશેની છે તે વીશે આપણને એમ વીચારવું જોઈએ, કે એ તો ખુદરતનો એક નીયમ છે કે જ્યારે એક ચીજ બીજી ઉત્તમ પ્રકારની ચીજમાં

ફેરફાર થાએ છે ત્યારે તે ચીજની બનાવતનું તુટી જવું થાએ છે, અને એટલા માટે તેને વેદના ભોગવવી પડે છે. દાખલા તરીકે આપણને ધડો લેવો જોઈએ કે એક કામળયો કે જે પોતાના અસલી રૂપમાં એક કાલો, બેદોલ, ધીમેથી પેટે ચાલતો, અને ચટકાથીભરેલો કીડો છે તે જ્યારે પોતાનું રૂપ બદલે છે ત્યારે પોતાનુ આખું બદન ફાડીને એક રંગીત સોભીતું, ચંચલ અને નીરદોશ પંતગ્યા (butterfly) નું રૂપ લે છે. અગર જો આપણે તે પતંગ્યાને, જેવું તે અસલી શરીરમાંથી બહાર નીકલે તેવુંજ તપાસી જોઈએ તો આપણને માલમ પડશે કે તે થોડા વખત સુધી અત્યંત દુઃખને લીધે હાંફતું અને ધુજતું માલમ પડશે; પણ તે દુઃખ પુરૂં થવા પછી હવામાં ગેલ કરતું ઉડી જશે. એવીજ રીતે આપણે માણસજાત પણ ભવીષની સારી હાલતમાં જઈશું, એ ખ્યાલ ઉપર શંતોષ રાખવાથી આપણું મરતી વેલાનું દુઃખ ઓછું થાએ છે. પણ એથીબી આગલ તે દુઃખ તદનજ નહી થાએ એવી યોજના કરવાને માટે દરેક મજદયસ્નેને સજાવાર છે કે જ્યારે તે પુર જુવાનીમાં અને પુર સમજમાં હોય ત્યારે પોતાના રૂહને અને શરીરને એક બીજાથી અલગ રાખવાની કુશાદ કરવી જોઈએ. એ વીશેની સમજણ એ છે કે જે પ્રમાણે એક કાંદાને પડ ઉપર પડ આવેલાં હોય છે અને છેક મધ્યમ ભાગમાં તેનો પીલો આવે છે, તેજ પ્રમાણે આપણો રૂહ જે છે તે શરીરને લગતા વીકારો (carnal desires) ના પડમાં તદન દતાઇ ગએલો છે. એટલા માટે એક સાલેક મજદયસ્ન જેમ જેમ ઉત્તમ બુદ્ધિથી, અશોઇથી, અને હર રૂઝની એબાદતથી, તે વીકારના પડોને તોડી નાખતો જાએ છે, તેમ

તેમ તેના રૂહ ઉપર શરીરનું જે બંધન હોય છે તે ઢીલું થતું જાએ છે; અને આખરે તે રૂહ શરીરથી સ્વતંત્ર (independent) બનીને જ્યાં સુધી તે મજદયસ્નની જીંદગી હોય ત્યાં સુધી શરીરની રાજસ્થાની (metropolis) કે જે માણસનું અંતકરણ છે ત્યાં પોતાની બેઠક રાખીને આખા શરીર ઉપર રાજ્ય ચલાવે છે. અને જે પ્રમાણે એક બાન (rocket) ને સલગાવી હાથમાંથી છોડી દેતાંજ તે આગના બલથી હવામાં ઉડી જાએ છે તેજ પ્રમાણે તે મજદયસ્નનુ અજલ આવતાંજ તેનો રૂહ કંઈ પણ દુઃખ ખમ્યા વગર મીનોઈ જહાન તરફ ઉંચે ઉડવા માંડે છે. હવે રૂહ જે વખતે શરીરમાંથી નીકલે છે તે કયે રસ્તે બાહાર આવેછે, તથા તેનો આકાર કેવો હોય છે, તથા શરીરથી છુતું પડતાંજ તેને શું ભાણ થાએ છે, તથા તે કેવી કીર્યા કરે છે, તથા મીનોઇ જહાંન તરફ ચઢતાં પૃથ્વીના કયા ભાગ ઉપરથી ઉંચે ચઢવા માંડે છે, તથા તે રસ્તા તરફ જતાં શું શું જોએ છે, તે હૈયાં લખી જણાવવું કજગ્યાએ (out of place) છે. પણ ઉપલા હેવાલ ઉપરથી ખુલ્લું છે કે જે માણસ પોતાની જુવાન વયમાં હવસ ઉપર કાબુ નહી રાખશે તો તેના રૂહને વીકારોમાં દતઇ જવાના સબબથી મેરેતાતની વખતે અત્યંત ભાર ખમવો પડશે. અને જે પ્રમાણે એક છટકામાં દબઇ ગએલાં આંગલાંને બહાર ખેંચી કાઢતી વખતે દુઃખ થાએ છે તથા આંગલાંનો છુંછો થઇ જાએ છે, તે પ્રમાણે એક વીકારી આદમીના રૂહને શરીરમાંથી બહાર નીકલતી વખતે વેદના ભોગવવી પડે છે.

હવે મરતી વેલાએ માણસને શરીરનાં દુઃખની જે દેહશત રહે છે તે કેવી કલાથી ઓછી કરવી તે વીશેની સમજ

આવ્યા પછી, બીજી પ્રકારની ધાસ્તી જે તે આદમીના લગતા વલગતાં વીશેની છે તે તદન ખ્યાલી છે (fanciful). દરેક આદમીએ એમ સમજવું જોઈએ કે ફકટ ઈશ્વરથીજ તેની રક્ષા થાએ છે અને તેનું પોષણ થાએ છે. એટલા માટે અગર જો કોઈ એવો ખ્યાલ રાખે કે તેનીજ હૈયાતીથી, અને તેનીજ કમઈથી, આસપાસના લોકોની રક્ષા થાએ છે તથા એઓનુ ગુજરાણ થાએ છે, તો ગોયા તે આદમી ઇશ્વરી દાવો કરતો હોય એમ થયું; અને એટલા માટે તે એવી પ્રકારના હંકારથી પોતાને ગુનેહગાર બનાવે છે. જે પ્રમાણે સંચાની મદદથી અનેક પ્રકારની ચીજો માણસના ઉપ્યોગને માટે ઉતપણ કરવામાં આવે છે તેથી કંઇ એમ નથી મનાતું કે સંચા વગર તે ચીજો નહી મલી શકે; પણ તેઓને ઉતપણ કરતી વખતે જયારે માણસો તે યંત્રો ઉપર કામ કરે છે ત્યારેજ જુદી જુદી વસ્તુઓ બહાર પડે છે, તેજ પ્રમાણે આદમીઓ એક બીજાને કામે લાગે છે અને મદદ કરે છે એ વાત ખરી છે, પણ તે સધલાં વેહેવારના સંચાને ચલાવનાર જે છે તે ફકટ ઈશ્વર છે, અને એની ઇચ્છાથીજ સધલો કારોબાર ચાલે છે. એટલું છતાં પણ ઉપલી પ્રકારની ધાસ્તી ઉપર જેનેથી ગુજરતી વેલા અથવા તો જીવતાં જીવત કાબુ નથી મેલવાતો તેનું કારણ એટલુંજ છે જે ઇશ્વરભકતિ અને ઇશ્વરભાવના તથા પેદા કરનાર ઉપરનો એકીન બહુજ કમ હોવાને લીધે છે, અને એજ કારણને લીધે મજદયસ્ન દીનને લગતી એક ઉત્તમ શીખામણ એ છે જે દરેક માણસે એમ સમજવું જોઇએ કે તેનો બાપ હોરમજદ છે, અને તેની મા સ્પેન્ટ અર્મદતિ (ધાર્તિ) છે; એટલે કે હોરમજદથી અને ધાર્તિથીજ

ફકટ દરેકનું પોષણ અને જીવવું છે; અને એ શીવાએના બીજા ખ્યાલો ફકટ માયારૂપી છે. આ ઉપરથી દરેક સત્યવાદી આદમીએ સમજવું કે ઇશ્વરે પોતીકી પેદા કીધેલી ચીજોની રક્ષાને માટે,

" ચનાન પહન ખાંને કરમ ગુસ્તરદ
કે સીમોર્ગ બર કાફ કીસ્મત ખુરદ૦ " સાદી

એટલો તો બોહલો બક્ષેશનો ખુમચો ખુલ્લો મુકયો છે, કે સીમોરગ (phœnix) પણ અલબુર્ઝ પાહાડમાં પોતાના ભાગ્યનુ ખાએ છે. હવે ત્રીજી પ્રકારની દેહેશતના બાબમાં એટલુંજ કેહેવું બસ છે કે જયાંસુધી એક માણસ પોતાની જીંદગીના વખતમાં પેદા કરનાર વીશેનો ખ્યાલ હંમેશાં અંતકરણમાં રાખે છે, તેના ફરમાન મુજબ ચાલે છે, તેને પીછાનવાની કોશેશ કરે છે, તથા દુન્યાદારીના ફેસાદ તથા દગા ફટકાથી દુર રહી પોતીકી જીંદગીની ફકટ એકજ નેમ રાખી જે રસ્તેથી તે ભુલો પડયો છે તેજ રસ્તો સોધી કાઢવાની ઉમેદવારી કરે છે, તો તે માણસપોતે મોહતના બીછાના ઉપર સુવે તેની આગમજ ખાતરીપુર્વક થાએ છે, કે તેના ગુજરવાબાદ તેને કયાં જવાનું છે અને કેટલે દરજેનું સુખ તેને માટે સરજેલુ છે. તે મેરેતાતથી તદન બેપરવા રહે છે એટલુંજ નહી પણ એ ઉપરાંત,

યો તખ્મો, આસુશ, અઓજંઘહવંનંતો, દરેશતો, સુરો, બેરેજઇબ્યો, વિશ્પએઇબ્યો હચ ગએથયાઉ અરેજએઇબ્યો, વવનવાઉ પઇતી જસંઇતી બ્યાખ્મો મઇન્યવનામ યઝતનામ.

તે જોરાવર, ઝડપવાલો, કૌવત ધરાવનાર, ભયંકાર, સુરો, અને બુલંદીથી જોનારો, તમામ સંસારની લડાઇઓમાંથી ફતેમંદ થઈને મીનો ઈજદો તરફ માન મેલવતો જાએ છે.

એટલા માટે અશો જરથુસ્તને દાદાર હોરમજદની વજનદાર એક શીખામણ આપે છે કે,

વોહુ ઇધ ઝરથુશ્ત્ર હર્વશતેમ શ્કયેોથનેમ વેરેઝીમનેમ

વંદીદાદ ૩–૪૨

"અએ જરથુસ્ત! આએ દુન્યામાં નેક કાંમ કીધેલુંજ ભલું." હવે ઉપર સઘલું મેરેતાતની હાલત વીશે જે જણાવ્યું છે તે ઉપરથી દરેક દીનદાર આદમીને નીચલી ત્રણ નસીહતો ધ્યાનમાં રાખી મેલવી જરૂરયાતની છે.

(૧)—મેરેતાત અથવા મોહોત કંઈજ નથી પણ ખુદરતની પેદાએશમાં એક મોટા અને ઉંચો ફેરફાર છે, એટલા માટે એ બાબદ ઉપર કંઇ પણ ધાસ્તી રાખવી નહી, પણ છુતાં મનથી રેહેવું.

" A free man thinks of death least of all things ; and his wisdom is a meditation not of death but of *eternal life.*" Spinoza.

(૨)—મેરેતાત વીશેની ધાસ્તીને અને તેને લગતી સજાને એક અશો મજદયસ્ન પોતીકી ભલી દીન ઉપર જીંદગીના છેડા તલગ મકકમ રેહેવાથી તથા તેના ફરમાન મુજબ ચાલવાથી તેઓને તદન કાપી નાખે છે.

" વંધુહી દએન માઝદયસ્નીશ પેરેનાયુશ ઓથાંમ થ્વેરેસઇતી. "

વંદીદાદ ૩–૪૨

ભલી મજદયસ્ની દીન પુરતી રીતે (મોહોતની) સજાને કાપી નાખે છે.

(૩)—આપણાં વાહલાંઓ જયારે મેરેતાતની હાલતમાં આવી પડે ત્યારે તેઓ ઉપર દલગીરીના પોકાર સાથ રૂદન કરવું એ તદન ભુલ ભર્યુ છે; કારણ કે એમ કરવાથી જાણે કે

તેઓના રૂહ પાપી હોવાથી દોજખમાં દુઃખ ખમશે તે વીશેની દલગીરી જાહેર કરતાં હોઇએ, અથવા તો જાણે કે તેઓને સારી પદવીએ ચઢતાં જોઈને અદેખાઇના માર્યાં વીલાપ કરતાં હોઈએ એવી રીતની મતલબ ઉઠી શકે, કે જેમ કરવાથી બેવડી રીતે તેઓના અશો રવાંનને અપમાન થાએ છે. એટલાં માટે ગુજરેલાંઓ ઉપર રદન કરવાંના કાંમને ભલી દીન તદન ધીકકારે છે. અને પાંચ પ્રકારના જે અત્યંત બુરાં કાંમોથી આર્મઈતિ (ધાર્તિ) કાંપે છે, તે મધેનું એક બુરૂં કામ ગુજરેલાંઓ માટે

જરેઝીમ બરદતી વાચીમ. વંદીદાદ ૩–૧૧

રદનના અવાજ કાઢવાનું છે.

પ્રકરણ ૨૯ મું.

જે કોઇ અમેરેતાત મેલવવાની ખાએશ રાખતા હોય, તેઓએ પોતાની જીંદગીમાં કેવી રીતે ચાલવું જોઇએ એ વીશેની અમલ કરવા જોગ નસીહતો.

સૌથી અગત્યની ચીજ કેલવણી છે—તે કેવી પ્રકારની હોવી જોઇએ—રૂહાનીને લગતી પદવીમાં ઉંચે ચઢવાની મુખ્ય નેમ દરેકની હોવી જોઈએ— આપણા મીત્રો કોણ હોવા જોઇએ—નાસ્ટીક પુરૂષોની સંઘતથી દુર રેહેવું—અપ્રમાણીક લાલચને કેમ દફે કરવી—અમેરેતાતના રસ્તા ઉપર આડો પડેલો તોફાની સમુદ્ર—અમેરેતાતની મુસાફરીની સમજ—બુરા વખતનો દોર—ફરોહરોની મદદ—અમેરેતાતને લગતી અડચણો કેમ તાલવી તે વીશેની સમજ— સમાપ્ત.

જેટલો વખત આપણે આ ખાકી શરીરની હાલતમાં છિયે, તથા હાદમંદ દુન્યામાં અનેક પ્રકારનાં સંસારની વચમાં

રહીએ છિયે તેટલા વખતના અરસામા આ જહાનમાં અમે-રેતાતને લગતી સ્વૌંત્મ હાલત પ્રાપ્ત કરવાને, તથા મીનોઈ જહાંનમાં તે હાલતે જઇ પોહચવાને, મજદ્દયસ્ની દીનની સીખામણ પ્રમાણે જે અમલ કરવા જોગ નસીહતો (practical morals) અખત્યાર કરવાની છે, તે વીશેની ટુંક સમજ નીચે મુજબ લખી જણાવી છે.

(૧) સૌથી પેહેલું અગત્યનું એ છે જે દરેક જને ઉમરમાં આવ્યા પછી, પોતાના ફાયદાને માટે કેલવણી લેવી જોઇએ. હવે કેલવણી બે પ્રકારની હોય છે સંસારને લગતી (profane) અને ઇશ્વરને લગતી (divine). સંસારને લગતી કેલવણી એટલેજ દરજ્જેની લેવી જોઇએ કે જે આપણા મન ઉપરનુ જાતી (inborn) અજ્ઞાનપણું દુર કરી પુખ્ત રીતે અને શાંતીથી વીચાર કરતાં શીખવે. અને એટલીજ હદ સુધી પોતાની વીચાર શકતિ ખીલવ્યા પછી દરેક જનની નેમ પોતાના પેદા કરનારને પીછાનવાની અને એટલા માટે પોતીકા આત્માને ખીલવવાની જીંદગી સુધીની કોશેશ અને નેંમ હોવી જોઇએ. ટુંકમાં સંસારને લગતી કેલવણી એક દાસી તરીકેની હોવી જોઈએ કે જે પોતાની શેઠાણી (ઈશ્વરી કેલવણી) ની ખીદમતમાં તૈયાર રેહેવાને માટેની છે. પણ એથી ઉલતું આપણે એવું જોઈએ છિયે કે પેહેલાં તો દુન્યાનો મોટો ભાગ બંને પ્રકારની કેલવણી વગરનો છે, અને જેઓ એમ સમજે છે કે તેઓએ કેલવણી લીધી છે તથા લેતાં જાએ છે તેઓનો મોટો ભાગ દુન્યાને લગતા એશઆ-રામ ભોગવવાને માટે તથા માંન અકરાંમ અને પડવો મેલ-વવાને માટે, સંસારને લગતીજ કેલવણીમાં પોતાની જીંદગીનો

મોટો ભાગ ખર્ચ કરી નાખે છે. અને ઈશ્વરને લગતો કંઈ પણ અભ્યાસ કર્યાવીના જેવી બેભાન હાલતમાં જનમે છે તેવીજ રીતના મીનોઇ જેહાન વીશે તથા પોતીકા પેદા કરનાર વીશે અજ્ઞાન રહી, આ જહાનમાંથી ચાલ્યા જાએ છે. અને જે પ્રમાણે સૂર્યના ઉગવાથો આપણી પૃથ્વી અંધારામાંથી ઉજરડાંમાં આવે છે પણ તેજ વખતે હજારો બુલંદ સેતારાઓને નજર આગલથી ગુમ કરી નાખે છે, તેજ પ્રમાણેની સંસારી કેલવણી પણ છે કે જે આ જહાનને લગતી કીર્તિ આપે છે પણ મીનોઇ જહાનને લગતી તથા અમેરેતાતને લગતી હજાર ધણી કીર્તિથી દુર રાખે છે. એટલા માટે એક દસ્તુરાંત દસ્તુરની શીખામણ છે કે,

દપીર્ય ચસ્મે રોશન હઈત; રોબાન પોરસીદાર યેહવુન્યા અઈધ વેહસ્તી યેહવુન્યા.

"કેલવણી રોશનીવાલી આંખ છે; પણ રવાનને લગતી કેલવણી લેનારો થજે કે જેથી તું બેહશ્તને લાયક થાએ."

આદરબાદ મારેસ્પંદ.

(૨) આપણા ગુજરાનને માટે જે સંસારી કામકાજ કરવું પડતું હોય તે પ્રમાણીકપણે બજાવી રેહેવા પછી, બાકીનો વખત દીનને લગતી કેતાબો તથા આત્મા જ્ઞાની આદમીઓ સાથ વાતચીત કરવામાં ગુજારવો. અને દરેક રાત્રે બીછાના પર જવાની આગમજ આપણાં અંતકરણની તપાસ કરવી કે ઈશ્વરી અભ્યાસમાં કેટલો વધારો થયો છે. કારણ કે ખરા મજદયસ્નની નેમ દુન્યાને લગતી પડવી ઉપર ઉંચે આવવાને બદલે જેમ બને તેમ એવા પ્રકારના ઉતમ અભ્યાસથી આખી સ્રષ્ટિને લગતી પંથક (universal hierarchy)માં ઉંચે

આવવાની મજબુત ઈચ્છા રાખવી જોઇએ. પેહેલી પ્રકારની કોશેશથી આપણને આપણાં કુંડાલામાંજ (circle, class) આવેલા બીજા માણસો સાથે હરીફઇ કરવી પડે છે. પણ બીજી પ્રકારની કોશેશમાં આખી દુન્યામાં વસનારા લોકો કે જેઓમાં એકથી એક કાબેલ અને એકથી અનેક અશોઇમાં ચઢતો હોય છે તે સઘલાઓ સાથે હરીફઈ કરવી પડે છે. અને જે પ્રમાણે અનેક હરીફો સાંથે કસાકસી કરવામાં આપણી કીંમત અને તોલ વધારે ગણાએ છે, તેમ ઇશ્વરી જ્ઞાનમાં હરીફઈ કરવામાં પણ છે. ટુંકમાં પેહેલી પ્રકારની કોશેશથી મૃત્યુક આદમીની પંથમાં રેહેવું થાએ છે, અને બીજી પ્રકારની કોશેશથી ઈજદોની હાલતે પોહચવું થાએ છે અને અમેરેતાત તરફ ચલણ થાએ છે.

(૩) જ્યારે સંસારને લગતાં કાંમોથી આપણું મન થાકી જાએ ત્યારે તેને રમુજ તથા શાંતી આપવાને માટેના મીત્રો નીચે મુજબ પસંદ કરવા જોઈએ.

આંખોને આંનદી આપવાને માટે લીલોત્રીવાલાં ઓરવર તથા વેહતા ચશ્માઓને, (springs); કાંનને મધુર અવાજથી ખુશી કરવાને માટે પક્ષીઓનાં ગાયનને તથા અર્દવીશુરના વેહવાને; કામકાજથી તથા વીચાર કરવાથી ગરમ થએલા ભેજાને થંડક આપવાને માટે પાહદને મથાલે અથવા દરીઆને કીનારે ફુકતા વાયુ ઇજદને; કીતઇ ગએલાં મનને બુલંદી આપવાને માટે ઉંચા પાહડો અને ઉંડી ખીણોને; હોરમજદ તરફ થંડી લાગણીવાલાં થઇ ગએલા મનને પાછું સજીવન કરવાને આસમાનની ઉંડાઈ તથા અગણીત સેતારાઓને; આત્માને તેજી આપવાને માટે ઉંચે ઉગતા ખોરશેદને, તથા

ઈશ્વર જ્ઞાનને માટે પ્યાસી થએલા જીવને તર કરવાને માટે વરસાદ અને વાદલાંને. હવે એ સઘલા ખુદરતી મીત્રો (friends of nature) આપણી સાથે કજીઓ કંકાસ કરતા નથી, આપણી દોસ્તી છોડી દેતા નથી પણ જે દેશમાં જઇએ ત્યાં પણ સાથે આવે છે, આપણને રમુજ આપે છે તેના બદલામાં કંઈ માંગતા નથી, પણ એથી ઉલતું આપણું ભલું ચાહીને આ જહાનને લગતું સુખ તથા અમેરેતાતનુ દહાપણ બક્ષે છે; તથા તેઓની દોસ્તીથી આડે માર્ગે જવાની કંઇ પણ ધાસ્તી રેહેતી નથી. અને તેઓ અને આપણી સાથની મીત્રચારી એવી પ્રકારની હોવી જોઇએ કે જેવી,

યત અસ્તિ હખેધ્રનાંમ વહીસ્તેમ અંનતરે માઉધેમચ હવરેચ.

સૌથી સરસ પ્રકારની મીત્રચારી સૂર્ય અને ચંદ્ર વચે છે. એટલે કે જે પ્રમાણે સૂર્યની સંગતથી ચંદ્રને માન અને ઉજાશ મલે છે તે પ્રમાણે આપણને પણ એઓની સંગતથી માન અને જ્ઞાન મલે છે. કે જે પ્રમાણે કેહેવતમાં લખ્યું છે.

ઉંચા પદભી બદ સંગતસે રદ હો, પાય નિચાઈ,
નીચે હદસે સત સંગતકે શોભા, માન, ઉચાઇ.

(૪) દુન્યાદારીને લગતાં હરેક કામકાજ કરતી વેલાએ જ્યારેબી કોઈ પ્રકારનુ અપ્રમાણીક કામ કરવાની લાલચ થાએ ત્યારે દરેક માણસને માથે જે મોટા ચાનક આપનારો શીક્ષક મેરેતાત (મોહત) ઉભેલો છે તેને તરતજ યાદ કરવો. કારણ કે જે પ્રમાણે એક ચોર આદમી ચોરી કરતી વેલાએ ચોકી કરતા કુતરાનુ મોહું બંધ રાખવાને માટે તેની તરફ ખાવાનું નાખી ઘેરમાં દાખલ થવાની યત્ન કરે છે, તે પ્રમાણે અંગ્ર-મઈન્યુશ અને તેના સાથીઓ કે જેઓ આપણાં રવાન ચો-

રવાને હંમેશા તક સોધતા ફરે છે, તેઓ લોભ, લાલચ, જુઠી કીર્તિ અને બીજી માયારૂપી બક્ષેશનો ખોરાક આપણા મન તરફ નાંખી હૈયાંમા દાખલ થાએ છે. એટલાજ માટે અંગ્રમઈન્યુશને

દુઝે દુઝીન, હઝરે હઝરીન,

ચોરોનો ચોર અને લુતારાઓનો લુતારો ગણ્વામાં આવ્યો છે. અને જે કોઈ એની ચોરી વીશે ગાફેલ રહેશે તે પોતાના રવાનને અમેરેતાતના રસ્તા ઉપરથી ખોઇ દેશે.

He that sleeps is a loser.

(૫) ઉદ્યોગ, ખંતી અભ્યાસ, અશોઈ અને સબુરીની મારફતે આત્મીક અને મીનોઈ જહાંનને લગતું જ્ઞાન મેલવવાને ખંત રાખતા હોઇએ, અથવા તો તેમા ફતેમંદ નીવડયા હોઈએ, તો તે વીશેની સમજ આમ લોકો (common mass) ને આપવાથી સાઉચેત રેહેવું. અને અગર જો કોઇ નાસ્તીકો પોતાની બેઅકલી હુજત પુરી પાડવાને માટે દીનને લગતી તકરાર કરે અને હોરમજદને લગતા અભ્યાસ વીશે ટીકા કરે તો જેમ બને તેમ તેઓમા અઘોર બની જાણે કશુએ જાણતા ન હોઇએ, તથા એઓની હુશ્યારી આગલ આપણી અકકલ કશુએ કામ કરતી ન હોય તેવું દોલ કાઢી ચુપકીડી (silence) અખત્યાર કરવામાં દાહપણ છે; કારણ કે જે પ્રમાણે ગમે એવી તીક્ષણ તરવાર હોય તેનેથી પાહડ કંઇ કપાતો નથી, પણ સુરંગથી તેને ઉડાવી દેવામાં આવે છે, તેજ પ્રમાણે આપણી તીવ્ર તકરારોનો ઉપયોગ કરવાને બદલે ચુપકીડીથી એઓને ચુપ કરવું સઝાવર છે; નહીં તો એવા આદમીઓ સાંભે એ બાબદ વીશેની તકરાર

કરવાથી બેઉ આત્મજ્ઞાન અને ઇશ્વરીજ્ઞાનને અપમાન થાએ છે પણ એથી ઉલતું જો કોઇ ખરી ઈચ્છા અને આતુરતાથી

ઋતુ ચીનઘો જસાંન ઉપ વા માંથ્રેમ સ્પેનતેમ મરએત.

દાહપણ સોધતા આવે તો તેઓને એ વૃદ્ધિવાલો ભેદ શીખવવો.

(૬) એકી વખતે સંસારને લગતું કામ કરતા રેહેવું અને અમર્ગ જીંદગી મેલવવાની નેમ રાખતા રેહેવું તે આ જહાનમાં ઘણુંજ દુસ્વાર છે; કારણ કે જે પ્રમાણે આતશ ઉપર પાણી પડવાથી તેનું બુજવઇ જવું થાએ છે, તે પ્રમાણે સંસારને લગતાં કર્મ હંમેશ અમેરેતાતની લાગણી માણસના હૈયાંમાંથી ભુલાવી નાખવાની તથા બુજાવી નાખવાની કોશેશ કરે છે. તોપણ દરેક મજદયસ્નેને નાઉમેદ થયાવીના તથા એકીન નબલો કર્યાવીના ભલી દીનને લગતી શીખામણ યાદ રાખવી કે જે પ્રમાણે સમુદ્રમાં પડેલા આદમીનુ શરીર ભીનાયા વગર રેહેતું નથી પણ અત્યંત કોશેશ કરી કીનારા તરફ તરી આવ્યાથી જીંદગી સહી સલામત રહે છે, તેમ સંસારમાં જન્મ લીધા પછી દુ:ખ ખમ્યાવીના છુટકારો નથી, પણ આખરીએ આએ ભય ભરેલી ગેતીને લગતા બીકત સમુદ્રમાં સપડાએલા જે મજદયસ્નો ભલી દીનના નાવ ઉપર મજબુત રહી તે સમુદ્ર પસાર કરવાની કોશેશ કરે છે તેઓને માટે અમેરેતાતને કીનારે પુગવું એ હોરમજદે આગમજથી સરજી રાખ્યું છે કે જે કીનારે પોહચતાં,

ઉસે હીશતયતિ વોહુમનો હચ ગાત્વો ઝરન્યો કેરેતો ફ્રવોચઈતીચ, ઉસ્તા ઇધ અશાઉમ અગતો ઈથ્યેજંધતત હચ અધોત અઈથ્યેજંઘેમ અહુમ આ.

"સોનેરી તખ્ત ઉપરથી બહમન (અમશાસ્પંદ) ઉઠી ઉભા થાએ છે તથા કહે છે કે આફરીન! અએ અશો નર નાશકારક દુન્યામાંથી અમર્ગ દુન્યા તરફ તું ભલે આવ્યો."

(૭) અમેરેતાત પ્રાપ્ત કરવાને માટે ઉત્તમ શીખામણ આ પ્રમાણે છે કે દરેક મજદયસ્નને આ પ્રમાણે સમજવું જોઇએ કે તે આ જહાનમાં એક મુસાફર તરીકે આવ્યો છે અને તે એક ઝડપથી જતી ગાડીમાં મુસાફરી કરે છે કે જે ગાડી આ જગત છે, જેના પૈડાં વખત છે, અને જેનુ છત્ર આસમાન છે. અને જે પ્રમાણે વરાલ યંત્રની મારફતે સડક ઉપર સીધી અને ઝડપથી દોડતી ગાડીમાં બેઠેલો એક મુસાફર તે ગાડીની બાહારની ચીજોને જેમ કે ખેતરો, ઝાડો, દુરથી દેખાતા પાહડો, અને રસ્તે જણાતી બીજી વસ્તુઓને ઉંધી બાજુએ દોડી જતી ફકત દુરથી જોએ છે પણ તેઓ આગલ જતો નથી કારણ કે ત્યાં જાએ તો મુસાફરીનો વખત થઇ જાએ, અને રાત પડતાં ભુલો પડી જાએ, તેજ પ્રમાણે દરેક મજદયસ્નની નેમ હોરમજદના રસ્તા ઉપર સીધી દોડતી મજદયસ્ન ગાડીમાં બેસી મુસાફરી કરી અમેરેતાતના સ્તેશન (station) ઉપર ઉતરવાની હોવી જોઈએ. પણ અગરજો કોઈ પોતાની મુસાફરીનો ખ્યાલ ભુલી જઇને ઉલતી દીશાએ ચાલતી ચીજોની નજદીક જવાની ખાએશ રાખે તો તેઓ એવા સંસારમાં ભુલા પડશે કે જેમાંથી તેઓનો પટો પણ મલશે નહી અને આખરીએ તેઓ પસતાવો કરીને, હોરમજદને યાદ કરતા એવું ઇચ્છશે કે,

કધનો ફ્રઓઉરવેએસઆઇતી અશહે પથ્તી પનતાંમ દ્રુજો વએસ મેનદ અઝેમનાંમ.

"હુમો કે જેઓ દરૂજોનાં મકાનમાં ભુલા પડયાચ તેઓને અશોઈના રસ્તા ઉપર તે ક્યારે લાવશે!"

(૮) માણસોને અમેરેતાતના રસ્તા ઉપરથી ભુલાવનારી એક મુખ્ય ચીજ જે છે તે બુરા વખતને લગતો દોર છે. કારણ કે વખત જ્યારે બુરો આવે છે ત્યારે લોકોમાં બદી દાખલ થતાં કંઇ પણ વેલા લાગતી નથી. એક એકને જોઇને માણસો પોતાના મનમાં બદી દાખલ કરતા જાએ છે, પોતાની અસલી રીત ભાતમાં ખોટા ફેરફાર કરતા જાએ છે, મોજશોખ તરફ મન દોડાવે છે અને એટલા માટે મન ઉપર કાબુ રેહેતો નથી, પોતાના પેદા કરનાર તરફનું એકીન ધીલું પડતું જાએ છે, અશોઇ અને હોરમજદમાર્થના તરફથી દીલનું ઉઠી જવું થાએ છે, અને આખરીએ અંગ્રમઈન્યુશના જોરને સપેનામીનોના જોર કરતાં વધારે ટેકો મલે છે. તે છતાં પણ દીનદાર મજદયસ્ને પોતાનું મન તદન દઢ અને સંગીન રાખી એવા વખતના દોરને આધીન થવું નહી; અને જે પ્રમાણે દર્યામાં આવેલી ખડકો દર વખતે તેઓની સાંભે અફલાતા મોજાનાં જોરની સાંભે કટકે કટકા થઇ જાએ ત્યાં-સુધી પોતાની જગ્યાથી હથતા નથી, તેમ જ્યાંસુધી જીંદગીનો છેડો આવે ત્યાંસુધી એકજ પ્રકારના મકકમ એકીનથી વખતના તોફાનની સાંભે અને તેની લાલચોની સાંભે થઇ હોરમજદની ખેદમતમાં મકકમપણાથી ઉભું રહેવું એ અમેરેતાતનો એક રસ્તો છે. પણ જેઓ બુરા વખતના દોરને આધીન થઇ જાએ છે, તેઓની હાલત જે પ્રમાણે દર્યા ઉપર ઘાસ, ફોચલો, લાકડાંના ભાગાતુતા કડકા, અને એવી હલકી પ્રકારનો કચરો જેમ મોજાઓના જોરથી એકગમથી બીજી ગમ

ધસડાયા કરે છે અને આખરીએ ઓટને વખતે કીનારા પર રહી જાએ છે તે પ્રમાણેની છે અને તેઓના મન બદીમાં અને ફેરફાર થતી રીતમાં તણાયા કરે છે અને આખરીએ અમેરેતાતના સુખના સમુદ્રથી અલગ રહી જાએ છે. અને એઓના પાપીકર્મે બીજાઓને પણ નુકસાનકારક થઇ પડે છે;

મેમન જમાને ઝી ચે લુડે સલીતર્યં વેશ યખસુનાત, ઝક સલીતર્યં ફ્રેસ્ત મન વેહય૦ દયન અઇમ જમાને પવન દેવશને ઝકશ દરવંદ હમાક વાનીદારીયેદ.

દીનકર્દ—વોલમ ૧—બાબદ ૨૭—ફ્કરો ૨૮

કારણ કે બુરાઇને લગતા વખતના દોરની મોહુતાઇ જ્યારે ઘણી વધી જાએચ, ત્યારે તે વખતે અશોઇના કરતાં પાપ ઘણું થઇ જાએચ. અને એ વખતે તે દરવંદ (હારેમન) ની ઠગાઇની મારફતે સધલાને હાણી થાએ છે.

(૯) ખાત્રીથી માનવું કે જે મજદયસ્નો પોતાના ગુજરેલાંઓની યાદી કાયમ રાખી તેઓને લગતી કીર્યા કરી તેઓને ભુલતા નથી તો તે ફ્રોહરો તેઓને ગુપ્ત રીતે મીનોઇ જહાનને લગતા રસ્તા દેખાદી આખર સુધીની હાલતમાં લઇ જવાની મદદ કરે છે. એટલા માટે એઓ સાથ સંબંધ રાખવામાં, દોસ્તી રાખવામાં તથા સગાઇ કરવામાં ઉત્તમ દાહપણ સમાએલું છે. માણસોને મીનોઇ જહાનનો રસ્તો દેખાડવાને માટે તથા તે વીશેની સમજ આપવાને માટે ફ્રો હરો સૌથી નજદીકમાં છે. અને એઓની મારફતે ઇજદો સાથે આપણો સંબંધ જલદી થઇ શકે છે. એટલા માટે ફ્રોહરની આકૃતી (picture) એક કુદાલું અને બે પાંખો સાથનું આપણે જેઇએ છિએ કે જેમાં કુદાલું અર્મંગી બતાવે છે અને

પાંખ આગલ વધારનારી ચીજો છે. અને એક ઘરને મઠાલે જવાને માટે સીડીની મદદ જેટલી અગત્યની છે તેમ અમેરેતાતને મઠાલે પોંહચવાને માટે એઓની મદદ પેહેલી અને અગત્યની છે. એટલા માટે તેઓ આપણને તે રસ્તે લઇ જવાને માટે એવું ઇચ્છે છે જે,

કો નો સ્તવાત, કો યઝાઈતે, કો ઊફ્યાત, કો ફ્રીનાત, કો પઈતી ઝનાત, યથ અમેરેતાતેમ દઇધ્યામ૦

"કોણ હમારી વખાણ કરે, કોણ હમુને ઇજે, કોણ હમારી સાથ સગાઈ કરે, કોણ હમુને ચાહે, કોણ હમુને માન આપે, કે જેથી હમો તેને અમેરેતાત બક્ષયે."

તો તેના જવાબમાં એકીનવાલા મજદયસ્નોએ આ પ્રમાણે ઈચ્છવું જોઇએ કે,

ક્ષનુતાઉ આફ્રીનેનતુ હમ્ય નમાને; ક્ષનુતાઉ પારયનતુ હચ હમાત નમાનાત; સ્તોમાચ રાઝરેચ બરેંતુ દથુશો અહુરાઈ મઝદાઈ અમેશના-મચં સ્પેનતનાંમ; માચીમ ગેરેઝાનાઉ પારયનતુ હચ હમાત નમાનાત હમાકેમચ મઝદયસ્નનાંમ.

"આ ઘરમાં તે ખુશી થએલી (ફ્રવશીઓ) ચાહ બતલાવે; આ ઘરમાંથી તેણીઓ ખુશો થએલી પસાર થાએ; હોરમજદ અને અમશાસ્પંદની સ્તુતિ અને બંદગી લઈ જાએ; અને હમો મજદયસ્નોનાં ઘરમાંથી તેઓ રડતાં નહી પસાર થાએ."

ફ્રવરદીન યસ્ત.

(૧૦) અમેરેતાતની હાલતે પોંહચતા અતકાવનારા, માણસોને માટે જે મોટા હરીફો છે તે તેઓના મનના ઊછલતા

વીકારો અને લાગણીઓ છે અને જ્યાં સુધી તેઓ ઉપર મનનો કાબુ નહી થઈ શકે ત્યાં સુધી તે ઉત્તમ હાલતે પોહચવું તદન અશક્ય છે. અને એ વીકારો જે તેઓને તે રસ્તેથી ભુલા પાદનારા છે તે મુખ્ય કરીને કામ, ક્રોધ, લોભ, અદેખાઇ, અને બીજી પ્રકારની લાગણીએ છે. હવે એઓને દાબી દેવાને માટે તથા મનમાંથી ઉખેડી નાખવાને માટે ભલી દીનના અભ્યાસ ઉપરથી એવા બોધ લેવાના છે, તથા એવા ઉપાય વાપડવાના છે કે તેઓનો નાશ સેહેલાઈથી થઈ શકે. એ વીશેની સમજ આ પ્રમાણે છે જે અગર જો કોઈ પારકી સ્ત્રી ઉપર કાંમ (lust) ને લગતો વીકાર ઉતપણ થાએ તો સમજવું કે તેણીનુ શરીર કંઈ આર્મઇતિ માફક મજબુત નથી; તેણી અર્દવીશુરના જેવી કંઈ ખુબસુરત નથી; અને દીન જેવી દાહપણવાલી, અશીશવંઘ જેવી નશીબવંતી, અને મારેસ્પંદ જેવી પવીત્ર નથી. જો ક્રોધ મનમાં આવે તો એક અશેમ, એક યથા, અને એક યઘેહાતાંમ ભણી જવો અને એટલા ૪૮ શબ્દ ભણાએ તેની આગમજ તે ચોગડયું પસાર થઇ જશે; જો લોભ દાખલ થાએ તો થોડા વખતની જીંદગી યાદ કરવી; જો અદેખઈ ઉતપણ થાએ તો હારેમન ઉપર પડતી હાડમારી યાદ કરવી કારણ કે હોરમજદ તરફની સારી પેદાએશોને લગતી અદેખઈથી તે હારેમન હોરમજદનો શત્રુ બની હાડમાર થાએ છે; જો કોઈને અપ્રમાણીકપણે દુઃખ દેવાનો ખ્યાલ આવે તો ચીનવદ પુલ યાદ કરવો; જો વગર કારણે આપણીપર આફત આવી પડે તો ભલી મજદયસ્ની દીન યાદ કરવી કારણ કે જુદદીનવાલાઓએ તેણીની ઉપર વગર કારણે આટલો આજાબ ગુજાર્યો છે; જો લોકો આપણા

દુશ્મન થાએ તો અશો જરથુશ્તને યાદ કરવો, કારણ કે દુન્યામાં જયારે એના જેવા અશો નરના આટલા બધા દુશ્મન હતા ત્યારે આપણે લોકોથી કેમ બચ્યે !

એ પ્રમાણે અનેકપ્રકારના જુસ્સા અને લાગણીઓને મનમાંથી નાશ કરવાને ભલી મજદયસ્ની દીન ઉત્તમ જ્ઞાન અને સંતોષ શીખવે છે અને એ જ્ઞાન અને સંતોષના બલથી જરથુશ્તી દીનના અનેક ચેલાઓ જીવતાં જીવત અમેરેતા-તની હાલતે પોંહચી ગયા છે અને પોતાના તપોબલથી (force of devotion) હોરમજદની નજરમાં સારી રીતે ઓલખાઇ ચુકા છે.

યેધે હાતામ આત યસ્ને પઇતિ વંધો,
મઝદાઉ અહુરો વએથા અશાત હચા૦

" જીવતાં આદમીઓ મધેથી જે કોઇ તપોબલમાં વધારે ભલો (આગલ વધેલો) છે તેની પવીત્રઇને લીધે હોરમજદ તેને પીછાને છે. "

એ પ્રમાણે અમેરેતાત વીશેની નસીહતો આએ કેતાબમાં હમોએ કીધી છે, અને લખાણ વધી જવાના સબબથી તથા વાંચનારના મનને વધારે તકલીફથી ફારેગ રાખવાને માટે ઉપલી બાબદ આ ઠેકાણે સમાપ્ત કરવાને હમો દરૂસ્ત ધારીએચ. અને ભલી મજદયસ્ની દીનને લગતી કેલવણી લેવામાં ઉમરનો કાંઇએક ભાગ ખર્ચ કરી જે અનુભવ મેલવ્યો છે તે ખાસો આમને માટે જાહેર કીધો છે. પણ અગર જો કોઇ વાંચના-રને તે માહેલી વાત દરૂસ્ત ન લાગે તો તે સાચી મનાવવાનું કંઇએ બંધન નથી. પણ હમારા હૈયામાં સૌથી મોટો સંતોષ એજ છે જે જીંદગીની હૈયાતીમાં અનેક પ્રકારની જે ફરજો

બજાવવાની છે તેઓમાંથી ભલી મજદયસ્ની દીન તરફ પણ જે સેહેજ પ્રકારની ખીદમત કરી છે તેના બદલામાં તે ભલી દીને પોતાનાં અખંડ જવાહેરમાંથી અમેરેતાત નામના ફકટ એકજ જે અમુલ્ય રત્નની બક્ષેશ કીધી છે તે બક્ષેશનુ માંપ જમીનની પોહલઇ કરતાં વધારે, નદીની લંબઇ કરતાં વધારે, અને ખોરશેદની ઉંચાઈ કરતાં પણ વધારે છે. અને જો એ વાત માન્યામાં ન આવે તો એમાં સંશય જેવું કંઈજ નથી, કારણ કે એ વીશેનું સ્વરૂપ પોતાના સ્ફુટ બોધરૂપ ચક્ષુથી જો જાતી અનુભવ થાએ તોજ સમજાએ છે પણ બીજા કોઇની ફીલસુફીથી સમજાતું નથી.

સમાપ્ત.